Saturday 14, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧







## વાપીમાં શ્રીજી સ્થાપનના સાતમા દિને વાજતે-ગાજતે વિસર્જન યાત્રા નિકળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૩ :** વાપીમાં આજે ગણેશ ચતુર્થીએ સાતમા દિવસના સ્થાપિત કરેલા શ્રીજીની પ્રતિમાની જાહેર માર્ગ ઉપર વિસર્જન યાત્રા નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં ગણેશ ભક્તો જોડાયા હતાં અને ડીજે તેમજ નાસિક ઢોલ અને ગુલાલ ઉડાડી ફટાકડા ફોડી શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી.

વાપી શહેર અને તેની આજુબાજુના ગામડાઓમાં લગભગ આજે સાતમા દિવસની સ્થાપિત એવી શ્રીજીની ૧૫૦થી વધુ પ્રતિમાઓનું ભારે હર્ષ ઉલ્લાસ સાથે તેમજ ડીજે અને નાસિક ઢોલ તેમજ બેન્ડવાજા સાથે વિસર્જન યાત્રા વાપીના મુખ્ય માર્ગ ઉપર નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ગણેશભક્તો જોડાયા હતાં. આ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ વિભાગ દ્વારા સાવચેતીના પગલાં રૂપે ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. જો કે મોડી સાંજે વાપી ટાઉન વિસ્તારની શ્રીજીની પ્રતિમાઓ દમણગંગા નદીના ઓવારે તેમજ દમણના દરિયા કિનારે વિસર્જન કરવા માટે પૂરતી હતી. જ્યાં શાંતિપૂર્ણ માહોલમાં શ્રીજીનું પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

### પૂર્વ કૃષિ મંત્રી અંભેટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે

## ખેડૂતો જળસંરક્ષણ માટે જલગાંવનાં ખેડૂતો પાસે અનુભવ મેળવે : ચુડાસમા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૩ :** ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઈસીએઆર), નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી, વલસાડ જીલ્લામાં ખેડુત સમુદાયના ઉત્થાન માટે કૃષિને લગતી નવિનતમ્ તાંત્રિકતાઓના પ્રચાર પ્રસાર માટે સતત કાર્યશીલ છે. ગુજરાત સરકારના માજી કૃષિ અને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટીની મુલાકાત લીધી હતી. કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. આર.એફ. ઠાકોરે પુર્વ મંત્રીનું સ્વાગત કરી કેવિકે દ્વારા ખેડુતો માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ તથા નિદર્શન એકમોની માહિતથી વાકેફ કર્યા હતાં. આ પ્રસંગે આયોજીત ખેડુત શિબિરમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડુત ભાઈ બહેનોને પુર્વ મંત્રીએ તેમના અનુભવોને વણીલઈને ઉપયોગી માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે ઈઝરાયલનો દાખલો આપી પાણીની બચત, પાકગુણવત્તા અને ઉત્પાદનમાં વધારની સાથે ખેતી ખર્ચમાં ઘટાડા માટે સલાહ આપી હતી. ખેડુતોને પાણી સંરક્ષણ અને માઈક્રોઈરીગેશનની પ્રત્યક્ષ જાણકારી મેળવવા જલગાંવની મુલાકાત લેવાનુ સૂચન કર્યુ હતું. તેમણે ઉપસ્થિત ખેડુતોને બજારમાં પોષણક્ષમ ભાવ લેવા ખેડુતોને મુલ્યવર્ધન કરવા તથા સંગઠિત થવા અનુરોધ કર્યો. તેમણે પ્રગતિશીલ ખેડુતોને પ્રમાણપત્રો એનાયત કરી ખેડુતો સાથે ચર્ચા કરી ખેતીમાં નવિન પ્રયોગો કરવા પ્રોત્સાહીત કર્યા. કાર્યકર્મના અંતમાં તેમણે કેવિકેની વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓની પ્રસંશા કરી.



## વલસાડ જિલ્લામાં તંત્રએ રસ્તાના પેચવર્ક શરૂ કર્યા

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લામાં ચાલુ ચોમાસાની ઋતુમાં આજદિન સુધી કુલ અંદાજીત ૧૦૦ ઈંચ જેટલો વરસાદ પડયો છે. નિરંતર અને સાર્વત્રિક વરસાદના કારણે તેમજ અમુક દિવસોમાં ધોધમાર વરસાદના કારણે માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના રસ્તાઓ તેમજ ડુબાઉ નાળા/કોઝવેને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું હતું. જેને ચોમાસાની ઋતુ દરમ્યાન મેટલ/જીએસબી/વેટમિક્ષ મટીરીયલ તેમજ વિવિધ મશીનરીઓના માધ્યમથી યુદ્ધના ધોરણે રીપેર કરી રસ્તાઓ પરથી ટ્રાફિક અવરજવર થઈ શકે તેવા બનાવવામાં આવ્યા હતાં.

હાલ વર્ષા ઋતુના વિરામ બાદ ઉઘાડ પડતા પંચાયત (મા.મ) વિભાગ દ્વારા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને તાકીદે ડામર પ્લાન્ટ શરૂ કરી રસ્તાઓ ઉપર ડામર પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે કામગીરી સત્વરે પૂર્ણ કરી વાહન ચાલકોને ખરાબ રસ્તા પરથી પસાર થવામાંથી મુક્તિ મળશે.

### રાહુલના અનામત વિરોધી નિવેદન સામે

## અનંત પટેલને કોંગ્રેસમાંથી રાજીનામું ધરી દેવા ધવલ પટેલનો પડકાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૩ :** આજે વલસાડ અને નવસારી જિલ્લામાં ધરમપુર, વલસાડ, ચીખલી, બીલીમોરા વગેરે સ્થળોએ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વિવિધ ગણેશ મંડળોની મુલાકાત લીધી હતી અને શ્રીજીના દર્શન કર્યા હતાં. જો કે આ દરમ્યાન તેમણે દેવસરમાં જણાવ્યું હતું કે, યુવાનોએ ડ્રગ્સના વ્યસનથી દૂર રહેવું જોઈએ અને માર્મીક રીતે જણાવ્યું હતું કે જે કોઈ કાયદામાં રહેશે એ ફાયદામાં રહેશે. તેમણે તહેવારો લાખો લોકોને રોજગારી માટે નિમિત્ત બને છે એમ જણાવી રાષ્ટ્રીય ચેતના જગાડતા આયોજનોની સરાહના કરી હતી. જ્યારે રાજ્યના ગૃહમંત્રીની સાથે રહેલા વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે વલસાડમાં એક ગણેશ મંડળમાં વક્તવ્ય આપતા રાજકારણનો રંગ આપ્યો હતો તેમણે વાંસદાના ધારાસભ્ય અને લોકસભાના કોંગ્રેસના પરાજીત ઉમેદવાર અનંત પટેલ તથા દેડિયાપાડાના ચૈતર વસાવાએ આદિવાસીઓને ગેરમાર્ગે દોરવાનું રાજકારણ કરી રહ્યા હોવાના આક્ષેપ કર્યા હતાં અને કોંગ્રેસના અગ્રણી તથા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકામાં તેમની તાજેતરની મુલાકાતમાં આરક્ષણ બાબતે જે ટિપ્પણી કરી એ આદિવાસી હિતોની વિપરીત હોવાનું જણાવી આદિવાસીઓના મસીહા બનતા અનંત પટેલ અને ચૈતર વસાવા આ મુદ્દે કેમ ચુપ છે એવો ધારદાર સવાલ ઉઠાવ્યો હતો અને સાથે જ અનંત પટેલને કોંગ્રેસના તેમના નેતાના આદિવાસી વિરોધી વલણના વિરોધમાં કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેવાનો પડકાર ફેંક્યો હતો.

બીલીમોરામાં રાજ્યના ગૃહમંત્રીના કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો એ નિવેદન અને વલસાડમાં સાંસદ ધવલ પટેલના અનંત પટેલને પડકાર બાબતે ચર્ચા જાગી હતી.

## ડાંગમાં કોંગ્રેસે આદિવાસીઓના પ્રશ્ને આવેદન સોંપ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૧૩ :** ૧૩મી સપ્ટેમ્બર વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિત્તે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આદિવાસી સમાજના કેટલાક મુખ્ય પ્રશ્નોને લઈને રાજ્યપાલને સંબોધીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતું.

જેમાં બિન આદીવાસીઓ દ્વારા યેન કેન પ્રકારે આદિવાસી હોવાના ખોટા પ્રમાણપત્રો મેળવી નોકરીઓ મેળવવી, આદીવાસીઓનાં જાતિના પ્રમાણપત્રો સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવા, સ્થાનિક સ્તરે રોજગારી, ખેડૂતોને ખેતી કરવા માટે જંગલની જમીનની પેન્ડિંગ અરજીઓનો ત્વરિત નિર્ણય લઈ નિકાલ, જિલ્લાની દરેક કચેરીઓમાં પૂર્ણકાલિન પૂરતો સ્ટાફ પૂરો પાડવા, સિવિલ હોસ્પિટલના ખાનગીકરણનો પ્રયત્ન, બ્લડ બેંક, આહવા, વઘઈ માં કોલેજ માટે અને હાઈસ્કુલ માટેની હોસ્ટેલમાં સંખ્યા વધારો વગેરે પ્રશ્નોને લઈને રજૂઆત કરવામાં આવી હતી.

## સાયલીની કંપની દ્વારા કુદરતી વહેણમાં પ્રદૂષિત પાણીનો નિકાલ !



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા.૧૩ :** સાયલી ભોયાપાડા ખાતે કુદરતી ઝરણામાં આલોક કંપની દ્વારા ગંદુ પાણી છોડતાં એનજીટીમાં ફરિયાદ કરવામાં આવી હતી.

મળતી માહિતી દ્વારા દાનહના સાયલીના ભોયાપાડા ખાતે રહેતા હરેશ સોમજી ધાપસાએ કલેકટર અને એનજીટીમાં આલોક કંપની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આલોક કંપની દ્વારા ગંદુ પાણી ખુલા કુદરતી ઝરણાંમાં છોડવામાં આવતા ખેતીને નુકસાન થઈ રહ્યું છે. વધુમાં ગાય, ભેંસ, બળદ, બકરી જેવા પાલતુ પ્રાણીઓના જીવને પણ જોખમ ઉભું થયું છે. આલોક કંપની દ્વારા ગંદુ પાણી છોડવામાં આવતા ખરાબ વાસ આવી રહી છે અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. આસપાસના રહીશોને ગંદુ પાણીને કારણે ખૂબ જ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે સાયલી ભોયાપાડા ખાતે રહેતા હરેશ સોમજી ધાપસાએ દાનહ કલેકટર અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં ફરિયાદ નોંધાવી હતી. હવે જોવું એ રહ્યું કે દાનહ કલેકટર અને એનજીટી દ્વારા આ મામલે શું પગલાં લેવામાં આવે.

## ધરમપુરમાં કોંગ્રેસની આદિવાસી અધિકાર યાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૩ :** ધરમપુર શહેરમાં યુથ કોગ્રેસ દ્વારા વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. નગરનાં માલનપાડા આંબેડકર ચોક પાસેથી યુથ કોગ્રેસની બાઈક રેલી વલસાડ માજી સાસંદ કિશન પટેલ, જીલ્લા કોગ્રેસ પ્રમુખ દિનેશ પટેલ, માજી ધારાસભ્ય ઈશ્વર પટેલની આગેવાનીમાં તથા વલસાડ જિલ્લા વિરોધ પક્ષના નેતા રમેશભાઈ પાડવી યુથ કોગ્રેસનાં રાહુલ પટેલ, પુર્વ કોપરેટર સુરેશભાઈ ગાયકવાડ, ભરત પટેલ, શહેર કોગ્રેસ પ્રમુખ મુકેશભાઈ આહીરની ઉપસ્થિતિમાં બાઈક રેલી નગરનાં હાથીખાના સમડીચોક મોટા બજાર થઈને મિનારા મસ્જિદ વાલોડ ફળીયા થઈને આસુરા વાવ બિરસા મુંડા સર્કલ પાસે પહોંચી હતી. જયાં બિરસા મુંડાની પ્રતિભાને પુષ્પ હાર કર્યા બાદ માજી સાસંદ કિશન પટેલ જણાવ્યું હતું કે વિશ્વ આદિવાસી અધિકાર દિવસ એટલે આપણને આજનાં દિવસે હક્કો



પ્રાપ્ત થયા હતાં અને આદિવાસી સમાજનાં હક્કોની જાળવણી કરવી પડશે. માજી ધારાસભ્ય ઈશ્વર પટેલ જણાવ્યું હતું કે આજે આદિવાસી સમાજનાં હક્કો છીનવાઈ રહયાં છે. આદિવાસી સમાજને એક થઈ આરક્ષણ સહિત હક્કો માટે જાગૃત થવું પડશે જીલ્લા કોગ્રેસ પ્રમુખ દિનેશ પટેલ જણાવ્યું હતું કે આદિવાસી સમાજનાં લોકોને વિશ્વ આદિવાસી અધિકાર દિવસના રોજ હક્કો મળ્યા હતાં. જેથી સમાજે વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી કરી રહયાં છે. સમાજ પણ આદિવાસીનાં અધિકાર માટે આગળ આવે એ ખૂબ જ જરુરી બન્યુ છે. કુજાલી પટેલએ પણ વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણીનાં ભાગરૂપે આદિવાસી સમાજને અભિનંદન પાઠવ્યા હતાં. આ પ્રસંગે કુજાલી પટેલ, રાજેશ પટેલ, દિલીપ પટેલ, પાલિકા માજી સભ્ય સુરેશભાઈ ગાયકવાડ, જયલેશ માહલા, પ્રમોદ પટેલ, ભરત પટેલ સહિત કોંગી કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતાં.

## પારડીમાં કોંગ્રેસે ભાજપના સદસ્યતા અભિયાન અંગે આવેદન આપ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૩ :** ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓમાં જઈ ચાલુ શૈક્ષણિક કાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓને સદસ્ય બનાવવા માટેના કાર્ય સામે વિરોધ નોંધાવી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ વતી વલસાડ જીલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ આવેદનપત્ર આપવા માટે પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ બિપિનભાઈ મોહનભાઈ પટેલ,



પારડી શહેર કોંગ્રેસ મહામંત્રી અને વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા કપિલકુમાર કાંતિભાઈ હળપતિ તેમજ વલસાડ જિલ્લા કોંગ્રેસ યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ રવિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

VIMAL POWERS
V-GUARD



ઘર હોય કે ઓફિસ
સ્ટાઈલિશ અને ડીઝાઈનર પંખા તો
V- GUARD ના જ
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

ફ્લેટ વેચવાનો છે
આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે
મો.નં. - 98252 68389

રો-હાઉસ વેચવાનો છે
ઉદવાડા-કોલક રોડ, પાવર હાઉસની બાજુમાં
સંપર્કઃ અમિતભાઇ તન્ના
મો.નં. - 9978850067

# અન્ય સમાચારો

Saturday 14, September 2024
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## વલસાડ ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા ગણેશ ઉત્સવ શિવ કથા અને રાત્રે શંકર ભગવાનનો શોનું આકર્ષણ





(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશ ઉત્સવની સાથે શ્રી શિવ કથામાં વલસાડના જાણીતા કથાકાર મિતેશભાઈ જોશી કથાનું રસપાન કરાવી રહ્યા છે તો રાત્રે કૈલાશ પર્વત પર ભગવાન શંકરના પરિવાર સાથે ધુળેટી અને માતા સપ્તશૃંગી માતાએ આકર્ષણ જમાવતા જોવા માટે ગણેશ ભક્તો વલસાડના શાકભાજી માર્કેટમાં જઈ આનંદ માણી રહ્યા છે. જોકે રાત્રે ભગવાન ગણેશની આરતીની સાથે રાષ્ટ્રીય ગીત પણ ગવાતું હોય છે.

વલસાડ શાકભાજી માર્કેટમાં વર્ષોથી ચાલતી વલસાડ ન્યુઝ શાકભાજી મિત્ર મંડળ દ્વારા વર્ષોથી ગણેશ મહોત્સવ, ગણપતિ જન્મ જયંતી, કથાઓ, હોરર શો, તથા અન્ય તહેવારોની ઉજવણી શાકભાજી માર્કેટના નાના મોટા વેપારીઓ સાથે મળી ઉજવણી કરતા હોય છે. જોકે એક વર્ષ અગાઉ વલસાડ શાકભાજી માર્કેટને નગરપાલિકા દ્વારા તોડી નાખવા અગાઉ આ માર્કેટ ના વેપારી અને માજી નગરપાલિકા પ્રમુખ રાજુ મરચા એ વેપારી મિત્રો સાથે મળી ભગવાન સત્યનારાયણની કથા અને મહા-સાદ આયોજન કરવામાં આવ્યું હતું. જોકે આ વર્ષે વલસાડ ન્યુ શાકભાજી મિત્ર મંડળ આયોજિત ગણપતિ બાપાની મૂર્તિની સાથે આ વર્ષે ભગવાન શંકરની મોટી મૂર્તિ સ્થાપન કરવામાં આવી છે. જોકે ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા ગણપતિ મંડપમાં શિવ કથાનો રસપાન જાણીતા કથાકાર મિતેશભાઈ જોશી કરાવી રહ્યા છે તો રાત્રે ૯:૦૦ કલાકે શરૂ કરવામાં આવતો કૈલાશ પર્વત પર ભગવાન શંકરના પરિવાર સાથે ધુળેટી સાથે સપ્તશૃંગી માતાએ ભક્તોમાં આકર્ષણ જમાવ્યું છે. નાના બાળકો અને યુવાનો દ્વારા વિવિધ પાત્રો ભજવવામાં આવે છે. છેલ્લા સાત દિવસથી ચાલી રહેલા શોમાં ધીરે ધીરે ભક્તો નો શો જોવા માટે વધારો થઈ રહ્યો છે. જોકે રાત્રે ભગવાન ગણેશની આરતી ની સાથે રાષ્ટ્રીય ગીત પણ ગવાતું હોય છે. ભગવાન શંકરના શોને સફળ બનાવવા માટે રાજુભાઈ મરચા, મનુભાઈ ગુરુકૃપા, આશિષભાઈ, સુરેશભાઈ, ધર્મેશભાઈ, સહિત તેમની ટીમો ભારે જમાત ઉઠાવી રહ્યા છે.

## શ્રી ગજાનંદ દૂંદાળાદેવની પ્રસ્થાપિત કરાયેલી સાત દિવસની મૂર્તિઓનું વાજતે-ગાજતે વિસર્જન કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા,તા.૧૩:** બીલીમોરા વિઠ્ઠલનગર સોસાયટીમાં ભાદરવા સુદ ગણેશ ચતુર્થીના દિવસે વિઘ્નહર્તા દેવનું રંગેચંગે સ્થાપન કરવામાં આવ્યું હતું. સમ્રાટ ઓફ વિઠ્ઠલનગર સોસાયટી, પોલીસ લાઈન સહિત બીલીમોરા વિસ્તારના શેરી, મહોલ્લા, સોસાયટી અને ઘરોમાં સ્થાપિત કરાયેલી ગણપતિ બાપાની સાત દિવસની પ્રતિમાનું શુક્રવારે બીલીમોરા અંબિકા નદી કિનારે બંદર જેટી પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે વિસર્જન કરવામાં આવ્યું હતું.

ગણેશભક્તો દ્વારા અબીલ ગુલાલ, ડીજે અને ઢોલ નગારા સાથે બાપાની મૂર્તિનું વિસર્જન કરાયું હતું. સાત દિવસના ગણેશજીએ ભાવભરી વિદાય લીધી હતી. નગારા, ઢોલ, ડી જે ના નાદ સાથે અગલે બરસ તું જલદી આના ગીતોથી શહેરના રાજમાર્ગો ગૂંજ્યા હતા.

બીલીમોરા ફાયર વિભાગ ટિમ અને સ્થાનિક તરવૈયાઓ ખડે પગે જોવા મળ્યા હતા.





## વલસાડમાં લોકનૃત્ય/લોકવાદ્ય સંબંધિત વિવિધ તાલીમ શિબિરોનું આયોજન કરાશે

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૩ :** ગુજરાત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ- ગાંધીનગર દ્વારા આયોજિત તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી- વલસાડ દ્વારા વર્ષ૨૦૨૪-૨૫માં આદિવાસી વિસ્તારમાં લોકનૃત્ય/ લોકવાદ્ય સંબંધિત વિવિધ તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવશે. આ અંગે વિવિધ મુદ્દા ધ્યાને લેવાના રહેશે.

૧. શિબિર -૦૭ દિવસની રહેશે, ૨.ફકત અનુસુચિત જનજાતિના કલાકારોને જ પ્રવેશ આપવામાં આવશે, ૩.શિબિરાર્થીઓની સંખ્યા મહત્તમ ૩૦ની મર્યાદામાં રાખવામાં આવશે, ૪.શિબિરમાં ૧૪ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ ભાગ લઈ શકશે, ૫.જિલ્લામાં એક લોકવાદ્ય અને એક લોકનૃત્યની એમ કુલ બે શિબિરનું આયોજન કરવામાં આવશે. જે માટે કોઈપણ વ્યક્તિ/ સંસ્થા/ મંડળોએ પોતાની અરજી નિયત નમુનાનું ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી - વલસાડ, ૧૦૬, જૂની બી. એસ. એન.એલ.કચેરી, પહેલા માળે, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, વલસાડ ખાતેથી મેળવી તા.૨૩-૦૯-૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવાનું રહેશે.

સંબંધિતોની અરજીઓ મેળવી સ્થાનિક પસંદગી સમિતિ દ્વારા પસંદગીની કાર્યવાહી કરવામાં આવશે. અન્ય માહિતી માટે કચેરી ૦૨૬૩૨-૨૪૮૦૮૩ પર સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.



પાદર દેવી મા યુવક મંડળ, કકવાડા, વલસાડ.

દમણગંગા ટાઈમ્સ
CORPORATE NEWS

## આઈવેલ્યુ ઈન્ફોસોલ્યુશન્સ લિ. આઈપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી રજૂ કર્યુ

**સુરત, ૧૨ :** ભારતમાં સૌથી ઝડપભેર વૃદ્ધિ પામી રહેલી ટેકનોલોજી સર્વિસિસ અને સોલ્યુશન્સ ઈન્ટીગ્રેટર (ફ્રોસ્ટ એન્ડ સુલિવન રિપોર્ટ પ્રમાણે) પૈકીની એક આઈવેલ્યુ ઈન્ફોસોલ્યુશન્સ લિમિટેડ (iValue Informations) એ તેના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) માટે સેબી સમક્ષ DRHP રજૂ કર્યું છે. ઈક્વિટી શેરોનું બીએસઈ અને એનએસઈ ખાતે લિસ્ટીંગ કરાવવાની દરખાસ્ત છે. કંપનીનો આઈપીઓ શેરધારકો દ્વારા વેચવામાં આવી રહેલા દરેક રૂપિયા ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ૧,૮૭,૩૯,૦૦૦ (૧.૮૭ કરોડ) ઈક્વિટી શેરોની સંપૂર્ણ ઓફર ફોર સેલ (ઓએફએસ) છે.

આઈવેલ્યુ ઈન્ફોસોલ્યુશન્સ એક એન્ટરપ્રાઈઝ ટેકનોલોજી સોલ્યુશન્સ સ્પેશ્યાલિસ્ટ છે, જે ડિજીટલ એપ્લિકેશન્સ અને ડેટાને સુરક્ષિત કરવા તથા સંચાલન કરવા માટે સર્વગ્રાહિ, ઉદ્દેશ-નિર્માણ ઉકેલોની ઓફર કરે છે. તે મુખ્યત્વે સિસ્ટમ ઈન્ટીગ્રેટર્સ અને ઓઈએમ સાથે કામ કરીને વિશાળ એન્ટરપ્રાઈસિસને તેમના ડિજીટલ ટ્રાન્સફોર્મેશનમાં સહાયતા પૂરી પાડે છે, જેથી તેમની જરૂરિયાતોને પૂરી કરનાર સોલ્યુશન્સની ઓળખ, ભલામણ તથા અમલીકરણ કરી શકાય,

આઈઆઈએફએલ સિક્યુરિટીઝ લિમિટેડ અને મોતિલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ આ ઈશ્યુના બૂક-રનિંગ લીડ મેનેજર્સ (બીઆરએલએમ) છે.

## દમણ રેડિયો 102.3 FM

**શનિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ આજ કે ફનકાર, ૧૦.૦૦ ગીત ગાતા ચલ, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત.

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત અને ૧૨.૩૦ મહિલા જગત (અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - પીટારા, ૨.૦૦ - જયુબીલી ઝંકાર, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - ફિર તુમ્હારી યાદ આઇ.

**સાંજે :** (દમણથી) ૫.૦૦ ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - કામદાર જગત, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી, ૬.૩૦ - ભકિત સંગીતનો કાર્યક્રમ, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા ૮-૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (ગાયન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

## દમણ રેડિયો 102.3 FM

**રવિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ -અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ હાસ્ય-રંગ-ગરબા (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - સહજ બને જીવન કેડી, ૮.૪૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ ગીત ગાતા ચલ (ફિલ્મ સંગીત), ૧૦.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ હિન્દી ફિલ્મ સંગીત,

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત, ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત, ૨.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - સેલ્યુલોઇડ કે સિતારે. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - નાટય/રૂપક, ૬.૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી (હિન્દી ગઝલ), ૬.૩૦ ગુજરાતી ચિત્ર-પટ સંગીત, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ સુગમ સંગીત (દમણ કેન્દ્ર પરથી), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા, ૮.૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (વાદન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન.




## આજનું પંચાગ

**તા.** ૧૪-૦૯-૨૦૨૪, **વાર:** શનિવાર, **તિથિ:** એકાદશી **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૦૪ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૭ **ચંદ્રરાશિ:** મકર

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે- શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.

# ગણેશોત્સવને ફરીથી દેશભક્તિનું માધ્યમ બનાવી શકીશું?

પ્રાસંગિક
- પારસ ગુપ્તે
(સંકલનકર્તા)

પ્રુષ્ય ના ગણેશ સમક્ષ અસ્પૃશ્યોનો મેળો અને અસ્પૃશ્યોના ગણેશ સમક્ષ પ્રુષ્ય નો મેળો શરૂ થયો. સરઘસમાં બધા જ મેળાઓ સમાન અધિકાર સાથે ભાગ લેતા. કેટલીક જગ્યાએ ગણેશ અસ્પૃશ્યોના નેતા હતા. (સંદર્ભ-ગણેશોત્સવના ૬૦ વર્ષ. પૃષ્ઠ ૩૦) ઓછામાં ઓછા ગણેશોત્સવ દરમિયાન, અસ્પૃશ્યોએ તમામ જાહેર બાબતોમાં ખુલ્લેઆમ ભાગ લેવાનું શરૂ કર્યું. ઘણી જગ્યાએ, મુસ્લિમ વક્તાઓ ગણપતિની ઉજવણીમાં ભાગ લેવા આગળ આવ્યા. આ વિશે આપણે તિલક અને સામાજિક સુધારણા પ્રકરણમાં વધુ જાણીશું.

નોકરશાહીની ટીકા કરવા તરફ આગળ વધતા. તિલકને નોકરશાહી માટે વૈકલ્પિક શબ્દ મળ્યો અને ઔદ્યોગિક, સામાજિક અને રાજકીય સુધારાઓ એકસાથે લાવ્યા અને સ્વરાજ્ય એટલે કે વર્તમાન દિશા તરફ આગળ વધ્યા. ૧૮૯૩માં ઔદ્યોગિક હીનતા, સામાજિક અવ્યવસ્થા અને રાજકીય અધિકારો માટે આપણા લોકોની ભારે ઉદાસીનતાની સરખામણીમાં, ૧૮૨૦ સુધીના ૨૮ વર્ષમાં મહાન ક્રાંતિકારી પ્રગતિ જોવા મળે છે. શરૂઆતના દિવસોમાં, ૧૮૯૦ ના દાયકાના અંતમાં, જ્યાં સ્વદેશી વસ્તુભંડાર શોધવા માટે કરવો પડતો હતો. ૧૯૨૦ સુધીમાં સ્વદેશી વસ્તુભંડાર ગામડે ગામડે મળવા લાગ્યા. હિંદુ- મુસ્લિમ રમખાણોનું નામ પણ સંભળાતું નહોતું. લોકમાન્યની પહેલને લીધે, તહેવાર ઝડપથી સર્વત્ર ફેલાઈ ગયો અને લોકમાન્યના જીવનકાળ દરમિયાન, આ તહેવાર સ્વતંત્રતા ચળવળનું પ્રબળ સાધન બની ગયું. કદાચ, જો તિલકે આ તરફ ધ્યાન ન આપ્યું હોત, જો તે સ્વરાજ્ય તરફ ન દોર્યું હોત તો આ તહેવાર અન્ય હિંદુ તહેવારોની જેમ માત્ર પૂજા ઉત્સવ બની ગયો હોત.

અંગ્રેજોએ આ તહેવાર પર ધ્યાન આપ્યું ન હતું. વરિષ્ઠ અંગ્રેજ અધિકારીઓ જે અર્થમાં તિલકના ગણેશોત્સવ વિશે લખે છે. તિલક ચોક્કસપણે આ તહેવારને પૂજા. ઉપવાસ અને ઉપવાસથી આગળ લઈ ગયા અને આ તેમની સફળતા હતી. કેસરીમાંથી પસંદ કરેલી એન્ટ્રીઓ આનો મુખ્ય આધાર છે. તિલક જ્યારે શરૂઆતના દિવસોમાં આ તહેવાર વિશે લખે છે. ત્યારે તત્કાલીન કેસરીના પ્રસ્તાવના પર એક નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે તિલક કેટલા વ્યૂહાત્મક હતા. તિલકે ૧૮૯૪માં એટલે કે શરૂઆતના વર્ષોમાં કેસરીમાં ગણેશોત્સવ વિશે લખ્યું હતું પ્રસ્તાવનાનું શીર્ષક હતું ગણપતિ ઉત્સવ. તિલક જાહેરમાં નૂતન ઉત્સવને વખાણતા, નવા તહેવારની પ્રશંસા કરે છે. પછીના વર્ષે, એટલે કે, ૧૮૯૫માં, ગણેશોત્સવ પરના પ્રસ્તાવનાનું શીર્ષક ચંદાયા ગણપત્યુત્સવ છે, જેમાં તિલક ગણેશજીના દસ દિવસ દરમિયાન શું બન્યું તેની મિનિટ વિગતોનો સંપર્ક કરવાનું ભૂલતા નથી. આ પ્રસ્તાવના પરથી જોઈ શકાય છે કે જે નવો ઉત્સવ શરૂ થયો છે તે કોઈ એક જ્ઞાતિ પુરતો સીમિત નથી પરંતુ સમગ્ર સમાજ માટે ભેદભાવ ભૂલીને એક થવું. ક્ષુલ્લક મતભેદો ભૂલીને એક થવા માટે અનુકૂળ થવું કેવું ફાયદાકારક છે અને એકવાર આ મતભેદોને બાજુએ મુકી દેવામાં આવે તો, તિલક કહે છે કે બધાએ સાથે આવવું જોઈએ અને આપણી સમક્ષ સૌથી મોટી કટોકટીનો સામનો કરવા માટે પોતાને સાબિત કરવું જોઈએ. તત્કાલીન સામાજિક સ્થિતિમાં સૌથી મોટું સંકટ પરતંત્ર હતું.



ગણેશોત્સવ પુણેમાં શરૂ થયો હોવા છતાં, આ પરતંત્ર માત્ર પુણે અથવા મહારાષ્ટ્ર પૂરતું મર્યાદિત ન હતું, પરંતુ તે સમગ્ર દેશને આવરી લે છે. તો દેશની મોટી કટોકટીનો સામનો કરવા માટે ભગવાન ગણેશનો દસ દિવસનો ઉત્સવ બીજું કયું અસરકારક સાધન હશે? એટલા માટે માત્ર બે વર્ષમાં એટલે કે ૧૮૯૬માં ગણેશોત્સવ પર તિલકના આમુખનું શીર્ષક હતું ગજાનનોનો રાષ્ટ્રીય ઉત્સવ! આમાં રાષ્ટ્રીય શબ્દ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

તિલક જાહેર ગણેશોત્સવને રાષ્ટ્રીય સ્તરે લઈ ગયા. તેને રાષ્ટ્રીય ચળવળનો પાયો આપ્યો, તેથી તે વધ્યો, વધુ લોકપ્રિય બન્યો. તેથી દેશની આઝાદીની ચળવળ ઝડપથી આગળ વધી. સાર્વજનિક ગણેશોત્સવને રાષ્ટ્રીય સ્વરૂપ આપનાર તિલક જ હતા !

તિલકનો રાષ્ટ્રીય ગણેશોત્સવ કેવો હતો કે જે દેશના ખૂણે-ખૂણે પહોંચ્યો, જોઈએ.....!

ક્વેટાથી કોચીન અને કલકત્તાથી કરાચી સુધી તહેવારના પ્રસાર માટે એકલા તિલક જવાબદાર હતા! આજે આપણે કહીએ છીએ કે તિલકની આ ઉજવણી આખી દુનિયામાં ફેલાઈ ગઈ છે. પરંતુ, તે સમયથી શરૂ થયેલા તેના ફેલાવાના ઘણા ઉદાહરણો છે. અરેબિયાના છેડે આવેલા એડનથી પૂર્વ આફ્રિકાના નૈરોબી શહેર સુધી, આ જ સમયગાળા દરમિયાન આ તહેવાર પહોંચ્યો હતો. કરાચી. લાહોર, રાવલપિંડી અને કેકેટા પણ ભૂતકાળમાં ગણેશોત્સવ ઉજવતા હતા ટિળકે તેની સંગઠનીક કુશળતાનો ઉપયોગ તેના કાર્યક્ષેત્રને વિસ્તારવા અને ગણેશોત્સવને રાષ્ટ્રીય બનાવવા માટે કર્યો. જો કે, આજે અમે તે તહેવારને ફરીથી એ જ જૂની રીત પર લાવ્યા છીએ, એટલે કે માત્ર જાહેર સ્તરે. શું આપણે તેને ફરીથી રાષ્ટ્રીય વિચારોનું. દેશભક્તિનું સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરીશું?

**ખરા અર્થમાં લોકમાન્ય બાલ ગંગાધર તિલકે જ સાર્વજનિક ગણેશઉત્સવની શરૂઆત કરી એમ કહી શકાય. તિલક આ ઉત્સવને અખિલ ભારતીય સ્વરૂપ આપ્યું અને રાષ્ટ્રીય ચેતના અને સ્વતંત્રતા સંગ્રામ તથા સમાજ જાગરણના ઉત્સવ તરીકે પ્રસ્થાપિત કર્યો**

કહેવાની જરૂર નથી કે તહેવાર નિમિત્તે જ્યારે સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરો કહેવામાં આવ્યું ત્યારે વિદેશી વસ્તુઓનો આપોઆપ બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને લોકોને ધાર્મિક આસ્થાની યાદમાં ભગવાન ગણેશ સમક્ષ સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરવાના શપથ પણ લેવામાં આવ્યા હતા. આ ઉત્સવ સ્વરાજ્યની ચળવળ માટે ગામડાઓ અને ઘર-ઘરમાં જઈને મહત્વનો હતો. એટલા માટે તિલકે અત્યંત ધીરજ અને નીતિથી આ તહેવારને રાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું. હિન્દુઓમાં વિવિધ જાતિઓ સાથે મળીને આ તહેવાર ઉજવતા હતા. પરંતુ તે જ સમયે. પરબતે દ્વારા લખાયેલ જીવનચરિત્રમાં એક મહત્વપૂર્ણ ઉલ્લેખ છે. તે લખે છે,

"People of even other COROLL00-1ko Pazones and Jowo and Muslims have also seen their way to Loup its coloration as years rolled ont Even in the year 1896, that is to say only two or three years after it was started t. had become a national Leolival"

ગણેશોત્સવની શરૂઆતમાં મુસ્લિમ રમખાણોની કેટલીક પૃષ્ઠભૂમિ હોવા છતાં, જ્યારે તે રાષ્ટ્રીય સ્તરે ઉજવવાનું શરૂ થયું. ત્યારે આ ભેદ અદ્રશ્ય થઈ ગયો અને અન્ય ધર્મના લોકો પણ તેમાં ભાગ લેવા લાગ્યા. જે ઐતિહાસિક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે. હિંદુ ગણેશોત્સવમાં મુસ્લિમ સ્પીકર્સને વારંવાર આમંત્રણ આપવામાં આવતું હતું તે હકીકત હા કે ના, એક અનોખી એકતા દર્શાવે છે.ખરા અર્થમાં લોકમાન્ય બાલ ગંગાધર તિલકે જ સાર્વજનિક ગણેશઉત્સવની શરૂઆત કરી એમ કહી શકાય. તિલક આ ઉત્સવને અખિલ ભારતીય સ્વરૂપ આપ્યું અને રાષ્ટ્રીય ચેતના અને સ્વતંત્રતા સંગ્રામ તથા સમાજ જાગરણના ઉત્સવ તરીકે પ્રસ્થાપિત કર્યો. (સમાપ્ત)

સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

Saturday 14, September 2024

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# ચીખલીના સેવા સદનને અધિકારીઓએ મેવા સદન બનાવી દીધું?

**ભ્રષ્ટાચાર મુક્ત સરકાર હોવાનું ગુણગાનગાતી સરકારમાં તાલુકા ભરના સેવાસદન કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓએ સેવા સદનને મેવાસદન બનાવી દીધું**

**સરકારનો હેતુ તાલુકાની પ્રજાને એક છત નીચે જ સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે સેવાસદન કાર્યરત કર્યા પરંતુ અધિકારીઓએ સરકારનો હેતુફેર બદલી નાખ્યો**

જિલ્લા ભરના તાલુકાઓમાં સરકાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી સેવાસદનો કાર્યરત કરવામાં આવ્યા છે જેના થકી ગામડાની પ્રજાને ઘર આંગણે જરૂરી સવલતો મળી રહે અને સેવા સદનમાં મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, રજીસ્ટાર કચેરી, એટીવીટી સેન્ટર ,પુરવઠા કચેરી, જેવી તમામ કચેરીનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ પ્રજાના માટે આ સેવાસદન કચેરી નહીં પરંતુ અધિકારીઓ માટે મેવાસદન કચેરી બની રહી છે કોઈપણ કચેરીમાં પૈસા વગર કામો થતા નથી અને જો તમે કોઈ રાજકીય દબાણ કરાવો તો જે તે ટેબલ ઉપરથી કાગળો ગાયબ થઈ જતા હોય છે અધિકારીઓ રાજકીય આગેવાનોનું પણ સાંભળતા નથી જેનો બળાપો આમ પ્રજામાં સાંભળવા મળી રહ્યો છે.

નવસારી જિલ્લાના ચીખલી, ખેરગામ અને વાંસદા તાલુકાઓ આદિવાસી વસ્તી ધરાવતા તાલુકાઓ રહ્યા છે ત્યારે આ તાલુકાની ગરીબ પ્રજા સરકારી કામકાજ અર્થે સરકારી કચેરીઓમાં આવન જવન કરતી હોય છે અને એક કચેરીમાંથી બીજી કચેરીમાં ધક્કા ખાવા ન પડે તેમજ એક જ બિલ્ડીંગમાં તમામ કચેરીઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે સરકાર દ્વારા તાલુકા ભરમાં સેવાસદનો કાર્યરત કર્યા છે આ સેવાસદનમાં મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, રજીસ્ટાર કચેરી, એટીવીટી સેન્ટર, પુરવઠા કચેરી, જમીન મહેસુલ કચેરી વિગેરે તમામ કચેરીનો સમાવેશ કરવામાં આવ્યો છે જેના કારણે અલગ અલગ કચેરીઓમાં પ્રજાએ ધક્કો ખાવો ન પડે પરંતુ સરકારની કમ નસીબી એ રહી છે કે પ્રજાને સુવિધા મળી રહે એ માટે સેવાસદન બનાવ્યું પરંતુ બીજી તરફ અધિકારીઓએ સેવા



**ચીખલીનો પત્ર**
**જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી**

સદનનો હેતુ બદલી નાખી મેવાસદન બનાવી દીધું ગામડેથી આવતી ગરીબ પ્રજાનું નાનું સરખું કામ હોય તો પણ એક બે ધક્કા ખાવા વગર થતું નથી અને પૈસા ન આપો તો દસ દિવસે પણ કામ થતું નથી અધિકારીઓ દ્વારા કરવામાં આવતા ભ્રષ્ટાચાર અંગેની રજૂઆતો સ્થાનિક રાજકીય આગેવાનોને કરવામાં આવતી હોય છે પરંતુ ખાય બદેલા અધિકારીઓ રાજકીય નેતાઓની વાતો પણ સાંભળતા નથી અફસોસ સાથે રાજકીય નેતાઓ અને આગેવાનો જણાવતા હોય છે કે સરકાર અમારી પણ અધિકારીઓ અમારા કામ માટે પણ પૈસા આપવા વગર કામ કરતા નથી ગામડાની ગરીબ પ્રજા મજૂરીકામ છોડીને સરકારી કામકાજ અર્થે આવતી હોય અને તે પણ નાના કામ માટે ધક્કા ખાવા પડતા હોય છે ત્યારે નવસારી જિલ્લાની ચીખલી તાલુકામાં આવેલ સેવા સદન કચેરી પણ બાકાત રહેતી નથી આ કચેરીમાં મામલતદાર કચેરી હોય કે પ્રાંત કચેરી કે પછી રજીસ્ટર કચેરી હોય આ તમામનું એક જ સૂત્ર રહ્યું છે કે દામ ચુકવો અને કામ લઈ જાઓ નીતિ અપનાવતા તાલુકાની પ્રજા ત્રાહિમામ પોકારી ઊઠી છે ચૂંટણી સમયે મત માંગવા આવતા નેતાને રજૂઆત કરવા જાય તો તે પણ સાંભળતા નથી ત્યારે સરકાર એક તરફ ભ્રષ્ટાચાર મુક્ત સરકાર હોવાનું ગુણગાન ગાઈ રહી છે તો બીજી તરફ અધિકારીઓ લાખો રૂપિયાની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ રહ્યા છે ત્યારે નવસારી જિલ્લાના તાલુકા ભરમાં આવેલ સેવાસદનોમાં ફરજ બજાવતા અધિકારી અને કર્મચારીઓ સામે એસીબી ની રેડ કરવામાં આવે તે જરૂરી છે ચીખલી તાલુકામાં આવેલ કચેરીઓમાં પણ પૈસા વગર કામ થતા નથી જેની બૂમો આમ પ્રજામાં ઉઠી રહી છે જો કોઈ કલેકટરને કે એસીબીને ફરિયાદ કરે તેની ગોપનીયતા ન જળવાતા જે તે અધિકારીઓને જાણ કરી દેવામાં આવતી હોય છે જેના કારણે અધિકારીઓ સતેજ બની જતા હોય છે અને અરજદારોના કામો ટલ્લે ચઢાવી દેતા હોય છે જેના કારણે તાલુકા ભરના સેવાસદનો અધિકારીઓ અને કર્મચારીઓ માટે મેવાસદન બની રહ્યા છે.

# આજે વલસાડની રાષ્ટ્રીય હિન્દી સ્કૂલમાં 'હિન્દી દિવસ' ઉજવાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા ૧૩:** વલસાડના મોગરાવાડી માં આવેલી હિન્દી રાષ્ટ્રીય હિન્દી વિદ્યાલય માં ૧૪ મી સપ્ટેમ્બરે હિન્દી દિવસ તરીકે ઉજવણી કરવામાં આવનાર છે.

૧૪ મી સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસ દિને સ્વ. સમીર દોલતભાઈ દેસાઈ રાષ્ટ્રીય હિન્દી વિદ્યાલય તથા સ્વ. જ્યોતિબેન અર્જુનભાઈ દેસાઈ - વિદ્યાસંકુલ મોગરાવાડી શાળા માં ૧૪/ ૯/ ૨૦૨૪ ના શનિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે વલસાડ પ્રાંત અધિકારી (SDM) આસ્થાબેન સોલંકીના કર કમલો દ્વારા હિન્દી દિવસના ભાગ રૂપે ધ્વજ વંદન અને શાળા ના વિદ્યાર્થીયોને પ્રોત્સાહન અને સંબોધનનું કાર્યક્રમ રાખેલ છે. વલસાડ મોગરાવાડીના પ્રમુખ, રાષ્ટ્રીય હિન્દી શિક્ષણ મંડળ પ્રમુખ ગીરીશભાઈ દેસાઈ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભીલાડ સરકારી કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગે સેમિનાર યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા ૧૩:** સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ભીલાડ ખાતે તા. ૧૨/ ૯ /૨૦૨૪ ના રોજ ઉદીસા અંતર્ગત વિદ્યાર્થીઓ માટે કેરિયર અંગે તેમ જ સ્પર્ધાત્મક પરીક્ષાઓ શું છે તે અંગે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ સંકલન ડો. સુનિલ ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પ્રિન્સિપાલ ડો કે. એ. ભોંયે દ્વારા સંપૂર્ણ પણે સહકાર આપવામાં આવ્યો હતો. જીપીએસસીના વર્ગો ચલાવતા ડો. રાહુલ દિવાન અને જીનલ પટેલ સરે વક્તા તરીકે પોતાનું વક્તવ્ય આપ્યું તેઓએ જીપીએસસીની વિવિધ પરીક્ષાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું. જેમાં કોલેજના કુલ ૭ અધ્યાપકો તેમજ ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

# રાજ્યકક્ષાની એથ્લેટિક્સ રમતમાં સાર્વજનિક હાઈસ્કૂલ ડુંગરીનું ગૌરવ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** ૭ મી ગુજરાત માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ગુજરાત રાજ્ય ખેલકૂદ મંડળ દ્વારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ નડિયાદ ખાતે બે દિવસ યોજાઈ હતી જેમાં વિવિધ જિલ્લામાંથી ૪૫૦ થી વધુ રમતવીરોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ માસ્તર એથ્લેટિક્સ રમતમાં ૩૦ વર્ષથી લઈને ૯૫ વર્ષ સુધીના રમતવીરોએ જેવી કે દોડ, કૂદ અને ફેક જેવી જુદી જુદી રમતોમાં ભાગ લીધો હતો આ સ્પર્ધામાં વલસાડ જિલ્લામાં આવેલ સાર્વજનિક હાઈસ્કૂલ ડુંગરીના શિક્ષકશ્રી ભરતકુમાર આર. પટેલે ૪૫ પ્લસ વય જૂથમાં ભાગ લઈ ૮૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે તે બદલ ડુંગરી વિભાગ કેળવણી મંડળ સંચાલિત સાર્વજનિક હાઈસ્કૂલ ડુંગરીના પ્રમુખ ચંદુભાઈ પટેલ, મંત્રી મનુભાઈ પટેલ શાળાના આચાર્ય રિતેશકુમાર ડી. પટેલ તેમજ શાળા પરિવાર શિક્ષક ભરતકુમાર આર. પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે અને ભવિષ્યમાં પણ ખૂબ પ્રગતિના પંથે આગળ વધો એવી શુભેચ્છા પાઠવી હતી.

# વલસાડ જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ, બાળ પ્રતિભા, બાળ નૃત્ય નાટિકા અને વિજ્ઞાન મેળો યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૩ :** રાજ્ય યુવક બોર્ડ ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી-વલસાડ, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી-વલસાડ દ્વારા આયોજીત બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા બાળ નાટ્ય, નૃત્ય નાટિકા સ્પર્ધા જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, વલસાડ દ્વારા આયોજન કરવામાં આવશે. જેમાં તા.૧૮-૦૯-૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે લિટલ ફલાવર્સ સ્કુલ, મોતીવાડા-ઉદવાડા તા.પારડી જિ.વલસાડ ખાતે અ વિભાગ ૭ થી ૧૦ વર્ષ સુધી બ વિભાગ ૧૧ થી ૧૩ વર્ષ સુધીના કલાકારો માટે અ, બ વિભાગ માટે વકતૃત્વ, નિબંધ, ચિત્રકળા, સર્જનાત્મક કારીગીરી, લગ્નગીત, લોકવાદ્ય સંગીત, એક-પાત્રીય અભિનય એમ કુલ ૭ સ્પર્ધાઓ તથા ખુલ્લો વિભાગ ૭ થી ૧૩ માટે દોહા-છંદ-ચોપાઈ, લોકવાર્તા, લોકગીત, ભજન, સમૂહગીત, લોકનૃત્ય એમ કુલ ૬ કૃતિઓની જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ તથા ૭ થી ૧૩ વર્ષના જિલ્લા કક્ષા બાળ નાટ્ય, નૃત્ય નાટિકા સ્પર્ધા યોજાશે. જિલ્લાકક્ષાનો યુવા ઉત્સવ-૨૦૨૪ અંતર્ગત સાહિત્ય કલા અને સાંસ્કૃતિક અ, બ અને ખુલ્લો વિભાગની તાલુકા કક્ષા થી શરૂ થતી તથા સીધી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ અને જિલ્લા કક્ષાનો વિજ્ઞાન મેળો તા.૨૧/૦૯/૨૦૨૪ શનિવારના રોજ લિટલ ફલાવર્સ સ્કુલ મોટીવાડા-ઉદવાડા; તા.પારડી, જિ.વલસાડ ખાતે યોજાશે. તાલુકાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા કલાકારો તથા સીધી જિલ્લાકક્ષાના સ્પર્ધકો આ સ્પર્ધામાં સવારના ૧૦:૦૦ કલાક સુધીમાં સ્પર્ધાના સ્થળે પહોંચવા જિલ્લા વિકાસ અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પારડીમાં ગણેશ ઉત્સવના ડેકોરેશન નિહાળવા ભક્તોની ભીડ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી શહેરમાં વિવિધ ગણેશ મંડળો દ્વારા શ્રીજીની પ્રતિમાની સ્થાપના સાથે વિવિધ મનમોહન ડેકોરેશન તૈયાર કરતા ભક્તો બાપ્પાના દર્શન સાથે ડેકોરેશન નિહાળી આનંદ અનુભવે છે વિવિધ ગણેશ મંડળોમાં ધાર્મિક ડેકોરેશન યુવાનો દ્વારા તૈયાર કરતા રાત્રિના ભક્તોની ભીડ દર્શનાર્થે ઉમટી પડે છે. પારડી જૂની મામલતદાર પાસે બ્રહ્મદેવ મંડળ દ્વારા ચાર ધામમાંથી એક ધામ બદ્રીનાથ ધામની ડેકોરેશન સાથે ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. ગત વર્ષે કેદારનાથ ધામ બનાવ્યું હતું અને આ વર્ષે બદ્રીનાથ ધામની પ્રતિકૃતિ તૈયાર કરતા ભક્તો બદ્રીનાથમાં હોવાની અનુભૂતિ થઈ હોવાનું જણાવી રહ્યા છે. અહીં દમણના ડીઆઈજી અમિત શર્માના પરિવાર અને પારડી પોલીસ મથકના પીઆઇ જી.આર. ગઢવી સહીત ભક્તોએ શ્રી ગણેશજીના દર્શન કર્યા હતાં.

# તિથલ બીચ પર સાંસદે ભાજપના સભ્યો સાથે મુલાકાત કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડના પ્રસિદ્ધ પર્યટક સ્થળ તિથલ બીચ ખાતે લોકસભાના દંડક તેમજ વલસાડના સાસંદ ધવલભાઈ પટેલની આગેવાનીમાં લોકો ભાજપના રાષ્ટ્રવાદી વિચારધારા સાથે ઉત્સાહ સાથે સદસ્યતા અભિયાન અંતર્ગત પાર્ટીના સદસ્ય બન્યા, સદસ્યતા ગ્રહણ કરનારા અનેક વડીલો, યુવાનો,



સ્થાનિક નિવાસીઓએ માન.સાંસદ ધવલભાઈ પટેલ ને અનેક શુભેચ્છાઓ આપી હતી. વલસાડ વિસ્તારમાં આ અભિયાનની સફળતા માટે ભાજપના સક્રિય અને સંનિષ્ઠ કાર્યકર્તા આનંદભાઈનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

# ઉમરસાડીમાં માહ્યાવંશી સમાજ દ્વારા શ્રી ગણેશ ઉત્સવનું આયોજન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ગામમાં માહ્યાવંશી સમાજ દ્વારા શ્રી ગણેશ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પારડી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશભાઈ પટેલ તાલુકા ભાજપ પ્રમુખ મહેશભાઈ દેસાઈ અને ગામના માજી સરપંચ રાજેશભાઈ નાયકા વિશેષ હાજર રહી માહ્યાવંશી સમાજના



યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. યુવાનોએ ઉત્સાહપૂર્વક પ્રોત્સાહિત કરવા આવેલા મહાન અનુભવોને વધાવી લીધા હતા અને સન્માન કર્યું હતું.

IIFL FINANCE

CIN: L67100MH1995PLC093797
Regd. Office: IIFL House, Sun Infotech Park, Road No. 16V, Plot No.B-23, Thane Industrial Area, Wagle Estate, Thane - 400604
Tel: (91-22) 41035000 • Fax: (91-22) 25806654
E-mail: reach@iifl.com • Website: www.iifl.com

## સોનાના દાગીનાની લિલામીની જાહેર સૂચના

અત્રે ચોક્કસ રીતે સર્વ સંબંધિત ઋણદાર(રો) અને સામાન્ય રીતે જનતાને માહિતગાર કરવામાં આવે છે કે અમે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ ("આઈઆઈએફએલ") દ્વારા નોંધણીકૃત લિલામીની સૂચનાઓ થકી અને વારંવાર યાદગીરીઓ થકી માહિતગાર કરવા છતાં જેમણે પોતાની લોન નિયમિત કરી નથી કે બાકી રકમ ચૂકવી નથી તેવા કસૂર કરનારા ગ્રાહકોના સોનાના દાગીના લિલામ કરી રહી છે. નિમ્નલિખિત ખાતાંમાં ગિરવે મુકાયેલા સોનાના દાગીનાની જાહેર લિલામી **17.09.2024 ના રોજ બપોરે 01:30** થી **04:00** વચ્ચે તેમના ઓનલાઈન લિલામી મંચ **https://egold.auctiontiger.net** થકી **ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીઝ લિમિટેડ** ઓનલાઈન હાથ ધરાશે. સ્થળ અથવા તારીખ (જો કોઈ હોય તો)માં ફેરફાર લિલામી કેન્દ્ર ખાતે પ્રદર્શિત કરાશે. જો કોઈ કારણસર ઈ-લિલામી અહીં ઉલ્લેખિત તારીખે હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે આવી લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. લિલામી નહીં કરેલા દાગીના લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર વિગતો પ્રદર્શિત કર્યા પછી ત્યાર બાદના કામકાજના દિવસે લિલામી કરાશે. શાખા સ્તરે લિલામી ઈચ્છિત પ્રતિસાદ પ્રાપ્ત નહીં કરી શકે તો તે નિર્દિષ્ટ જિલ્લા કેન્દ્ર ખાતે **28.09.2024** ના રોજ ફરીથી લિલામી કરાશે. જો કોઈ કારણસર જિલ્લા સ્તરે લિલામી અહીં ઉલ્લેખિત તારીખના રોજ હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે જિલ્લા સ્તરે લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. જો ગ્રાહક મૃત્યુ પામે તો લિલામી સંબંધી બધી શરતો નોમિની /કાનૂની વારસદારને લાગુ થશે.

જિલ્લા કેન્દ્રઃ **દીવ મેઈન બજાર જીએલ - ભોંયતળિયે, શશીકાંત મોડાસિયાની સામે, દેવીકૃપા સિલેકશન નજીક, વેજિટેબલ માર્કેટ રોડ, મેઈન બજાર, દીવ-362520.**

**શાખાનું નામઃ દીવ-દીવ મેઈન માર્કેટ જીએલ, તાલુકો - દીવ**
**ગોલ્ડ લોન અકાઉન્ટ નં.:** GL28795384, GL28816681, GL30674640, GL28640634, GL28622847, GL30587712, GL30596723, GL28664256, GL28477980, GL28461892, GL28405103, GL28386252, GL28336508, GL28107370, GL28117700, GL28070184, GL29944614, GL29957769, GL30091688, GL30108934, GL26085960, GL28987374, GL25036998, GL27788851, GL27796836, GL29010188, GL27448721, GL27443513, GL29539190

ઈ-લિલામી 'જેમ છે જ્યાં છે,' 'જે છે તે' અને 'ત્યાં જે છે તે' ધોરણે હાથ ધરાશે અને આઈઆઈએફએલ કથિત સોનાના દાગીનાની ગુણવત્તા, શુદ્ધતા, કેરેટેજ, વજન અથવા મૂલ્યાંકન વિશે કોઈ આલેખન કે બાંયધરી આપતી નથી. ઈ-લિલામી પ્રક્રિયા અને આવી ઈ-લિલામ અંતર્ગત વેચાણ (જો કોઈ હોય તો) આઈઆઈએફએલ તેની એકમેવ મરજીથી લાદવાનું અનુકૂળ માની શકે તે નિયમો અને શરતોને આધીન રહેશે. આઈઆઈએફએલ, તેની એકમેવ મરજીથી લિલામીની યાદીમાંથી કોઈ પણ બાબત અને કોઈ પણ કાર્યવાહી, પૂર્વસૂચના આપ્યા વિના અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના મોકૂફ અથવા દૂર કરી શકે અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ અથવા સર્વ બિડ્સ અથવા ઓફરો નકારી શકે છે. કસૂર કરનારા ઋણદાર(રો), ગિરવે મૂકેલા દાગીનાની વિગતો તેમ જ અન્ય વિગતો સંબંધિત શાખા ખાતે પ્રદર્શિત કરાઈ છે. ડિફોલ્ટર ઋણદાર(રો) પાસે આ સૂચનાની પ્રસિદ્ધિ પછી પણ તે તારીખ સુધી વ્યાજ અને સર્વ લાગુ શુલ્ક સહિત સંપૂર્ણ લેણાં પુનઃચુકવણી કરવાનો અને તેમનું લોન અકાઉન્ટ બંધ અથવા નિયમસર કરવાનો વિકલ્પ છે, પરંતુ કોઈ પણ કિસ્સામાં લિલામીની તારીખ સુધી જ આ વિકલ્પ અજમાવી શકશે, જેમાં નિષ્ફળ જવા પર ગિરવે મૂકેલા સોનાના દાગીના લિલામી કરવામાં આવશે અને બાકી લેણાં (જો કોઈ હોય તો) વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરાશે. જોકે કસૂર કરેલી લોન આ પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા પછી બંધ કે નિયમિત કરાય તો પ્રમાણસર પ્રકાશન શુલ્ક ભોગવવાનો રહેશે. ઋણદારને જો કોઈ હોય તો, વધારાની લિલામીની પ્રાપ્તિઓના રિફંડ માટે તેમની છેલ્લામાં છેલ્લી બેન્ક અકાઉન્ટની વિગતો સુપરત /અપડેટ કરવાની વિનંતી છે.

**વિગતવાર માહિતી, નિયમો અને શરતો માટે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડના સંબંધિત શાખા કાર્યાલયનો સંપર્ક કરો.**

તારીખઃ 14.09.2024
સ્થળઃ દીવ

સહી/-
અધિકૃત સહીકર્તા
આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ

IIFL FINANCE

CIN: L67100MH1995PLC093797
Regd. Office: IIFL House, Sun Infotech Park, Road No. 16V, Plot No.B-23, Thane Industrial Area, Wagle Estate, Thane - 400604
Tel: (91-22) 41035000 • Fax: (91-22) 25806654
E-mail: reach@iifl.com • Website: www.iifl.com

## સોનાના દાગીનાની લિલામીની જાહેર સૂચના

અત્રે ચોક્કસ રીતે સર્વ સંબંધિત ઋણદાર(રો) અને સામાન્ય રીતે જનતાને માહિતગાર કરવામાં આવે છે કે અમે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ ("આઈઆઈએફએલ") દ્વારા નોંધણીકૃત લિલામીની સૂચનાઓ થકી અને વારંવાર યાદગીરીઓ થકી માહિતગાર કરવા છતાં જેમણે પોતાની લોન નિયમિત કરી નથી કે બાકી રકમ ચૂકવી નથી તેવા કસૂર કરનારા ગ્રાહકોના સોનાના દાગીના લિલામ કરી રહી છે. નિમ્નલિખિત ખાતાંમાં ગિરવે મુકાયેલા સોનાના દાગીનાની જાહેર લિલામી **17.09.2024 ના રોજ બપોરે 01:30** થી **04:00** વચ્ચે તેમના ઓનલાઈન લિલામી મંચ **https://egold.auctiontiger.net** થકી **ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીઝ લિમિટેડ** ઓનલાઈન હાથ ધરાશે. સ્થળ અથવા તારીખ (જો કોઈ હોય તો)માં ફેરફાર લિલામી કેન્દ્ર ખાતે પ્રદર્શિત કરાશે. જો કોઈ કારણસર ઈ-લિલામી અહીં ઉલ્લેખિત તારીખે હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે આવી લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. લિલામી નહીં કરેલા દાગીના લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર વિગતો પ્રદર્શિત કર્યા પછી ત્યાર બાદના કામકાજના દિવસે લિલામી કરાશે. શાખા સ્તરે લિલામી ઈચ્છિત પ્રતિસાદ પ્રાપ્ત નહીં કરી શકે તો તે નિર્દિષ્ટ જિલ્લા કેન્દ્ર ખાતે **28.09.2024** ના રોજ ફરીથી લિલામી કરાશે. જો કોઈ કારણસર જિલ્લા સ્તરે લિલામી અહીં ઉલ્લેખિત તારીખના રોજ હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે જિલ્લા સ્તરે લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. જો ગ્રાહક મૃત્યુ પામે તો લિલામી સંબંધી બધી શરતો નોમિની /કાનૂની વારસદારને લાગુ થશે.

જિલ્લા કેન્દ્રઃ **સિલ્વાસા- વાપી મેઈન રોડ - શોપ નં. 3, 1લો માળ, સિટી સેન્ટર, યુનિયન બેન્કની સામે, સિલ્વાસા વાપી મેઈન રોડ, સિલ્વાસા-396230.**

**શાખાનું નામઃ દાદરા નગર હવેલી- દાદરી નગર હવેલી જીએલ, તાલુકો - દાદરા અને નગર હવેલી**
**ગોલ્ડ લોન અકાઉન્ટ નં.:** GL28851878, GL30150705, GL30194982, GL28674600

**શાખાનું નામઃ સિલ્વાસા- વાપી મેઈન રોડ, તાલુકો - ઉંમરગામ**
**ગોલ્ડ લોન અકાઉન્ટ નં.:** GL28855092, GL28848205, GL28866103, GL30195962, GL30809246, GL28822044, GL28841281, GL28814700, GL28806053, GL28805876, GL28774446, GL29634477, GL30757102, GL31135175, GL22510107, GL22117906, GL29800057, GL30673776, GL30684278, GL28651647, GL28670047, GL34005244, GL28648395, GL29763676, GL28661364, GL30570222, GL30595064, GL28584088, GL28582229, GL28566374, GL28575264, GL28555215, GL28530122, GL22024060, GL28488255, GL28454096, GL28436340, GL30429048, GL30448577, GL28391071, GL28402846, GL30364965, GL28436721, GL30308603, GL30316267, GL30268844, GL21828851, GL30136889, GL30127809, GL28015981, GL22857139, GL21704770, GL29933933, GL33945255, GL23117887, GL29949615, GL29955276, GL27736875, GL27747210, GL27698486, GL21569713, GL21578429, GL29817934, GL29803334, GL29781986, GL29793342, GL29735834, GL29742729, GL29694069, GL29705429, GL27474255, GL27475994, GL27475736, GL28491440, GL29030199, GL29013479, GL29472040, GL29456665, GL29470560, GL29376401, GL29378941, GL27153350, GL21218418, GL21213362

ઈ-લિલામી 'જેમ છે જ્યાં છે,' 'જે છે તે' અને 'ત્યાં જે છે તે' ધોરણે હાથ ધરાશે અને આઈઆઈએફએલ કથિત સોનાના દાગીનાની ગુણવત્તા, શુદ્ધતા, કેરેટેજ, વજન અથવા મૂલ્યાંકન વિશે કોઈ આલેખન કે બાંયધરી આપતી નથી. ઈ-લિલામી પ્રક્રિયા અને આવી ઈ-લિલામ અંતર્ગત વેચાણ (જો કોઈ હોય તો) આઈઆઈએફએલ તેની એકમેવ મરજીથી લાદવાનું અનુકૂળ માની શકે તે નિયમો અને શરતોને આધીન રહેશે. આઈઆઈએફએલ, તેની એકમેવ મરજીથી લિલામીની યાદીમાંથી કોઈ પણ બાબત અને કોઈ પણ કાર્યવાહી, પૂર્વસૂચના આપ્યા વિના અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના મોકૂફ અથવા દૂર કરી શકે અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ અથવા સર્વ બિડ્સ અથવા ઓફરો નકારી શકે છે. કસૂર કરનારા ઋણદાર(રો), ગિરવે મૂકેલા દાગીનાની વિગતો તેમ જ અન્ય વિગતો સંબંધિત શાખા ખાતે પ્રદર્શિત કરાઈ છે. ડિફોલ્ટર ઋણદાર(રો) પાસે આ સૂચનાની પ્રસિદ્ધિ પછી પણ તે તારીખ સુધી વ્યાજ અને સર્વ લાગુ શુલ્ક સહિત સંપૂર્ણ લેણાં પુનઃચુકવણી કરવાનો અને તેમનું લોન અકાઉન્ટ બંધ અથવા નિયમસર કરવાનો વિકલ્પ છે, પરંતુ કોઈ પણ કિસ્સામાં લિલામીની તારીખ સુધી જ આ વિકલ્પ અજમાવી શકશે, જેમાં નિષ્ફળ જવા પર ગિરવે મૂકેલા સોનાના દાગીના લિલામી કરવામાં આવશે અને બાકી લેણાં (જો કોઈ હોય તો) વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરાશે. જોકે કસૂર કરેલી લોન આ પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા પછી બંધ કે નિયમિત કરાય તો પ્રમાણસર પ્રકાશન શુલ્ક ભોગવવાનો રહેશે. ઋણદારને જો કોઈ હોય તો, વધારાની લિલામીની પ્રાપ્તિઓના રિફંડ માટે તેમની છેલ્લામાં છેલ્લી બેન્ક અકાઉન્ટની વિગતો સુપરત /અપડેટ કરવાની વિનંતી છે.

**વિગતવાર માહિતી, નિયમો અને શરતો માટે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડના સંબંધિત શાખા કાર્યાલયનો સંપર્ક કરો.**

તારીખઃ 14.09.2024
સ્થળઃ દાદરા નગર હવેલી

સહી/-
અધિકૃત સહીકર્તા
આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ

IIFL FINANCE

CIN: L67100MH1995PLC093797
Regd. Office: IIFL House, Sun Infotech Park, Road No. 16V, Plot No.B-23, Thane Industrial Area, Wagle Estate, Thane - 400604
Tel: (91-22) 41035000 • Fax: (91-22) 25806654
E-mail: reach@iifl.com • Website: www.iifl.com

## સોનાના દાગીનાની લિલામીની જાહેર સૂચના

અત્રે ચોક્કસ રીતે સર્વ સંબંધિત ઋણદાર(રો) અને સામાન્ય રીતે જનતાને માહિતગાર કરવામાં આવે છે કે અમે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ ("આઈઆઈએફએલ") દ્વારા નોંધણીકૃત લિલામીની સૂચનાઓ થકી અને વારંવાર યાદગીરીઓ થકી માહિતગાર કરવા છતાં જેમણે પોતાની લોન નિયમિત કરી નથી કે બાકી રકમ ચૂકવી નથી તેવા કસૂર કરનારા ગ્રાહકોના સોનાના દાગીના લિલામ કરી રહી છે. નિમ્નલિખિત ખાતાંમાં ગિરવે મુકાયેલા સોનાના દાગીનાની જાહેર લિલામી **17.09.2024 ના રોજ બપોરે 01:30** થી **04:00** વચ્ચે તેમના ઓનલાઈન લિલામી મંચ **https://egold.auctiontiger.net** થકી **ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીઝ લિમિટેડ** ઓનલાઈન હાથ ધરાશે. સ્થળ અથવા તારીખ (જો કોઈ હોય તો)માં ફેરફાર લિલામી કેન્દ્ર ખાતે પ્રદર્શિત કરાશે. જો કોઈ કારણસર ઈ-લિલામી અહીં ઉલ્લેખિત તારીખે હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે આવી લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. લિલામી નહીં કરેલા દાગીના લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર વિગતો પ્રદર્શિત કર્યા પછી ત્યાર બાદના કામકાજના દિવસે લિલામી કરાશે. શાખા સ્તરે લિલામી ઈચ્છિત પ્રતિસાદ પ્રાપ્ત નહીં કરી શકે તો તે નિર્દિષ્ટ જિલ્લા કેન્દ્ર ખાતે **28.09.2024** ના રોજ ફરીથી લિલામી કરાશે. જો કોઈ કારણસર જિલ્લા સ્તરે લિલામી અહીં ઉલ્લેખિત તારીખના રોજ હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે જિલ્લા સ્તરે લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. જો ગ્રાહક મૃત્યુ પામે તો લિલામી સંબંધી બધી શરતો નોમિની /કાનૂની વારસદારને લાગુ થશે.

જિલ્લા કેન્દ્રઃ **દમણ- દમણ કુંતા રોડ - 14-182/જી-1, જી-2, જી-3, કથિરિયા, દમણ કુંતા રોડ, આઈડીબીઆઈ બેન્ક નજીક, સાગર પેટ્રોલપંપ, નાની દમણ-396210.**

**શાખાનું નામઃ દમણ- દમણ કુંતા રોડ, તાલુકો - દમણ**
**ગોલ્ડ લોન અકાઉન્ટ નં.:** GL30807168, GL30821563, GL26051462, GL30799167, GL30776392, GL28996971, GL28830298, GL30782025, GL30755831, GL30759040, GL30711309, GL30650744, GL30683078, GL30667126, GL30643006, GL30658139, GL30050682, GL30604194, GL30624907, GL28594194, GL30597785, GL28608939, GL30590182, GL28563534, GL28570548, GL30541251, GL30527481, GL30523686, GL30542106, GL28517715, GL27210285, GL30491247, GL30510355, GL30478837, GL30476843, GL30448916, GL30434900, GL30429852, GL30447659, GL30440252, GL30450563, GL30302756, GL30159764, GL30151138, GL30124735, GL29763984, GL29666373, GL29681606, GL27468343, GL29582638, GL29565659

ઈ-લિલામી 'જેમ છે જ્યાં છે,' 'જે છે તે' અને 'ત્યાં જે છે તે' ધોરણે હાથ ધરાશે અને આઈઆઈએફએલ કથિત સોનાના દાગીનાની ગુણવત્તા, શુદ્ધતા, કેરેટેજ, વજન અથવા મૂલ્યાંકન વિશે કોઈ આલેખન કે બાંયધરી આપતી નથી. ઈ-લિલામી પ્રક્રિયા અને આવી ઈ-લિલામ અંતર્ગત વેચાણ (જો કોઈ હોય તો) આઈઆઈએફએલ તેની એકમેવ મરજીથી લાદવાનું અનુકૂળ માની શકે તે નિયમો અને શરતોને આધીન રહેશે. આઈઆઈએફએલ, તેની એકમેવ મરજીથી લિલામીની યાદીમાંથી કોઈ પણ બાબત અને કોઈ પણ કાર્યવાહી, પૂર્વસૂચના આપ્યા વિના અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના મોકૂફ અથવા દૂર કરી શકે અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ અથવા સર્વ બિડ્સ અથવા ઓફરો નકારી શકે છે. કસૂર કરનારા ઋણદાર(રો), ગિરવે મૂકેલા દાગીનાની વિગતો તેમ જ અન્ય વિગતો સંબંધિત શાખા ખાતે પ્રદર્શિત કરાઈ છે. ડિફોલ્ટર ઋણદાર(રો) પાસે આ સૂચનાની પ્રસિદ્ધિ પછી પણ તે તારીખ સુધી વ્યાજ અને સર્વ લાગુ શુલ્ક સહિત સંપૂર્ણ લેણાં પુનઃચુકવણી કરવાનો અને તેમનું લોન અકાઉન્ટ બંધ અથવા નિયમસર કરવાનો વિકલ્પ છે, પરંતુ કોઈ પણ કિસ્સામાં લિલામીની તારીખ સુધી જ આ વિકલ્પ અજમાવી શકશે, જેમાં નિષ્ફળ જવા પર ગિરવે મૂકેલા સોનાના દાગીના લિલામી કરવામાં આવશે અને બાકી લેણાં (જો કોઈ હોય તો) વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરાશે. જોકે કસૂર કરેલી લોન આ પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા પછી બંધ કે નિયમિત કરાય તો પ્રમાણસર પ્રકાશન શુલ્ક ભોગવવાનો રહેશે. ઋણદારને જો કોઈ હોય તો, વધારાની લિલામીની પ્રાપ્તિઓના રિફંડ માટે તેમની છેલ્લામાં છેલ્લી બેન્ક અકાઉન્ટની વિગતો સુપરત /અપડેટ કરવાની વિનંતી છે.

**વિગતવાર માહિતી, નિયમો અને શરતો માટે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડના સંબંધિત શાખા કાર્યાલયનો સંપર્ક કરો.**

તારીખઃ 14.09.2024
સ્થળઃ દમણ

સહી/-
અધિકૃત સહીકર્તા
આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ

દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની
મુલાકાત લો : www.damangangatimes.com

# સૂર્ય ક્ષેત્ર

## ચસ્મે બદૂર કશ્મીર



ડો. રાધિકા ટીક્કુ, વલસાડ



કશ્મીરની સૌંદર્ય ભૂમિમાં સૂર્ય ક્ષેત્ર સૌથી સુંદર ક્ષેત્ર રહ્યું. આ ક્ષેત્ર સૌથી વધુ વૈવિધ્ય ભર્યું અને રમણીય છે. આ ક્ષેત્રમાં અનેક ઋષિઓ, મુનિઓ, સંતો, વેદાંત પીપાસુ, વેદાંતી અને કર્મકાંડી બ્રાહ્મણોનો નિવાસ રહ્યો. કશ્યપ ઋષિની આ સૂર્ય ક્ષેત્ર ઉપર વિશેષ કૃપા ખૂબ માત્રામાં રહી. કશ્મીરના સૌથી પ્રાચીન નીલમત પુરાણમાં આ ક્ષેત્રને કૃષિ ક્ષેત્રની સંજ્ઞા અપાઈ છે. તેથી એક વાત સ્પષ્ટ થાય છે કે, સૂર્ય ક્ષેત્રમાં ૨૮ હજાર ઋષિઓ રહેતા હતા અને જ્ઞાનની આરાધના કરતા હતા. માર્તંડ મહાત્મા પુરાણમાં સૂર્ય ક્ષેત્રને ધર્મનું અખંડ ક્ષેત્ર અને ઋષિઓની તપોભૂમિનું ક્ષેત્ર તરીકે ઉલ્લેખ કરેલ છે. કાશ્મીરની ઉત્પતિ પછી સૂર્ય ક્ષેત્રમાં સ્થિત માર્તંડ તીર્થ રાજને જ ભગવાન ભોલેનાથ શંકરના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. જ્યારે તેઓ મા પાર્વતીને અમરકથા સંભળાવવા અમરનાથની ગુફા તરફ ગયા હતા.


એકવાર અનેક ઋષિઓએ સુતજીને પૂછ્યું કે, પૃથ્વી પર એવું કયું સ્થાન છે, જ્યાં માનસિક શાંતિની સાથે સાથે આત્મિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે, ? ત્યારે આ પ્રશ્નનો સુતજીએ વિગતવાર ઉત્તર આપ્યો હતો અને જવાબમાં જણાવ્યું હતું કે, કાશ્મીરની મધ્યમાં વિતસ્તા નદીના તટ ઉપર નાગોના રાજા અનંતનાગ થી બે કોશ દૂર સૂર્યક્ષેત્ર છે જેમાં એક માર્તંડ તીર્થ સ્થિત છે. જે દેવાસૂર સંગ્રામમાં માર્યા ગયેલા યોદ્ધાઓની અપમૃત્યુ પામેલ આત્માઓની મુક્તિ માટેનું અતિ પવિત્ર સ્થાન છે. કેટલાંય દેવતાઓ તથા અનેક ઋષિઓની ઘોર તપસ્યાના લીધે આ તીર્થ બન્યું છે અને આ જ સ્થાન છે કે જ્યાં માનસિક શાંતિની સાથે સાથે આત્મિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે. આ જ સૂર્ય ક્ષેત્રને માર્તંડ ક્ષેત્ર નામથી પણ ધાર્મિક ગ્રંથોમાં સ્પષ્ટ રૂપમાં વર્ણન થયેલ છે. સૂર્ય ક્ષેત્ર વિત્સ્તા તટથી ગણેશ બલ સુધી ફેલાયેલ છે. માર્તંડ તીર્થ રાજની આરાધના વિના બધા દેવી દેવતાઓની આરાધના પણ અધૂરી છે અને કોઈ પણ ધાર્મિક કાર્ય સમાપ્ત થતું નથી. જ્યાં સુધી આ તીર્થ રાજના બધા જ અંગો, સ્થળોને સંબંધીઓનું આહવાન પૂર્ણ થતું નથી. આથી જ માર્તંડ ગુરુકુળ અને વિજયેશ્વરના વિશ્વ પ્રખ્યાત વિદ્યાલયમાં કાશ્મીરના સમગ્ર તીર્થોના વિષયમાં જાણકારી પ્રાપ્ત આપતા અને તે સમયે શિષ્યોને માર્તંડ તીર્થ એટલે કે સૂર્ય તીર્થ. સૂર્ય ક્ષેત્રના વિષય ઉપર ધર્મ અનુસાર પૂજા પાઠ કરવાની વિધિ અહીં સૌ પ્રથમ ભણાવવામાં આવતી હતી. અહીંથી દેવોને ભાવથી આહવાન, પૂજા, અર્ચના સંકલ્પ, દાન, શ્રાદ્ધ જેવી વિધિ અનુસાર કરવાનું ને શીખવાનું, શીખવવાનું આ કાશ્મીરમાં મુખ્ય સ્થાન રહ્યું. સંધ્યા સમયે થતી સંધ્યા પૂજા આ તીર્થથી સંબંધિત દેવતાઓનું સ્મરણ અને આહવાન કરવાથી મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે, એવું ધર્મ શાસ્ત્રમાં પણ લખાયેલ છે.

આથી આ સૂર્ય ક્ષેત્રમાં આસ્થા રાખવાવાળાને પવિત્ર વિધિ અનુસાર સવારે અને સાંજે સૂર્યપૂજા ને અર્ચના કરીને માર્તંડ રાજા ને પ્રસન્ન કરવું જરૂરી છે અને તેથી જ આ તીર્થની છબી પ્રાચીન કાળ જેવી ફરીથી ઉભરી શકે. હવે સમયના થરમાં સેંકડો સ્થળાંતરિત કશ્મીરી પંડિતો થવાથી સૂર્ય ક્ષેત્રની પ્રતિમા ધૂંધળીના થાય તેનું કાશ્મીરી પંડિતો સતત ધ્યાન રાખી રહ્યા છે. અહીં દૂર દૂરથી કાશ્મીરી પંડિતો સૂર્ય તીર્થ માર્તંડ ક્ષેત્રમાં આવીને પૂજા અર્ચના અને માર્તંડ તીર્થ નિવાસની અંદર રહીને ઘોર દેવી તપસ્યા, ઉપાસના પણ કરે છે. નીચે મુજબના મંત્રો ઉચ્ચારીને માર્તંડ મંદિરમાં પૂજા શરૂ થઈ જાય છે.

भवानी भासूते भीमाये भर्ग शिखा
भगवते गंगानंद
भैरवाये विमल कमल गौतम नाग
राजाये चकसुते चाकाभगवती
भास्कराय विधवाही सहस्त्रर शमे दीमहितनो सूर्यो प्रचोदयात

ઈસ્લામના આગમન પછી અહીંના ધાર્મિક સ્થળોનો ધ્વંશ થયો ધાર્મિક ગ્રંથો લુપ્ત થઈ ગયા. અહીંના હિન્દુ ધર્મના કેન્દ્રો નષ્ટ થઈ ગયા. જે હજારો વર્ષોથી જ્ઞાનનો ભંડાર એકત્ર કરીને સનાતન ધર્મની સેવા કરી રહ્યા હતા પરંતુ આટલું બધું હોવા છતાં પણ આ સૂર્યક્ષેત્રનું તીર્થ ભારતના કાશ્મીરી પંડિતોની ધાર્મિક આસ્થાનું કેન્દ્ર બની રહ્યું. જેનું શ્રેય અહીંના સ્થાનિકો કશ્મીરી પંડિતોના ફાળે જાય છે. જેમણે આ તીર્થની આન બાન અને શાન બચાવવા માટે વધુને વધુ જ વધુ જાન ઉપર લગાવી દીધેલ હતું, નહીં તો આ સૂર્ય ક્ષેત્રનું તીર્થ પણ કોઈ પણ મસ્જિદનું રૂપ ધારણ કરી લીધેલ હોત .!!!! જેવું કાશ્મીરના સેંકડો મંદિરો અને તીર્થોનું પારાવાર રીતે નુકસાન થયું. સિકંદર ખાન, નાદેર ખાન, યુસુફ ખાન, મદદ ખાન, પઠાણો અને તારતાર જેવા કંઈક કેટલાય શાસકોએ પણ આ સૂર્યક્ષેત્ર? તીર્થથી દૂર રહ્યા. હા, તેમણે પ્રયત્ન તો કર્યો પણ કોઈપણ રીતે તેઓ ફાવ્યા નહીં. કશ્મીરી પંડિતોને રંજાડવાના અને તેમને જાનથી મારવાના પ્રયત્નો પણ અહીં ઘણા થયા. અલબત્ત ધર્મ નિરપેક્ષ બાદશાહોની હાજરીના લીધે પણ સૂર્ય ક્ષેત્રનો સુરજ હંમેશા તેજસ્વી રહ્યો છે. સમ્રાટ અકબર, જહાંગીર, શાહજહાં જેવા મોગલ બાદશાહે તો સૂર્ય ક્ષેત્રની જાળવણી માટે પણ પોતાનું સક્રિય યોગદાન આપેલ. અહીં એક મહત્વની રસપ્રદ વાત એ છે કે સમ્રાટ અકબર તો માર્તંડ તીર્થ ઉપર શ્રદ્ધાના પુષ્પો અર્પિત કરવા માટે જાતે આવ્યા હતા અને અહીંથી ગાયોનું દાન પણ કર્યું હતું. અકબર રાજા સાથે ટોડરમલ પણ એમને સાથે આવેલ હતા. જેનો ઉલ્લેખ આયન એ અકબરીમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. અહીંના સૂર્ય ક્ષેત્રના માર્તંડ તીર્થ ઉપર એક શીલા ઉપર કોતરાયેલા અક્ષરોમાં અહીં એનું પ્રમાણ જોવા મળે છે. જે વિમલકુંડની મૂર્તિઓ સાથે સ્થાપિત જોવા મળે છે. માર્તંડ તીર્થો પર રચાયેલા પ્રાચીન ગીતમાં એનો ઉલ્લેખ પણ સાંભળવા મળે છે .

સૂર્ય ક્ષેત્રની ઈષ્ટ દેવી ભગવતી ભર્ગશિખા છે. આ દેવી મહર્ષિ કશ્યપની ધર્મપત્ની અદિતિના ૧૩માં ઈંડાની જ્યોતમાંથી સર્જાયેલ મહાજ્વાલાનું સ્વરૂપ છે. ભગવાન વિષ્ણુના ચક્રથી ઈંડાનું આંશિક રૂપે ક્ષીણ થવું અને એમાંથી પ્રગટેલ મહાજ્વાલા જે સૂર્ય ક્ષેત્ર પર સ્થિત પર્વતની શિખા સાથે ટકરાઈ, જેથી આ જ્વાલા નું નામ ભર્ગશિખા પડ્યું. ભર્ગ એ સૂર્યદેવનું બીજું નામ છે. સૂર્ય ક્ષેત્રમાં ઈષ્ટદેવીની અઢળક કૃપા રહી છે. સૂર્ય ક્ષેત્રમાં લોક નાગ રાજા કે જે અદિતિની બહેન કાદ્રોનો સૌથી મોટો પુત્ર છે. લોક નાગ રાજા ખૂબ જ શક્તિશાળી અને સમૃદ્ધ હતા. તેમનો એક મહેલ જેનું નામ લોક પુણ્ય નામે પણ સ્થાપિત હતો. જેના ખંડેરો લોક ભવન ગામના મંદિરની સમય બાદશાહ પિંડ તરીકે હાલ ઓળખાય છે. લોક નાગ રાજાનો વૈભવ કાશ્મીરના દરેક ક્ષેત્રોમાં ફેલાયેલ હતો. લોકનાથ રાજાની માતા કાદ્રો જ્યારે વૃદ્ધ થયા ત્યારે તેમના પતિ કશ્યપની આજ્ઞા લઈને પોતાના મોટા પુત્ર લોકનાગ રાજાના દરબારમાં રહેવા ગયા. પરંતુ લોક નાગર રાજાએ માતાનું આદર સન્માન સાથે સ્વાગત નહીં કર્યું. એક માતા તો પોતાના પુત્ર પાસેથી મમતાભરી આશા રાખતી હોય છે. લોકનાગરાજાએ પોતાની માતાના નિવાસ માટે યોગ્ય વ્યવસ્થા માટે પણ કોઈપણ જાતનો રસ દાખવ્યો નહીં. આ પુત્રનું આવું વર્તન જોઈને માતા નિરાશ થઈને તરત જ લોક નાગરાજાનો મહેલ તરત જ ત્યાગી દીધો .પોતાની માતાના અનાદરના ફળ સ્વરૂપે લોગનાક રાજાનો યશ અને વૈભવ સતત ઘટવા લાગ્યો. છોરુ કછોરું થાય પણ માતા ક્યારેય કુમાતા થતી નથી. માતા ક્યારેય પોતાના પુત્રને શ્રાપ આપી શકતી નથી. માતાની પ્રકૃતિમાં સદાય સંતાનોના કલ્યાણને વાંછના જ હોય છે પણ માતાનું અંતઃકરણ જ્યારે નંદવાઈ જાય છે ત્યારે કુદરત પણ ખરેખર રૂઠી જાય છે. પોતાની સગી જનેતાના અનાદરના ફળ સ્વરૂપ લોક નાગ રાજાનો વૈભવ યશ કાળક્રમે ઘટતો રહ્યો. લોકનાગરાજાની





લોક મહિમા પણ ઘટતી રહી. લોકનાગરાજના ભવનની પાસે સાફ અને સુંદર જળાશય પણ મલિન થઈ ગયું અને એમાં જંગલી ઘાસ ઊગી નીકળ્યું .જેથી આ મલિન જળાશયના પાણીમાં કોઈપણ સ્નાન કરી શકતા નથી. ઘણી સદીઓ વીતી ગઈ પરંતુ માતાના અનાદર થી થયેલ આ વિપત્તિ નામશેષ નહીં થઈ. લોકનાગ રાજાના મોટા પુત્રના મહેલથી નીકળીને કાદ્રો બીજા પુત્ર અનંત પાસે જતી રહી. વચલા પુત્ર અનંતનાગરાજાએ માતાનું ખૂબ જ આદર્સ્નેહથી સત્કાર કર્યો અને સુપુત્ર થઈને માતાને ખૂબ ઊંચું સ્થાન આપ્યું. કાદ્રો માતા અનંતનાગ રાજની પવિત્ર ભાવના પર અતિ પ્રસન્ન થઈ. જીવનનું એક સત્ય છે કે માતાને સૌથી વધુ સૌથી પ્રેમ નાના પુત્ર પર હોય છે અને સૌથી મોટા પુત્ર ઉપર વધુ અધિકાર હોય છે.

કાદ્રો અનંતનાગરાજને આશિષ આપીને પોતાની પ્રતિકૃતિ છાયા તુતલા ભગવતીના રૂપમાં રાખીને તેનાથી સૌથી નાના પુત્ર માર્તંડ જે ભાવ ભવન નગરમાં રહેતા હતા. ત્યાં જવા નીકળયા ને જ્યારે માર્તંડને માતાના આગમનના સમાચાર મળ્યા ત્યાં તે પોતાના કુટુંબકબીલા સાથે માતાનું સ્વાગત કરવા ભૈરવ ગુફા પહોંચ્યા. આ જગ્યાને ટીક્કુ બાગ કહેવાય છે. વાસ્તવમાં અહીંના બધા જ કશ્મીરી પંડિતો ટીક્કુ કહેવાય છે. ટીક્કુ એ કશ્મરી પંડિતોની એક અટક હોય છે. જેનું પ્રમાણ હરિદ્વારમાં અત્યારે વર્તમાનમાં પણ જોવા મળે છે. માર્તંડે માતાનો આદર ને સત્કાર કર્યો અને માતાને ઊંચું સ્થાન આપીને માતૃશક્તિનું ગૌરવ વધાર્યું અને માન, શોભાને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. જેથી એને મહાદેવ માર્તંડની ઉપાધિ પ્રાપ્ત થઈ. સૂર્ય ક્ષેત્રમાં માતા ભર્ગશિખા ભગવતી ભવાની રૂપમાં માર્તંડ તીર્થરાજની ઉપર પર્વતના શિખર ઉપર વિરાજમાન થયા. એવું જાણવા મળે છે કે પઠાણોના સમયકાળ સુધી ઈ ષ્ટદેવીના દર્શન ભક્તોને સાકાર સ્વરૂપમાં થતા હતા. પરંતુ જ્યારે આ પવિત્ર સ્થળનું અનાદાર થયું, જેના કારણે ભર્ગશિખા ભગવતીએ શીશ નમાવીને પથ્થરનું રૂપ ધારણ કર્યું. કહેવાય છે કે, ૧૫ મી શતાબ્દીમાં કાશ્મીરી પંડિતોને પણ માતાના સાકાર સ્વરૂપમાં સાક્ષર દર્શન થતા હતા.

ભગવતીની કૃપા હંમેશા સૂર્ય ક્ષેત્ર પર વહેતી રહી જ્યારે જ્યારે કશ્મીર ઉપર મુશ્કેલી આવી પરંતુ સૂર્ય ક્ષેત્ર પર વિપત્તિઓ નહીં આવી શકી. સિકંદર બુતશિકનના સમયથી આધુનિક સમય સુધી અહીંના મૂળ નિવાસીઓએ ખુબ કષ્ટ વેઠ્યું પરંતુ મહા ભગવતીની કૃપાથી અન્ય ક્ષેત્રોની સરખામણીએ સૌથી વધુ સલામત અને સુરક્ષિત સૂર્ય ક્ષેત્ર રહ્યું. અહીંના કશ્મીરી પંડિતો મલમાસી છે. જે અહીંના મૂળ નાગરિક તરીકે મનાય છે. ક્રૂરમાં ક્રૂર શાસક પણ સૂર્ય ક્ષેત્રના વિસ્તારને તલ માત્ર પણ નુકસાન કરી શક્યા નથી. આ જ સૂર્યક્ષેત્રની પવિત્રતા અને પવિત્ર ઊર્જા છે.

# એક્સરસાઈઝ સ્નેક્સ્!

## ડોક્ટર કહે છે



- ડો. યોગેશ વેલાણી

**આધુનિક યુગમાં નિષ્ક્રિય જીવનશૈલી (શારીરિક રીતે)ની પરિસ્થિતિ ચિંતાજનક રીતે વધી રહી છે ત્યારે એક્સરસાઈઝ સ્નેક્સ્ રૂપે મુખ્ય કસરતની સાથે આપણી જીવનશૈલીના ભાગરૂપે કરી શકાય, એવી નાની-નાની ક્રિયાઓ કરીને આપણે રોગમુક્ત કરી શકીએ છીએ.**



એક્સરસાઈઝ સ્નેક્સ્...! બે મુખ્ય અભોજન, લંચ અને ડીનર પહેલાં કે વચ્ચે લેવાના નાસ્તાને આપણે સ્નેક્સ્ કહીએ છીએ. સવારનો નાસ્તો-બ્રેક ફાસ્ટ (જો કે ગામડામાં તો શિરામણમાં જમવાનું જ હોય છે !) અને બપોરે લંચ ત્યારબાદ સોજે ૪-૫ વાગ્યે હાઈ ટી-ચા સાથે નાસ્તો અને રાત્રે ડીનર ! આમ શા માટે કરીએ છીએ ? શરીરને સતત ન્યૂટ્રિશનની પોષક તત્ત્વોની જરૂર પડે છે. એટલે એ મુખ્ય ભોજનની વચ્ચે-વચ્ચે નાના ભોજન જેને નાસ્તો- સ્નેક્સ્ કહીએ છીએ, એ લઈએ છીએ.

કસરત-એક્સરસાઈઝમાં પણ એવું જ છે. સવારે-સાંજે મુખ્ય વધુ કસરત કર્યા પછી આખા દિવસ દરમ્યાન નાની-નાની એવી પ્રવૃત્તિઓ કરીએ. જેથી આપણું મેટાબોલિઝમ બહુ જ ધીમું ન પડી જાય. કસરત કરીએ એટલે ખોરાકમાં લીધેલા ન્યુટ્રિશન, પોષક દ્રવ્યોને શરીર એનર્જીમાં રૂપાંતર કરે અને એનો વપરાશ કસરત વખતે વધુ તેમજ કંઈ જ ન કરીએ તો પણ વપરાશ તો ચાલુ જ રહે છે. (બેઝલ મેટાબોલિઝમ) સવારે કરેલી કસરતની અસર ૪-૬ કલાક રહે ત્યારબાદ ગતિશીલ થયેલું મેટાબોલિઝમ ફરીથી ધીમું થવા માંડે અને સાંજે-રાત્રે તો...! આ મેટાબોલિઝમમાં બે પરિસ્થિતિઓ હોય છે. કેટાબોલિઝમ એટલે એનર્જીનો વપરાશ, એનાબોલિઝમ એટલે એનર્જી સ્ટોર થવી. તમારે વજન વધારવું હોય તો તમારે એનાબોલિઝમ તરફ જવું જોઈએ અને ઘટાડવું હોય કે વધવા ન દેવું હોય તો કેટાબોલિઝમ તરફ.

ભારતમાં જ ૨૪ ટકા સ્ત્રીઓ અને ૨૩ ટકા પુરુષો વધુ વજનથી પીડાય છે. જેને કારણે ચીન પછી બીજા નંબરે ડાયાબિટીસ- ૨ થવામાં ભારત છે. ગ્લોબલ બર્ડન ઓફ ડિસીસીઝના અભ્યાસ મુજબ દુનિયાના હૃદયરોગીઓનો લગભગ ૬૦ ટકા હિસ્સો ભારતમાં છે !

આ બધું થવાનું કારણ છે નિષ્ક્રિય જીવનશૈલી. જે અનેક બીમારીઓનું મૂળ બની ગઈ છે. એક પ્રયોગમાં જોવામાં આવ્યું કે, બસ ડ્રાઈવર, કેબ ડ્રાઈવરો અને ક્લાર્કે જેમને કલાકો સુધી બેસી રહેવાનું હતું, તેમને હૃદયરોગ સંબંધિત મૃત્યુ થવાનો ઘેર બસ કંડક્ટર, પોસ્ટમેન જેવાં સક્રિય નોકરી કરવાવાળા કરતાં વધુ હતો.

વિવિધ લોકો એક્સરસાઈઝ સ્નેક્સ વિશે શું માનતા હતા ? અમલમાં મૂકતા હતા!

કર્ણાવતી ક્લબમાં અમારા મિત્ર મોર્નિંગ વોક માટે લઈ ગયા. બહુ જ સરસવોકિંગ ટ્રેક છે અને ઘણા બધા સવારના વોક માટે આવે છે. ગુજરાતીઓ હેલ્થ માટે આટલા બધા સચેત છે, જાણીને બહુ જ આનંદ થયો. એકાદ કલાકની વોક પછી અમે મિત્ર સાથે અને એમના મિત્રો સાથે ધ ગ્રાન્ડભગવતીની રેસ્ટોરન્ટમાં હતા. આનો સવારનો નાસ્તો મસ્ત હોય છે, એવું કહેતાં કહેતાં બધાએ ભરપૂર નાસ્તો હેલ્થથી વિરુદ્ધનો કર્યો અને કહ્યું એક્સરસાઈઝ પછી સ્નેક્સ તો હોય જ ને!

હિંમતભાઈ બહુ જ બોલકા. એ કહે, લોકો કસરત કરે છે તંદુરસ્ત, નિરોગી રહેવા માટે બરાબર ને ? તો પછી કેટલા બધા લોકો રમતની મેદાનમાં ઢળી પડે છે. તમને દાખલા આપું, મેરેથોન રનરનું ટ્રેક ઉપર જ..... !, કોઈક ડાન્સ કરતાં કરતાં, આ બધાયુવાન નાની વયના જ ફિટ એન્ડ ફાઈન જ હતા છતાં...! પણ તમે કોઈ દિવસ સાંભળ્યું છે કે, ફલાણા ભાઈ સવારે ગરમ-ગરમ ફાફડા-જલેબીની ડિશ લઈ જલેબી ગૂંચડું મોઢાંમાં મૂક્તાં કે ફાફડા ને કાચા પપૈયા સંભારો ચાખતાં ચાખતાં રામશરણ થઈ ગયા હોય ?

ભરતભાઈને ડાયાબિટીસ અને વજન પણ વધારે. એટલે ડોક્ટરે દવાઓની સાથે કસરત કરવાની સુચના આપી હતી. તોએમણે એનું અક્ષરસઃ પાલન કરવા કારમાં એક યુવકને બેસાડવાનું શરૂ કર્યું. વોકિંગ ટ્રેક ઉપર જાય એટલે યુવકના હાથ ઉપર સ્માર્ટ વોચ બાંધી આપે અને એને ઓન કરી પોતે આરામથી એક બાંકડા ઉપર બેસીને નાસ્તો કરે (સ્નેક્સ્) ! એકાદ મહિના - પછી ડોક્ટરને બતાવવા ગયા તો પરિણામ ખરાબ હતા. ડોક્ટરે કહ્યું, ભરતભાઈ બે વાર ચાલવાનું રાખો. ભલે ભલે સાહેબ અને એમણે બે યુવાનને નોકરીએ રાખ્યા. સવારે એક યુવાન ચાલે અને સાંજે બીજો. અને પોતે આરામથી બેસે. અમે એમને ટોક્યા તો કહે, તમારામાં રાષ્ટ્રભાવના જ નથી. આજે જ્યારે આપણા લોકપ્રિય પી. એમ. ને વિરોધપક્ષાવાળા બેરોજગારીના પ્રશ્ન પર મુંઝવે છે, તો આપણે એક - બે બેરોજગારને આવી રીતે કામ સામે પૈસા આપીને એમનો બોજો હળવો ન કરી શકીએ? ભારતમાતા કી જય... મારું જે થવાનું હોય તે બહુ ઉચ્ચ રાષ્ટ્રપ્રેમ કે જલે થાય પણ કે જલેબી ફાફડા ????? !! વર્તમાન યુગના કાર્ય અને જીવનશૈલીની નિષ્ક્રિયતા એક વૈશ્વિકઆરોગ્ય સંકટ બની ગયા છે અને આર્થિક સધ્ધરતા આવવાના કારણે વધુને વધુ લોકો દુનિયામાં નિષ્ક્રિય જીવન પસાર કરી રહ્યા છે. ભારતમાં ૨૦૧૮ના અભ્યાસ અનુસાર ૫૪ ટકા લોકો શારીરિક રીતે નિષ્ક્રિય છે. સપ્તાહમાં ૧૫૦ મિનિટથી પણ ઓછી મધ્યમ તીવ્રતાવાળી કસરત કરે છે. કોઈપણ ગતિવિધિ કરતાસમયે તમે એક જ શ્વાસમાં આખું વાક્ય બોલી શકતા હો તો એ મધ્યમ તીવ્રતાવાળી કસરત કહેવાય. જે સારા આરોગ્ય માટે લઘુત્તમ છે, મિનિમમ છે. ઈન્ડિયન જર્નલ ઓફ સાઈકિઆટ્રીમાં આવેલા એક અભ્યાસ મુજબ શારીરિક નિષ્ક્રિયતાને લીધે ડિપ્રેશન અને એન્ઝાઈટીની શક્યતા ૨૫ ટકા વધુ રહે છે.

આ બધી સમસ્યાઓ શારીરિક તેમજ માનસિક જીવનની ગુણવત્તા ઘટાડવાની સાથે કાર્યની ગુણવત્તા પણ ઘટાડે છે તેમજ આરોગ્ય સેવાઓ પર પણ દબાણ લાવે છે. ભારતની જ વાત કરીએ તો આ બોજો ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. જેદેશની વૃદ્ધિ તેમજ વિકાસ માટે મોટું જોખમ બની શકે.

આ બધાથી બચવા માટે કસરત અને સક્રિયતા જીવનમાં અપનાવવી જરૂરી છે. બાળકો માટે દરરોજ ૬૦ મિનિટ કરતાં વધુ અને સિનિયર સિટીઝન માટે અઠવાડિયામાં ૧૫૦ મિનિટ કરતાં વધુની કસરત તેમજ યોગા અને સ્નાયુઓને મજબુત કરવાની કસરતો પણ કરવી જરૂરી છે. આનાથી વૃદ્ધોમાં શારીરિક સંતુલનને સુધારીને પડી જવાથી થતી ઈજાઓમાં ઘટાડો થાય છે. (વૃદ્ધોમાં પડી જવાથી થાપાના હાડકાંમાં ફ્રેકચર થવાની શક્યતાઓ ખૂબ રહે છે અને ત્યારબાદ ફરીથી તંદુરસ્ત જિંદગી જીવવાની શક્યતાઓ ઓછી રહે છે!)

આમ નિયમિત મુખ્ય કસરત અને નાની-નાની કસરતો દિવસ દરમ્યાન કરવાથી હૃદયરોગ થવાનું જોખમ ૮૦ ટકા સુધીનો ઘટાડો, ડાયાબિટિસ ટાઈપ-૨નું જોખમ ૯૦ ટકા સુધી ઓછું થઈ શકે છે. તેમજ કેટલાંક કેન્સર થવાની શક્યતા ૩૩ ટકા સુધી ઘટી જાય છેઅને આને કારણે મૃત્યુદરમાં ઘટાડો થાય છે. આ નાની-નાની કસરતો કરવા માટે ક્યાંય જવાનું હોય, કોઈ પાસે શીખવાનું હોય? ના. તમે જાતે જ થોડીક પ્રેક્ટિસથી કરી શકો. જેમ કે તમારી ઓફિસમાં ત્રણ માળ છે, તો તમારે કોઈ પણ કારણ વગર દર કલાકે દાદરા ઉતરવા અને ચડવાની કસરત કરી શકો છો.

- ઓફિસમાં તમારી ખુરશીની પાછળઊભા રહી, ખુરશીને પકડીને એક પગને ગોઠણથી વાળો અને એક પગ ઉપર ઊભા રહો. હવે ધીમેથી ખુરશીનો ટેકો છોડી દઈ તમારા એક પગ ઉપર જ બેલેન્સ કરો. પછી બીજા પગ ઉપર આ જ રીતે તમે કરી શકો છો.
- ઓફિસમાં સીટ અપ - ઊઠબેસ પાંચ પાંચ કરો.
- જો આવડતા હોય તો પાંચ-પાંચ સૂર્યનમસ્કાર દર કલાકે કરો.

એક જ જગ્યાએ ઊભા રહીને ચાલવાની કસરત અને ત્યારબાદ ઝડપથી ચાલો, જોગિંગ પણ કરી શકો છો

- ફક્ત બેથી પાંચ મિનિટ માટે. રસોઈ કરતાં કરતાં પણ પગની, હાથની, ગરદનની કસરતો કરતા રહો. સ્કૂલમાં હતા ત્યારે પી. ટી.ના ક્લાસમાં એક...દો... ની કસરત કરાવતાં, એવી સહેલી સહેલી કસરતોને જીવનનો એક ભાગ નાસ્તાની જેમ બનાવો. ઊંડા શ્વાસ લ્યો અને થોડીવાર માટે રોકી રાખો. ત્યારબાદ ધીમે ધીમે છોડો.
- ઊભા રહીને હવે પંજા ઉપર થોડી વાર ઊભા રહો. પછી એડી ઉપર આવું પાંચવાર કરો.

આંખોને ઉપર, નીચે, ડાબે, જમણે ચહેરો સ્થિર રાખીને ફેરવવાની કોશિશ કરો.

- આંગળાની કસરતો સાધન વડે અથવા સાધન વગર પણ કરી શકાય.
- આમ આવી નાની-નાની કસરતો પણ તમારી નિષ્ક્રિય જીવનશૈલીને સક્રિય બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવશે. જો કે આ એક્સરસાઈઝ સ્નેક્સ છે. મુખ્ય ભોજન નથી જ ! એટલે સવારે-સાંજે જે મુખ્ય કસરતના ભાગરૂપે ચાલવાનું, રમવાનું, સ્વિમિંગ, સાઈકલિંગ કરવાનું, સ્ટ્રેન્થ ટ્રેનિંગ કરવાનું તો હોવું જ જોઈએ. તો જ આ નાની-નાની સ્નેક્સ્ તમને વધુ ફાયદાકારક બની શકશે.

પોતાની જાત સાથે કરેલો સંવાદ, એ હંમેશા શ્રેષ્ઠ સંવાદ હોય છે

# સફળ ફિલ્મોના સર્જક - જી.પી. સિપ્પી

## સપ્ટેમ્બરના સિતારા

- નરેશ કાપડીઆ

હન્દી ફિલ્મોમાં અપ્રતિમ સફળ એવી 'શોલે' બનાવનાર ગોપાલદાસ પરમાનંદ સિપ્પી અગર જીવતા હોત તો આજે ૧૦૭ વર્ષના થાત. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૧૪ ના રોજ તેમનો જન્મ આજના પાકિસ્તાનના હૈદરાબાદમાં થયો હતો. સિંધી હિંદુ પરિવારના આ ફરજંદે અનેક સફળ ફિલ્મોનું નિર્માણ-નિર્દેશન કર્યું છે. 'શોલે' ઉપરાંત જી.પી. સિપ્પી યાદ રહેશે 'સીતા ઔર ગીતા', 'શાન', 'સાગર', 'રાજુ બન ગયા જેન્ટલમેન' જેવી સફળ ફિલ્મોથી.

ફિલ્મોના નિર્માણ ઉપરાંત તેમનું બહુ મોટું પ્રદાન ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એફએફઆઈ)ના પ્રમુખ રૂપે હતું. તેઓ તે સંસ્થાના પ્રમુખ ત્રણ વખત રહ્યા હતા. તે ઉપરાંત તેઓ ફિલ્મ એન્ડ ટીવી પ્રોડ્યુસર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ પદે પણ લાંબો સમય રહ્યા હતા.

તેમણે ૧૯૫૧માં દેવ આનંદ અને નિમ્મીની ફિલ્મ 'સજા'નું પહેલું નિર્માણ કર્યું હતું. ૧૯૫૫માં 'મરીન ડ્રાઈવ' અને 'અદલ-એ-જહાંગીર'નું અને ૧૯૫૬મા 'શ્રીમતિ ૪૨૦'નું નિર્દેશન કર્યું હતું. ગુરુ દત્ત - વહીદાની તેમણે નિર્માણ કરેલી ફિલ્મ '૧૨ ઓ ક્લોક'ને સફળતા મળી હતી.

તેમની 'મેરે સનમ'ના ઓ.પી. નૈય્યરના સંગીતથી તેમણે ધૂમ મચાવી હતી ૧૯૬૮માં સિપ્પીની 'બ્રહ્મચારી' તેમની સફળતાનું ઊંચું શિખર હતું. આ ફિલ્મ માટે તેમને શ્રેષ્ઠ નિર્માતા, શમ્મી કપૂરને શ્રેષ્ઠ અભિનેતા, શંકર જયકિશનને શ્રેષ્ઠ સંગીતકાર, શૈલેન્દ્રને 'મૈ ગાઉ તુમ સો જાઓ' માટે શ્રેષ્ઠ ગીતકાર અને રફી સાહેબને 'દિલ કે ઝરોખો મેં તુજ કો બિઠાકર' ગાવા બદલ શ્રેષ્ઠ ગાયકના ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યાં હતાં. સુપર સ્ટાર રાજેશ ખન્ના જેમાંથી શોધાયા તે પોતાના પ્રકારની પહેલી પ્રતિભા શોધ કરનારા નિર્માતાઓની ટીમમાં જી.પી. સિપ્પી હતા. તેમની ખન્ના-મુમતાઝની ફિલ્મ 'બંધન'નું ઘણું શૂટિંગ સૂરત પાસેના પલસાણા વિસ્તારના ગામો-ખેતરોમાં થયું હતું, ત્યારે બંને મોટા સ્ટારના યજમાન બનવાનો લહાવો અહીંના પરિવારોએ લીધો હતો. ૧૯૭૧માં તેમણે અલગ -કારની વાર્તા સાથે શમ્મી કપૂર અને રાજેશ ખન્નાને પ્રેમ ચતુષ્કોણમાં હેમા માલીની અને સિમી સાથે રજૂ કર્યા ફિલ્મ 'અંદાઝ'માં. તેમાં લેખક સલીમ-જાવેદ હતાં અને પહેલી વાર શંકર જયકિશને રાજેશ ખન્ના માટે 'જિંદગી એક સફર હૈ સુહાના' બનાવીને ધૂમ મચાવી હતી. જી.પી. સિપ્પી હંમેશા યાદ રહેશે તેમની ૧૯૭૫ની ફિલ્મ 'શોલે' થી. તે ભારતીય ફિલ્મોના ઈતિહાસની સૌથી સફળ ફિલ્મોમાંની એક છે. સિક્સ ટ્રેક સ્ટીરીઓ સાઉન્ડ અને ૭૦ એમએમ ની પ્રિન્ટ પર બનેલી 'શોલે' ટેકનીકની દ્રષ્ટિએ પણ મહાન ફિલ્મ હતી. તે એક સીમાચિહ્ન બની ગઈ. જોકે એજ રીતે તેમણે જેને 'અર્બન શોલે' રૂપે બનાવેલી તે 'શાન'માં તેઓ સફળતા દોહરાવી શક્યા નહોતા. ત્યાર બાદ તેમણે 'તૃષ્ણા' અને 'એહસાસ' બનાવી. 'બોબી' પછી પડદાથી દૂર રહેલાં ડીમ્પલજી ને ફરી ઋષિ કપૂર સાથે તેમણે 'સાગર'માં ૧૯૮૫માં લાવીને સફળતા દોહરાવી હતી.

બદલાતા સમયમાં સલમાન ખાનને લઈને તેમણે 'પથ્થર કે ફૂલ' અને શાહરુખ ખાનને લઈને 'રાજુ બન ગયા જેન્ટલ મેન' બનાવી. એ સ્ટાર્સ આજ સુધી રાજ કરે છે. સિપ્પી સાહેબની છેલ્લી રજૂ થયેલી ફિલ્મ 'હંમેશા' (૧૯૯૭) હતી. તેમના અત્યંત તેજસ્વી દીકરા અને 'શોલે' સહિતની અનેક ફિલ્મોના નિર્દેશક રમેશ સિપ્પી તેમનો વારસો સાચવતા રહ્યાં. ૨૫ ડીસેમ્બર, ૨૦૦૭ના રોજ મુંબઈમાં ૯૩ વર્ષની વયે તેમનું નિધન થયું. જી.પી. સિપ્પીના ટોપ ટેન ગીતો તુમ ન જાને કિસ જહાં મેં ખો ગયે - સજા, તુમ જો હુએ મેરે હમસફર - ૧૨ ઓ ક્લોક, જાઈયે આપ કહાં જાયેંગે - મેરે સનમ, દિલ કે ઝરોખો મેં તુઝ કો બીઠા કાર - બ્રહ્મચારી, ઝીંદગી એક સફર હૈ સુહાના - અંદાઝ, હવા કે સાથ સાથ - સીતા ઔર ગીતા, યે દોસ્તી હમ નહીં - શોલે, સપનોં કા શહર મેં - એહસાસ, પ્યાર કરનેવાલે - શાન, સાગર જૈસી આંખો વાલી - સાગર, કભી તું છલિયા લાગતાં હૈ - પથ્થર કે ફૂલ અને શરદી ખાંસીના મેલેરિયા - રાજુ બન ગયા જેન્ટલ મેન.

પુસ્તકઃ સપ્ટેમ્બરના સિતારા - નરેશ કાપડીઆ

# વિસર્જન

'આવાહનમ ન જાનામિ ન જાનામિ વિસર્જનમ,
પૂજા ચૈવ ન જાનામી ક્ષમશ્વ પરમેશ્વર,
મંત્ર હીનં ક્રિયાહીનં ભક્તિહીનં જનાર્દન,
યત્પુજિતં મયા દેવ, પરિપૂર્ણ તદસ્તુમે.'

આપણે કોઈ કોઈ દેવી-દેવતાઓની પૂજા અવશ્ય કરતા હોઈએ છીએ પૂજા કરતી વખતે આપણાથી જાણતા-અજાણતા કોઈ ભૂલ કે ક્ષતિ રહી જતી હોય છે ત્યારે આ મંત્ર બોલાતો હોય છે. પરંતુ આપણાં જીવનમાંથી, મનમાંથી કોઈ વ્યક્તિનું વિસર્જન કરવું હોય ત્યારે એવો કોઈ શ્લોક,મંત્ર કે સુવાક્ય હોય છે ખરું?

આપણાંમાંથી ઘણું વિસર્જિત થઈ શકે તો આપણાં જીવનમાં આપણને દુખ પહોંચાડનાર જીવોનું પણ આપણાં જીવનમાંથી વિસર્જન થય જ શકે એમ છે.

U can only win when your mind is stronger than your emotions!

તમે ત્યારે જ જીતી શકો જ્યારે તમારું મગજ લાગણી કરતાં વધારે મજબૂત હોય.

હજી હમણાં જ ગણપતિ બાપ્પાની પધરામણી થઈ અને હવે એમનાં વિસર્જનની ઘડી પણ નજીક આવી ગઈ છે. ધૂમધામથી એમને એમનાં નિજ સ્થાને મોકલાવીશું. વાજતે ગાજતે એમનું વિસર્જન કરીશું. પરંતુ શું એમની સાથે આપણાંમાં રહેલાં દુર્ગુણોનું વિસર્જન કરીશું ખરાં ?? અને આપણાં જીવનમાં રહેલા દુર્ગુણોથી ભરપૂર સજ્જનોનું?

તુલસીદાસે કહ્યું જ છે કે,`તુલસી ઈસ સંસાર મેં ભાતી ભાતી કે લોગે`



આપણું જીવન અનેક લોકોથી ઘેરાયેલું છે. દરરોજ આપણને કેટલાંય લોકો મળે છે. એમાંથી કેટલાક કાયમ માટે યાદ રહી જાય છે, તો કેટલાકનાં ફક્ત ચહેરા યાદ રહી જતાં હોય છે, તો કોઈની ફક્ત વાતો જ યાદ રહી જતી હોય છે. વળી, કેટલાક કાયમ માટે વિસરાઈ જતાં હોય છે. દરરોજ નવા-જૂના લોકો સાથે તાલમેલ બેસાડતાં - બેસાડતાં જીવન જીવી જવાનું હોય છે. આ જીવનમાં આપણને ગમતાં - અણગમતા દરેક લોકોને સાથે રાખીને ચાલવાનું હોય છે.

આપણાં જીવનમાં આવતાં લોકોનો તિરસ્કાર ક્યારેય ન કરવો. કોઈપણ વ્યક્તિને દોષ ન દેવો. ગયા જન્મનાં ઋણાનુંબંધને લીધે દરેક વ્યક્તિ જીવનમાં આવતાં હોય છે અને લેણા-દેણી પ્રમાણે જ આપણી સાથે વર્તતા હોય છે. આમ છતાં વાત માનસિક સ્વાસ્થ્યની આવે ત્યારે ત્યારે આપણને કનડગત કરતાં લોકોથી પ્રેમથી દૂર થઈ જવું, એ જ આપણા માટે હિતાવહ રહે છે.

સારા માણસો આપણને ખુશી- આનંદ આપી જાય છે. એવો આનંદ કે જે આપણને જીવનભર યાદ રહે . અમુક માણસ હોય જ છે એવા જેમને જોતાં જ આપણું મન પ્રફુલિત થઈ જાય. એમનાં મુખ પરનું મધુર હાસ્ય ગમે એવા કડવા માણસના હૃદયમાં પણ મીઠાશ રેડી દે છે. એમનું એક સ્મિત પહાડ જેવા દુઃખોને પળવાર માટે તો ભુલાવી જ દેતું હોય છે. એવા એકાદ બે જણ જીવનમાં હોવા ઘટે કે જેમનાં હોવા માત્રથી જ જીવનમાં ઉત્સાહ આવે. એમનું સ્મિત કંઈ પણ કરવા આપણને ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાંથી પણ બેઠા કરે તેથી વધુ આપણને ફરી જીવંત બનાવી જાય એવી વ્યક્તિને જીવનમાં ક્યારેય, કોઈપણ ભોગે ગુમાવવા ન જોઈએ. એવાં મીઠડાં સ્મિતવાળી વ્યક્તિ માટે તો હર હંમેશ એક જ પ્રાર્થના થાય કે ભગવાન એમનું સ્મિત યથાવત રાખે જેનાં થકી બીજાં ઘણાયે લોકો જીવી જતા હોય છે.

એવી જ રીતે ખરાબ માણસો આપણને અનુભવ આપી જાય છે. અહીં એક વાત નોંધવી રહી કે માણસ ક્યારેય ખરાબ નથી હોતો એનો સ્વભાવ, પ્રકૃતિ જ એવી હોય છે. જેની પાસે બધું જ હોવા છતાં અનેક જાતનાં ભાવ અભાવમાં જીવતો હોય છે. તેઓ ક્યારેય બીજા માટે સારું કે સાચું બોલવાનું તો ઠીક સારું વિચારી પણ નથી જ શકતાં. એમનામાં એક એવી ઊણપ હોય છે જેનાં થકી એને બીજાં બધામાં જ ઊણપ દેખાતી હોય છે. એવા લોકોને પ્રેમથી બાજુમાં રાખીને થોડું અંતર બનાવી લેવું.

તેઓને પણ જાકારો નહીં જ આપવાનો. એવા લોકો આપણને કાયમ નવો-નવો અનુભવ આપતા હોય છે. એક સુવિચાર ખૂબ પ્રચલિત છે કે,જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચ્યા અનુભવી.

એમનાથી ખરાબ કે વિચિત્ર માનસ ધરાવતા લોકો પણ આપણાં જીવનમાં આવતાં હોય છે. જે આપણને ઘણું શીખવતા હોય છે. બીજું કંઈ નહીં તો માણસાઈ તો શીખવી જ જાય છે. કારણ કે એમનામાં રહેલી ક્રુરતા આપણને માણસ બનાવે છે. બીજાનું હંમેશા અહિત કરતાં જરાય ન ખંચકાતા લોકો જ આપણને જીવનમાં અનેક પાઠો ભણાવી જતા હોય છે કે કંઈક સારું કરવા માટે પ્રેરિત કરી જતા હોય છે. એમની માનસિકતા ઉપર આપણને દયા આવે છે, તો ક્યારેક ગુસ્સો, તો ક્યારેક ધીરજ રાખતા શીખવે છે. તો ઘણીવાર એમનું ભલું ન થતાં આપણને જીવવા લાયક પણ નથી રહેવા દેતા.

એવાં વિકૃત માનસિકતા ધરાવતા માણસોને આપણાં જીવનમાંથી પહેલી તકે રવાના કરવા ખૂબ જરૂરી બને છે. એના માટે કોઈ સગપણ જરૂરી નથી હોતું. એની વિચિત્રતા થકી આપણા જીવનનું ચિત્ર બગડતું હોય તો એવા વ્યક્તિને કોઈપણ રીતે જાકારો આપવો. કારણ ખરાબ માણસને એક વખત સુધારી શકાય વિકૃત માનસ ધરાવતા વ્યક્તિને ક્યારેય નહીં. એથી એમને હિંમતભેર દૂર કરવા. આપણાં માનસિક સ્વાસ્થ્ય માટે અને જીવન માટે ખૂબ સ્વસ્થ પુરવાર થતું હોય છે.

સૌથી સારા પ્રકારનાં વ્યક્તિ કે જે આપણને કાયમ માટે યાદો આપી જતા હોય છે. એવી વ્યક્તિ આપણી સાથે એવા સંબંધોથી બંધાય છે જેને કોઈ નામ પણ નથી હોતું. તેને કોઈ નામની જરૂર પણ નથી જ હોતી. બસ એમની સાથે વાતો જ યાદો બની જતી હોય છે. એમની સાથે વિતાવેલી દરેક ક્ષણો આપણું જીવન શણગારી જતી હોય છે. એવાં વ્યક્તિ કે સંબંધોને આપણે આજીવન સાચવી લેવા જોઈએ. જેમનાં થકી મૃતપ્રાય હાલતમાં પણ જીવી શકાય. એવાં લોકોની ક્યારેય અવગણના ન કરવી?. જે આપણને ખુશ રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય એવી વ્યક્તિને આપણે હંમેશા ખુશ જ રાખવા જોઈએ. કારણ કાયમ બધી જ વ્યક્તિ આપણી કાળજી નથી રાખી શકતું. એ એક જણ નિસ્વાર્થ આપણી ચિંતા કે કાળજી કરતા હોય છે. એવા લોકોથી જ આપણું જીવન ઉજવાતું હોય છે. એમની પ્રાર્થના થકી જ આપણા કામો સહેલાઈથી થતા હોય છે. એમનાં થકી જ આપણું માનસિક સ્વાસ્થ્ય સારું રહેતું હોય છે. એવા સંબંધને કોઈ પણ ભોગે ગુમાવવા ન જોઈએ. આવા સંબંધમાં

ફક્ત કોઈ બે વ્યક્તિનું હોવું જરૂરી છે. કોઈ લિંગ પ્રજાતી ભેદ કે ઉંમર સાથે એને કોઈ સગપણ નથી હોતું. બે વ્યક્તિ એકબીજાને ખુશ રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતાં હોય તો એનાથી વિશેષ સુંદર જીવનમાં બીજો કયો સંબંધ હોઈ શકે?

આપણે કેવા લોકોને આપણાં જીવનમાં રાખવા જોઈએ, કેવા લોકોથી અંતર રાખવું જોઈએ અને કેવા લોકોને કાયમ માટે જાકારો આપવો જોઈએ એની સમજ સભાનતાપૂર્વક આપણે કેળવવી જ જોઈએ. આ જમાનામાં રોબર્ટ ઓળખવો કદાચ સહેલો બને પણ માણસ નથી ઓળખાતો. બહુરૂપીને ઓળખવું આમપણ અઘરું પડતું હોય છે.

આને સૌથી મહત્વની વાત આપણને આપણાંથી વધુ કોઈ જ ઓળખી નથી શકતું કે જાણી નથી શકતું. એથી આપણાં સ્વાસ્થ્ય માટે હાનિકારક લોકોને પ્રેમથી બાજુએ મૂકીને આપણે આપણાં રસ્તે બીજાને નડ્યા વિના ચાલતા રહેવું. પરમાત્માને ઓળખીને કરવામાં આવેલ દરેક કાર્ય સાચા અને સારાં જ હોવાનાં. પરિવર્તન એ સંસારનો નિયમ છે તો આપણાંમાં પણ પરિવર્તન આવકાર્ય જ છે. સમયાંતરે આપણે આપણાં વિચારોમાં પણ બદલાવ લાવવો જ પડે છે. સુખી થવાનો આ પણ એક ઉત્તમ માર્ગ છે અને છેલ્લે જ્યારે આપણી પાસે કોઈ જ આપણું કહેવાય એવી વ્યક્તિ ન હોય ત્યારે આપણે જ આપણાં બની જવું. આપણે જ આપણો હાથ પકડીને આપણાં ગમતા રસ્તે ચાલવા માંડવું સફળતા અને પરમાત્મા બંને મળે જ છે.

# હું ટપુડો બોલું છું

**વીણેલાં ફૂલ**

ટપુડાનું ખરું નામ હતું ગદાધર. એ જન્મ્યો ત્યારે દિલીપ, સુધીર, અજીત વગેરે નામોનો જનામો તો ચાલુ થયો હતો, પણ ટપુડાનું નસીબ એવું કે નામ પાડતી વખતે નાનુમામા હાજર. અમે એમને ગદાધર સિવાય બીજું નામ પસંદ નહીં હિંમત છે કોઇની કે એમની વાત ટાળે ?

માને નામ કાંઇ જીભે ચઢે નહીં. ટૂંકું કરવું હોય તોયે શું કહવું ? ગદા કે ઘર ? છેવટે રાજ્જા, ટેણિયો વગેરે કહીને વરસ પૂરું કર્યું. વરસનો થતાં ગદાધર ચાલવા લાગ્યો...ટપ્...ટપ્ 'જો...જો...આ તો ટપ્...ટપ્ ચાલવા લાગ્યો.' ચાલવા લાગ્યો.' અને એમ ધીરે ધીરે ગદાધરનું ટપુડામાં પદાર્પણ થયું.

પછી તો એ નોકર-ચાકર, સગાં- સંબંધી સહુનો ટપુડો. નિશાળમાં ''ગદાધર પંડિત'' એ નામ લખેલી નોટ પોતાની છે એય સમજતાં એને જરીક વાર લાગતી. અને માસ્તર ''હાજરી'' કહેવા જતાંયે ઘડીનો વિલંબ થઇ જતો.

પરંતુ ટપુડો ટૂંકું પાટલૂન પહેરતો થયો, તેની સાથે છોડો ફરક થલા લાગ્યો. 'મને ટપુડો કહેવાનું નહીં,' ઘરમાં એણે ફરમાન કાઢયું.

'હું તને તલવાર કહીશ'

'અરે, એને બદલે ઢાલ જ કહીએ તો ?'

....નાનાં ભાઇ-બહેન મશ્કરી કરવા લાગ્યાં.'મમી, પ્લીઝ ! તું મને સાચકલા નામથી બોલાવને ! પછી બધા બોલાવશે. આ ટપુડો શું ? હવે હું કાંઇ કીકલો છું ?'

મમ્મી ખરેખર પ્રયત્ન કરવા માંડ્યા. પણ તેનાથી તો વધારે છબરડા વળતા.

ક્યારેક ફોન આવતો. ટપુડો ઉઠાવીને કહેતો,'હું ગદાધર બોલું છું,' ફોન કરનારો ઘડીક ચકરાવામાં પડી જતો. પછી ઓળખીને એકદમ કહેતો, 'ટપુડો કે ?'

આમ, લાખ પ્રયત્ન છતાં ટપુડો જ રહ્યો, એટલે જ્યારે પ્પાની બદલી થઇ, ત્યારે સૌથી વધુ ખુશી ટપુડાને થઇ. બસ,હવે નવી દુનિયા, નવા લાકો,નવું નામ ! ટપુડાને નામે ઓળખનારું કોઇ નહીં. ઘરમાં સખત સૂચના આપી દીધી, 'ટપુડાનો ''ટ'' પણ ્યારેય બોલવાનો નથી !

અને થોડા દિવસ તો આપણો ટપુડો ગદાધાર પંડિતના નામે મહાલ્યો. ત્યાં એક દિવસ કૉલેજમાં સુજાતા લગભગ બૂમ પાડી ઊઠી, 'અરે, ટપુડા! તું અહીં ?'

ટપુડાને તો કાપો તો લોહી ન નીકળે ? પણ...'અબ તો બાત ફૈલ ગઇ..' સુજાતા ને ટપુડા પ્રાથમિક શાળાથી સાથે ભણતાં. એના પપ્પાનીયે બદલી થઇ હતી. એટલે ટપુડાના બધા મનોરથ ફરી માટીમાં મળ્યા. દોસ્તારો કહેતા,'ગદાનો ભાર તું ઉપાડ, અમે શું કામ ઉપાડીએ ? અમે તો ટપુડો જ કહીશું ?'

શિક્ષણ પત્યું અને નોકરી મળી. ઓફિસમાં બધા મિસ્ટર પંડિત કહેવા લાગ્યા. એના સાહેબને બહુ ઔપચારિકતા ગમતી નહીં. ઘણી વાર પૂછતાં, તમારું કોઇ હુલામણું નામ નથી ? એ ભારે મોંએ જવાબ આપતો : 'ના, સાહેબ ! બધાં મને મિસ્ટર પંડિત ગદાધર કહે.'

તેવામાં એક દિવસ એવું બન્યું કે ઘરે સાપ નીકળ્યો. એની બહેને ફોન કર્યો. ગભરાટમાં ને ગભરાટમાં ને ગભરાટમાં એનાથી બોલાઇ ગયું, 'ટપુડો છે કે ?અરે...હા...હા..મિસ્ટર પંડિત ?'

અને ભાંડો ફૂટી ગયો . સાપનો નિકાલ કરી ઓફિસે આવ્યો ત્યારે એ પંડિત અને ગદાઘર મટી ફરી પાછો એનો એ ટપુડો બની ચૂક્યો હતો ! રાતે બહેન પર ખીજ ઉતારી : ''બધુ પાયમાલ કરી નાખ્યું, તને ઢબુ કહું, ઠીગું કહું, તગડી કહું...' પણ વ્યર્થ બહેનને ઢબુ કહેવાથી હવે કાંઇ ટપુડો થોડો જ ભુલાવાનો હતો ?

સગાઇ થઇ. ત્યાંય સાવચેતી તો ઘણી રાખી. અને લગ્ન થયાં ત્યાં સુધી સાસરિયામાં ગદાધરલાલ, ગદાધરભાઇ 'ગદાધર ફુઆ' વગેરે આદબપૂર્વક કહેવાયુંયે ખરું. જોકે રમા હજી શરમાતી- શરમાતી 'તમે..અહો...' કહીને જ નભાવતી. કંકોત્રીમાંયે નામ છપાયું, ગદાધર. લગ્નને દિવસે ખાસ સૂચના અપાઇ ગઇ. ટપુડાએ પણ કહી દીધું, 'જો જો, હંટપુડો સાંભળ્યું કે હું માંડવામાંથી ચાલ્યો જઇશ !' અને બધાંએ બહુ સંયમ પાળ્યો. પણ જીભને ટેવ નહીં, એટલે વાતાવાતમાં ટ...પ બોલાઇ જતું, અને પછી ચીપી ચીપીને ગ..દા..ધ..ર એમ બોલાવું પડતું. અજાણ્યાને નવાઇ લાગતી. ત્યારે 'કોઇને કહેશો નહીં, હં ! કહીને એકે વળી ખુલાસો કર્યો.' તમારા જમાઇનું ઘરમાં લાડકું નામ છે, ટપુડો પણ એમને એ ગમતું નથી.'


બે-ચાર દોસ્તો કાનમાં ટીખળ કરી ગયા: 'ટપુડાને મુબારકબાદી !' 'ટપુડાને શુભેચ્છા !' કહેલું કાનમાં, પણ બાજુમાં બેઠેલી રમાને ખાસ સંભાળાય તેમ. લગ્નના ઉમંગમાં ટપુડાએ પણ તે માણ્યું.

એનેય થઇ ગયું, આખરે નામમાં બળ્યું છેય શું ? હટ ! ...ગદાધર નહીં, ટપુડો ઠીક છે.


બીજે દિવસે ફોન પર એણે બેધડક કહી દીધું: 'એલાવ, કોણ ? હું ટપુડો બોલું છું...'

-રસ્કિન

# ....અને 'એકાંશ' પુસ્તક સર્જાયું






કોરોનાકાળ દરમિયાન જ્યારે લોકડાઉન ચાલી રહ્યાં હતું ત્યારે પોતાના બાળકની ધમકીથી ગભરાયેલા વાલીના ઍક ફોનકોલે મુંબઈમાં ત્રણ દાયકા ઉપરાંતથી સિનિયર ઓક્યુપેશનલ થેરાપિસ્ટ અને ક્લિનિકલ સાઇકોલોજિસ્ટ તરીકે સમાજને પોતાની સેવા આપી રહેલા ડૉ. મોના શાહના સમગ્ર લાગણીતંત્રને ઍક વેગવંત ધક્કો આપ્યો. જેના પરિણામે તેમણે બ્લોગ પર અને વર્તમાનપત્રોમાં પણ અનેક લેખો લખ્યાં, વ્યાખ્યાનો આપ્યા.

જેના ફળસ્વરૂપે અનેક વાલીઓ, શિક્ષકો, બાળમાનસના અભ્યાસુઓ ઍમ દરેક માટે ઉપયોગી ઍક અદભુત લેખમાળા સર્જાઈ. ઍના મોતીઓને ડો. મોના શાહે ઍક સૂત્રે પરોવીને જે પુસ્તક આપ્યું છે તે- આ 'ઍકાંશ'.

બાળ ઉછેર, માતૃત્વ અને તારુણ્યની સમસ્યાઓ વગેરેને લગતા ઉપદેશાત્મક પુસ્તકો તો અનેક મળી રહે છે. વિદેશમાં તો અમેરિકન સાયકોલોજીકલ ઍસોસિઍશનના ફેલો ઍલિઝાબેથ હરલોક જેવા 'ડેવલપમેન્ટલ સાયકોલોજી'ના પાયોનીયર તજજ્ઞના ગ્રંથો પણ દાયકાઓથી ઉપલબ્ધ છે. પણ આવા ભારેભરખમ ગ્રંથોનો અભ્યાસ સામાન્ય લોકો તો કરી શકે નહીં. ત્યારે ડૉ. મોના શાહની કલમે અવતરેલું 'ઍકાંશ' આ બાબતે ગુજરાતીમાં ઍક અનોખું પુસ્તક છે. જે માતાના ગર્ભમાંથી વયસ્કતા પ્રાપ્ત સુધી બાળકના વૃદ્ધિ અને વિકાસની યાત્રાના મનોશારીરિક, મનોવૈજ્ઞાનિક, આવેગાત્મક, સામાજિક વર્તનવ્યવહારો, સમાયોજન અને માનસિક આરોગ્યના અનેકવિધ વિષયો અને પાસાંઓનું ઍક પ્રેમાળ અને સંતાનનું હંમેશા ભલું ઈચ્છતી સંવેદનશીલ



**વાંચન-આચમન**

**- શીતલ ઉપાધ્યાય**

જાગૃત માતા જ નહીં, ચિકિત્સા મનોવિજ્ઞાનીની નજરે 'ઍકાંશ'ના મધ્યવર્તી પાત્રના માધ્યમથી સુગમ, આસ્વાદ્ય અને વૈજ્ઞાનિક ઢબે આલેખન ધરાવતું આધારભૂત પ્રેરક માર્ગદર્શન પૂરું પાડે છે. જે આ પુસ્તકની વિશેષતા છે.

શૈશવ થી પુખ્તતા પ્રાપ્તના સંક્રાંતિકાળ દરમિયાન સર્જાતા પરંપરાગત અને અગાઉ કરતાં જટિલ તથા નવા ઉમેરાયેલાં પરિમાણોના આધુનિક સમયના વિવિધ પાસાંઓ અને અનેક મુદ્દાઓ આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. ઍટલે વાચક સ્વયં જ્યારે ઍમાંથી પસાર થાય છે, ત્યારે ઍની સમક્ષ બાળ ઉછેર અને જવાબદાર વાલીપણાના ઍક નવા જ વિશ્વનો આધુનિક સંદર્ભમાં જરૂરથી ઉઘાડ થાય છે.

આ પુસ્તક સંતુલિત સ્વસ્થ બાળઉછેર અને સંતુલિત જવાબદાર વાલીપણાને કેળવવા માટે સૌ કોઈ ને ઉપયોગી માર્ગદર્શિકા તો બનશે જ, પરંતુ આ પુસ્તકમાં સંકલિત અનેક ઘટનાઓ ઍને ક્ષણોઍ જેમ લેખિકા ડૉ. મોના શાહની જિંદગીને સકારાત્મક રીતે બદલી છે ઍ જ રીતે વાચકોની જિંદગીને પણ બદલી શકશે ઍવી આશા પુસ્તક વાંચ્યા પછી વિશ્વાસમાં પરિવર્તન પામી જશે. ઍવી ખાતરી છે. પહેલાં અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકનો ગુજરાતી અનુવાદ વલસાડનાં જાણીતા કર્મશીલ લેખિકા બકુલાબેન ઘાસવાલાએ કર્યો છે. જ્યારે આશાબેન શાહે જરૂરી સહકાર પુરો પાડ્યો હતો.

ડૉ. મોના શાહને તેમના આ સમાજ ઉપયોગી સફળ ઉપક્રમ માટે ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામના.

# કવિ આદિલ મન્સૂરી આજે પણ ગુજરાતના હૃદયમાં જીવંત છે.

આદિલ એ અમદાવાદની ધરતીના માણસ છે. દેશ પ્રેમથી છલોછલ છે. દેશ છોડી અમેરિકા જતા એમને જે દુ:ખ થયું હતું તે તેમણે તેમની અમર ગઝલ મળે ન મળે એમાં વ્યક્ત કર્યું છે. નદીની રેતમાં રમતું નગર મળે ન મળે માં એ છેલ્લે એની ધૂળ માથે ચડાવી લેવાની વતન ભક્તિ દાખવે છે.

**'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે ,**
**ફરી આ દ્રશ્ય સ્મૃતિ પટ ઉપર મળે ન મળે .**
**ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,**
**પછી આ માટીની ભીની અસર મળે ન મળે.**
**પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,**
**આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.**
**ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,**
**પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.**
**રડીલો આજ સંબંધોને વીંટળાઈ અહીં,**
**પછી કોઈને કોઈની કબર મળે ન મળે.**
**વળાવવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં,**
**ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.**
**વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલે**
**અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.'**
**-- આદિલ મન્સૂરી.**

ગઝલરૂપી ઉત્તમ પ્રદાન આપનાર આદિલે કેટલાય દિલોમાં રાજ કર્યું, તેમણે ચિત્રેલા અવનવા ભાવો ગઝલને જાણે એક નવી ઊંચાઈએ લઈ જતા અને તે વાચકોના માનસપટ પર સ્થિર બનતા. આવા એક પ્રતિભાશાળી કવિ /ગઝલકારનું તારીખ ૬ /૧૧/ ૨૦૦૮ ના રોજ અમેરિકામાં ડાયાબિટીસના કારણે અવસાન થયું.



**સંવેદન**

**- બાબુ ચૌધરી, નાનાપોંઢા**

થોડા સમય પહેલા જ વિદાયમાં થયેલા કવિ /ગઝલકાર આદિલ મન્સૂરી પ્રસ્તુત કાવ્યમાં જે ઘટના છે તે અંગત જીવનના અનુભવોને આલેખીને રચાય છે આમ છતાં આપણા જીવનને પણ એ સ્પર્શે છે . માનવી સ્વભાવને અને પોતાના સરળ સ્વભાવને આલેખીને ગઝલ લખતા આદિલ બધા લોકોની વાચા બને છે જાણે આ બધા વ્યક્તિઓના મનની વાત બહાર લાવવાનું કામ આદિલ કરતા હોય પ્રસ્તુત કાવ્યમાં કવિએ પોતાના વતનની યાદને તાજી કરી છે અને કવિ હાથમાં કલમ લઇ અને સ્મરણોની દુનિયામાં ખોવાયા છે.

વિદેશમાં વસવા માટે જઈ રહેલા કવિને પોતાનું એ નદીના કાંઠે આવેલું નગર અમદાવાદ યાદ આવે છે અને એ નગરી યાદો ફરી આ સ્મૃતિપટ ઉપર આવશે કે નહીં એ પણ મુજવણ છે . આથી કવિ વતન છોડતી વેળાએ પોતાના વતનની યાદોને પોતાના મનમાં અંકિત કરી લેવા માંગે છે. નદીના ઉછળતા મોજાઓને એક દરિયો જ સમાવી શકે તેમ કવિ આ નદીની રેતમાં રમતા નગરને પોતાના શ્વાસમાં એની સુગંધને દરિયાની માફક સમાવવા માંગે છે કારણ પછી વિદેશમાં આ વતનની માટીની અસર ન પણ મળે. આમ છતાં તે પોતાની યાદોના મૂળીયા વતનની માટીમાં છોડી જાય છે અને એ વતનની ધૂળ તેના અસ્તિત્વ સાથે ચોટેલી રહે છે.

અચાનક વિદેશ જવાનો પ્રસંગ આવ્યો ત્યારે આ કાવ્યનું સર્જન થયું પરંતુ કવિનું આ વર્ણન કોઈપણ વિદેશમાં વસતા વ્યક્તિને પોતાના વતનની યાદમાં આંખો ભીની કરાવે તે સહજ છે . જે કેટલાય મનુષ્યમાં સમાન છે પરંતુ આદિલ મન્સૂરી જ તેને વાંચા આપી શકે.

કવિ વતન છોડતી વેળાએ પોતાના નગરને તો યાદ કરે જ છે સાથે સાથે તેમને કેટલાય સ્નેહીજનો, પરિચિતોનો સાથ પણ છોડવાનો છે આથી તેઓ બધા પરિચિતોને ધરાઈને જોઈ લેવા માંગે છે. જેથી તેમની આ છેલ્લી મુલાકાતની યાદી પણ મનમાં અંકિત થઈ શકે, કારણ ફરી પાછા આ હસતા ચહેરાઓ અને સ્નેહભરી મીઠી નજર પાછી ન પણ મળે. આવી જ રીતે તેઓ પોતાના નગરના રસ્તાઓ, બારીઓ, ભીંતો જેવી નિર્જીવ વસ્તુઓને પણ મન ભરીને માણે છે. જાણે આદીલે એમાં -ાણ પૂર્યા હોય. તેમને આ ઘર ગલી જેવી નિર્જીવ વસ્તુઓનો વિયોગ પણ પોસાય તેમ નથી. આથી તેમને પણ આંખોમાં ભરી લે છે.

કોઈ એવી વિશાળ જગ્યામાં કવિ સ્મૃતિઓને કેદ કરવા માંગે છે જ્યાંથી એ ક્યારેય પણ વિસરાઈ નહીં. પોતાના મનથી વિશાળ જગ્યા કવિને બીજી કોઈ લાગતી નથી આથી તે ધરાઈને આ સ્મૃતિઓને મનમાં ભરી લેવા માંગે છે અને નવજીવન તરફ -યાણ કરે છે.- કવિની વેદનાની સાચી પ્રતીતિ જે અંતિમ વેળાએ દ્રશ્ય ઊભું થાય તેવું જ દ્રશ્ય વતન છોડતી વેળાએ ઉભું થયું છે. જ્યાં કવિ મન ભરીને સ્નહીજનો સાથે રડી લેવા માંગે છે ,કારણ કે પછી મળવાનો વખત આવે કે ન પણ આવે એક રીતે જોતાં વતન છોડવાથી હવે તે કે પછી ત્યાંના સ્નેહીજનો એને મળશે પણ નહીં આથી આ અંતિમ મેળાપ છે. આમ છતાં તેમને વળાવવા માટે સ્નેહીજનો જે આવ્યા છે તે સ્મૃતિ પટ પર સ્થિર જ રહેશે ભલેને પછી સફરમાં બીજું કોઈ મળે કે ન પણ મળે. તેવી પોતાનો બધો અહમ ઓગાળીને નિંસ્વાર્થ પણે બધા સ્નેહીજનોને મળે છે અને કવિને ખબર છે કે આખરે તો બધાને ખબર કબરમાં દફન થવાનું જ છે અને થોડા જ સમય બાદ તો તે કબરની જાણ પણ કોઈને નહીં રહે. તો પછી શા માટે કોઈ ઊંચનીચના ભેદ કરવાના. તેથી જ કવિ સ્નેહીજનોને ભેટીને રડી લેવા માંગે છે અને પોતાની ભૂલોને ભૂલવા માંગે છે .

કવિ પોતાના વતનની ધૂળને એટલે કે તેની યાદોને માથે ધરે છે કારણ કે આ વિયોગ પછી તે ધૂળ પાછી ન પણ મળે માનવ જીવનમાં સ્થાયી થવાના અને રખડવાના અંતિમો વચ્ચે અટવાયા છે. એકમાં સલામતી છે અને બીજામાં સહજ છે અને બંને અનિવાર્ય છે કવિ એક જગ્યાએ સ્થાયી થયા છે. આમ છતાં તેમની યાદી વતનની ધૂળમાં રખડતી રહે છે. પોતાના વતનથી વિખુટા પડીને જે વેદના કવિ અનુભવે છે તેને આલેખમાં તે સફળ રહ્યા છે એમણે જે પ્રવાસ ખેડયો છે અને જ્યાં સ્થાયી થયા છે ત્યાં ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં એમને વતનની એ ધૂળ યાદ આવ્યા વગર રહે તેમ નથી.

આમ કવિ આદિલ મન્સૂરી કેટલાય એવા દ્રશ્યોને સાંકળીને કાવ્યમાં રહેલ ભાવને પ્રકાશિત કરવામાં સફળ રહ્યા છે. પોતાના વતન અમદાવાદમાં જન્મેલા અને વિદેશમાં દેહ છોડનારા કવિ આજે પણ હરેક ગુજરાતના હૃદયમાં જીવંત છે.

### ફિલ્મ ભૂત બંગલા'માં

# અક્ષયને ફરી સાથ આપશે પરેશ રાવલ, રાજપાલ યાદવ અને અસરાની

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૩

સતત ફ્લોપ ફિલ્મોના રેકોર્ડ છતાં અક્ષય કુમારને નવી ફિલ્મો ઓફર થઈ રહી છે. અક્ષયે બે દિવસ પહેલાં ૫૭મા જન્મદિને સરપ્રાઈઝ એનાઉન્સમેન્ટ કરી હતી. જાણીતા ડાયરેક્ટર પ્રિયદર્શન સાથે ૧૩ વર્ષ બાદ અક્ષય કુમાર ફિલ્મ કરવાના છે, જેનું નામ 'ભૂત બંગલા' છે. અક્ષય અને પ્રિયદર્શને અગાઉ સંખ્યાબંધ હિટ કોમેડી ફિલ્મો આપી છે. આ વખતે અક્ષય-પ્રિયદર્શનની જોડી હોરર કોમેડી લઈને આવી રહી છે. રિસેન્ટ ડેવલપમેન્ટ મુજબ, અક્ષય કુમારની સાથે આ ફિલ્મમાં પરેશ રાવલ, રાજપાલ યાદવ અને અસરાનીની ત્રિપુટી જોવા મળશે. અક્ષય કુમાર અને પ્રિયદર્શને બોલિવૂડની યાદગાર કોમેડી ફિલ્મો આપેલી છે. જેમાં 'હેરાફેરી', 'ગરમ મસાલા', 'ભાગમભાગ' અને 'ભૂલ ભુલૈયા'નો સમાવેશ થાય છે. અગાઉ આ જોડીએ બોક્સઓફિસ પર મેળવેલી સફળતાને જોતાં 'ભૂત બંગલા'ને સારો રિસ્પોન્સ મળવાની શક્યતા છે.

અક્ષય કુમારે પોતાનું એક્સાઈટમેન્ટ શેર કરતાં સોશિયલ મીડિયા ર જાવ્યું હતું કે, લાંબા સમય બાદ આ ડ્રીમ કોલાબરેશન થઈ રહ્યું છે. અક્ષય કુમારે ફિલ્મનું મોશન પોસ્ટર પણ શેર કર્યું હતું, જેમાં તે ખભા પર કાળી બિલાડી મૂકીને દૂધ પીતા દેખાય છે. અક્ષયનો આ અતરંગી લૂક જોઈને ફિલ્મના કોમેડી મિજાજનો અંદાજ આવી જાય છે. રિપોર્ટ્સ મુજબ, સ્ટોરીમાં યુનિક કોમેડી ફ્લેવર લાવવા માટે ત્રણ આઈકોનિક એક્ટર ફરી અક્ષયની સાથે જોવા મળશે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 14, September 2024


## પૂર્વોત્તરમાં ફેલાઈ રહેલો ભાગલાવાદ

પહેલાં પાકિસ્તાન અને હવે બાંગ્લાદેશમાં તખ્તાપલટનો આરોપ અમેરિકા પર લાગ્યો છે. ગત દિવસોમાં બાંગ્લાદેશનાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ એ આરોપ લગાવ્યો હતો કે બાંગ્લાદેશ અને મ્યાંમારના કેટલાક હિસ્સાને અલગ કરીને પૂર્વી તિમોર જેનો એક ‘ઈસાઇ દેશ’ બનાવવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. ત્યારબાદ તેમની સરકારને ઉખાડી ફેંકવામાં આવી અને જીવ બચાવવા માટે તેમણે ભાગીને ભારતમાં શરણ લેવું પડ્યું. તેમણે એમ પણ કહ્યું હતું કે આ વર્ષે જાન્યુઆરીમાં ચૂંટણીમાં તેમને જીતાડવાની લાલચ આપવામાં આવી હતી. લાલચ આપનારાએ તેમને બાંગ્લાદેશમાં પોતાનું એક એરબેઝ સ્થાપિત કરવાની શરત મૂકી હતી. તેમણે કોઈ દેશનું નામ તો નથી લીધું, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તર પર અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા તણાવને કારણે અમેરિકા પર શંકા જાય છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને પણ જ્યારે અમેરિકા વિરુદ્ધ મોરચો ખોલ્યો તો તેમની સરકાર બેદખલ થઈ ગઈ અને તેમને જેલની કોટડીમાં ધકેલી દેવામાં આવ્યા. શેખ હસીનાએ જે ભાવિ ઈસાઇ દેશ તરફ ઈશારો કર્યો હતો, તેમાં ભારતના પૂર્વોત્તરના કમ સે કમ પાંચ રાજ્યો - અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને મેઘાલયને પણ સામેલ કરવાનાં ષડયંત્ર થઈ રહ્યાં છે. આ પાંચ રાજ્યોમાંથી ત્રણ મિઝોરમ, નાગાલેન્ડ અને મેઘાલય ઈસાઇ બહુમતી થઈ ગયા છે. જે ઝડપથી પૂર્વોત્તરમાં ધર્માંતરણનું ષડયંત્ર ચાલી રહ્યું છે, તેના આધાર પર એ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નજીકના ભવિષ્યમાં અરુણાચલ પ્રદેશ અને મણિપુર પણ ઈસાઇ બહુમતી થઈ જશે. મિઝોરમમાં ઈસાઇ આબાદી ૯૦ ટકા છે. ૧૯૫૧માં નાગાલેન્ડમાં ઈસાઇ ૪૬.૦૪ ટકા હતા, જે ૨૦૧૧માં વધીને ૮૭.૯૨ ટકા થઈ ગયા. મેઘાલયમાં પણ ૧૯૬૧માં ઈસાઇ જનસંખ્યા ૩૫.૨૧ ટકા હતી, જે ૨૦૧૧માં વધીને ૭૪.૫૯ ટકા થઈ ગઈ. અરુણાચલમાં ૧૯૭૧ સુધી માત્ર ૦.૭૮ ટકા જ ઈસાઇ હતા, જે ૨૦૧૧માં વધીને ૩૦.૨૬ ટકા સુધી પહોંચી ગયા. ૧૯૫૧માં મણિપુરમાં ઈસાઇ જનસંખ્યા ૧૧.૮૪ ટકા હતી, જે ૨૦૧૧માં વધીને ૪૧.૨૮ ટકા થઈ ગઈ. આ રાજ્યોને પરસ્પર જોડવા માટે અસમના કાર્બી આંગલોંગ જિલ્લાને પસંદ કરવામાં આવ્યો છે. ગત ચાર દાયકામાં આ જિલ્લામાં ઈસાઇ સાત ટકાથી વધીને ૧૭.૫૦ ટકા થઈ ગયા છે. ભારતનું વિભાજન હિંદુ-મુસ્લિમના આધાર પર થયું હતું. વિભાજન બાદ દેશમાં નારા લગાવાતા રહ્યા, ‘હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઇ, સબ હૈ ભાઈ-ભાઈ’. ૧૯૪૭માં બે ભાઈ વચ્ચે ભાગલા પડી ગયા તો બાદમાં બે અન્ય પણ ભાગલાની માંગ કરવા લાગ્યા. આઝાદીના તરત બાદ પૂર્વોત્તરમાં કેટલાક લોકોએ ઈસાઇ સશસ્ત્ર સંઘર્ષ છેડી દીધો. ૧૯૮૦માં પંજાબમાં પણ કેટલાક અલગતાવાદી ખાલિસ્તાનનો નારો લગાવવા માંડ્યા. પૂર્વોત્તરના રાજ્યોમાં ઈસાઇકરણનું અભિયાન ભાગલાવાદને જ બળ આપી રહ્યું છે. આ દેશના સાધન સંપન્ન અને ઈસાઇ મિશનરીઓ દ્વારા સંચાલિત શિક્ષણ સંસ્થાઓમાંથી ભણીને નીકળેલો અને ઉચ્ચ પદો પર વિરાજમાન પ્રબુદ્ધ વર્ગ પોતાની સેક્યુલર છબિ જાળવી રાખવા તથા પ?િમી દેશોમાં ‘વિઝા’ સંબંધી મુશ્કેલીઓથી બચવા માટે પૂર્વોત્તરમાં ચલાવવામાં આવતા ઈસાઇ અલગતાવાદ પર મૌન ધારણ કરીને બેઠા છે. ઈસ્લામિક આતંકવાદની જેમ જ પૂર્વોત્તરમાં અનેક ઈસાઇ ઉગ્રવાદી સંગઠનો પણ સક્રિય છે. ત્રિપુરામાં સંચાલિત નેશનલ લિબરેશન ફ્રંટ ઓફ ત્રિપુરા (એનએલએફટી)ના ઉગ્રવાદીઓએ ૧૯૯૯માં વનવાસી કલ્યામ આશ્રમના ચાર પદાધિકારીઓનું અપહરણ કરીને તેમને બાંગ્લાદેશ લઈ જઈને તેમની હત્યા કરી દીધી હતી.

### વિદેશ મંત્રી એસ જયશંકરનું મોટું નિવેદન

# ચીન સાથે સૈન્ય ગતિરોધના ઉકેલમાં મોટી સફળતા

**વિદેશ મંત્રીએ કહ્યું કે ‘‘અમારા ભૂતકાળમાં સરળ સંબંધો નહોતા. ૨૦૨૦માં જે થયું તે અનેક સમજૂતીઓનું ઉલ્લંઘન હતું,ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા પર મોટી સંખ્યામાં સૈનિકો મોકલ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ઃબેઈજિંગ સાથેના સંબંધો પર ભારતીય વિદેશ મંત્રી જયશંકરનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે ચીન સરહદ પરથી સૈનિકો હટાવવાની સાથે ૭૫ ટકા વિવાદો ઉકેલાઈ ગયા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરહદ પર હિંસા પછી એવું ન કહી શકાય કે અન્ય સંબંધો તેનાથી અસ્પૃશ્ય છે. વિદેશ મંત્રી એસ જયશંકરે ચીન સાથે સરહદી વાટાઘાટોને લઈને મોટું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રીએ કહ્યું કે બેઈજિંગ સાથેની લગભગ ૭૫ ટકા સમસ્યાઓ, ખાસ કરીને છૂટાછેડા સાથે સંબંધિત, ઉકેલાઈ ગઈ છે, જો કે, બંને દેશોએ હજુ પણ કેટલાક કામ કરવાનું બાકી છે. જયશંકરે એ પણ વાત કરી કે કેવી રીતે ભારત અને ચીન વચ્ચે ભૂતકાળમાં ક્યારેય સરળ સંબંધો નહોતા.વિદેશ મંત્રીએ કહ્યું કે ‘‘અમારા ભૂતકાળમાં સરળ સંબંધો નહોતા. ૨૦૨૦માં જે થયું તે અનેક સમજૂતીઓનું ઉલ્લંઘન હતું, ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા પર મોટી સંખ્યામાં સૈનિકો મોકલ્યા હતા. અમે જવાબમાં અમારા સૈનિકોને ખસેડ્યા હતા. ઉપર ‘‘મોકલવામાં આવ્યું છે. ચીન સાથે સરહદ વાટાઘાટોમાં થોડી પ્રગતિ થઈ છે.’’જયશંકરે ગુરુવારે જિનીવા સેન્ટર ફોર સિક્યોરિટી પોલિસી ખાતે રાજદૂત જીન-ડેવિડ લેવિટ સાથેની વાતચીત દરમિયાન વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે પૂર્વી લદ્દાખમાં સરહદ મુદ્દે સૈનિકો પાછા ખેંચવા સંબંધિત મુદ્દાઓ લગભગ ૭૫ ટકા ઉકેલાઈ ગયા છે પરંતુ સરહદ પર વધતા લશ્કરીકરણનો મોટો મુદ્દો રહે છે. તેણે કહ્યું કે અમારે હજુ થોડું કામ કરવાનું બાકી છે.તેમણે વધુમાં કહ્યું, ‘‘જો સૈનિકો પાછા ખેંચવા અને શાંતિ અને સ્થિરતા પરત આવવાનો કોઈ ઉકેલ આવે તો અમે અન્ય શક્યતાઓ પર વિચાર કરી શકીએ છીએ. આ સૌથી મહત્વપૂર્ણ મુદ્દો છે.’’ જયશંકરે કહ્યું કે ભૂતકાળમાં બંને દેશો વચ્ચે મુશ્કેલ સંબંધો રહ્યા છે. તેણે ૨૦૨૦ વિશે પણ વાત કરી જ્યારે ગલવાન ખીણમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. જયશંકરે કહ્યું કે જૂન ૨૦૨૦ માં ગલવાન ખીણમાં થયેલી અથડામણોએ ભારત-ચીન સંબંધોને અસર કરી છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે સરહદ પર હિંસા પછી, એવું કહી શકાય નહીં કે બાકીના સંબંધો તેનાથી અસ્પૃશ્ય છે. તેમણે કહ્યું કે ચીન સાથેના આર્થિક સંબંધો ‘‘અયોગ્ય અને અસંતુલિત’’ રહ્યા છે. વિદેશ મંત્રીએ કહ્યું, ‘‘આ (ભારત-ચીન સંબંધો) ખૂબ જ જટિલ સંબંધ છે... ઈતિહાસમાં તેમનો ખરાબ સમય પણ રહ્યો છે. બંને સંબંધોને પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને એક રીતે બંનેને નવજીવન આપે છે.’’ એકમાત્ર એવા દેશો છે કે જેની વસ્તી એક અબજથી વધુ છે, જ્યારે કોઈ દેશ પ્રગતિ કરે છે, ત્યારે તે તેના પડોશને અસર કરે છે.’’તમને જણાવી દઈએ કે ભારત અને ચીને ૨૯ ઓગસ્ટના રોજ બેઈજિંગમાં ૩૧મી ઉસ્ઝ્ઝ બેઠક યોજી હતી અને બંને પક્ષોએ સંબંધિત દ્વિપક્ષીય કરારો અને પ્રોટોકોલ અનુસાર સરહદી વિસ્તારોમાં જમીન પર શાંતિ અને શાંતિ જાળવી રાખવાનો નિર્ણય લીધો હતો. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને પક્ષોએ ન્છઝ્ર સાથેની પરિસ્થિતિ પર ‘‘નિષ્કપટ, રચનાત્મક અને આગળ દેખાતા’’ મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું અને રાજદ્વારી અને લશ્કરી ચેનલો દ્વારા સંપર્કો વધારવા માટે પણ સંમત થયા.વિદેશ મંત્રીએ વધુમાં કહ્યું કે સરહદી મુદ્દાઓ સિવાય બંને દેશો ટેકનોલોજી, ટેલિકોમ અને ડિજિટલ સહિતના અન્ય ક્ષેત્રોમાં પણ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું, ‘‘મને લાગે છે કે ભારત-ચીન સંબંધોમાં મોટા મુદ્દાઓ છે. અમે વેપારના મુદ્દા પર લાંબા સમયથી લડી રહ્યા છીએ... ચીન સાથેના આર્થિક સંબંધો ખૂબ જ અયોગ્ય રહ્યા છે.

### ઝેલેન્સ્કી સાથેની મુલાકાતમાં શું થયું

# ડોભાલે પુતિનને મોદીનો સંદેશો પહોંચાડ્યો

**રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે ગુરુવારે રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ઃ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આવતા મહિને કઝાનમાં યોજાનારી બ્રિક્સ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠકનો પ્રસ્તાવ મૂક્યો છે. પુતિને ગુરુવારે સેન્ટ પીટર્સબર્ગમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (દ્ગજીછ) અજીત ડોભાલ સાથેની મુલાકાત દરમિયાન આ પ્રસ્તાવ મૂક્યો હતો.પુતિન-ડોવલની બેઠક મોદી યુક્રેનની રાજધાની કિવની મુલાકાતે ગયા અને રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે વાતચીત કર્યાના લગભગ ત્રણ અઠવાડિયા પછી આવી. બ્રિક્સ સમિટ રશિયાના કઝાન શહેરમાં ૨૨-૨૪ ઓક્ટોબરે યોજાશે. વડાપ્રધાન મોદી આ સમિટમાં ભાગ લઈ શકે છે.પુતિન સાથેની તેમની વન-ટુ-વન વાતચીતમાં ડોભાલે રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને કહ્યું, ‘જેમ વડાપ્રધાન મોદીએ તમારી સાથે ટેલિફોન પર વાત કરી હતી, તેઓ તમને તેમની યુક્રેનની મુલાકાત અને રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથેની મુલાકાત વિશે માહિતી આપવા માટે ઉત્સુક હતા. તે ઈચ્છે છે કે હું તમને મળવા માટે અને તમને તે વાર્તાલાપ વિશે જણાવવા માટે વ્યક્તિગત રીતે અને ખાસ રીતે રશિયા જઈશ. તેમાં બે જ નેતાઓ હતા. તેની સાથે બે લોકો હતા. હું વડાપ્રધાન સાથે હતો. હું આ વાતચીતનો સાક્ષી છું.પુતિન-ડોવલ બેઠક અંગે રશિયા દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રશિયન રાષ્ટ્રપતિએ ભારતીય નેતાની મોસ્કોની મુલાકાત દરમિયાન થયેલા કરારોના અમલીકરણ અને નજીકના ભવિષ્યની સંભાવનાઓ પર ‘‘સંયુક્ત કાર્યના પરિણામોનો સારાંશ’’ રજૂ કરવાની યોજના બનાવી છે. મ્ઇૈંઝ્રજી સમિટની રૂપરેખા તૈયાર કરવા માટે મ્ઇૈંઝ્રજી સમિટના અવસર પર ૨૨ ઓક્ટોબરે મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.’’અમે અમારા સારા મિત્ર મોદીની રાહ જોઈ રહ્યા છીએ અને તેમને શુભેચ્છા પાઠવીએ છીએ,’’ રશિયન મીડિયાએ ડોભાલ સાથેની બેઠકમાં દ્ગજીછએ બુધવારે તેમના રશિયન સમકક્ષ સર્ગેઈ શોઈગુ સાથે વ્યાપક વાટાઘાટો કરી અને ‘ના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી.

### મણિપુરમાં મોડર્ન હથિયારો ક્યાંથી આવી રહ્યાં છે?

# મણિપુર હવે ડ્રોન અને રૉકેટ લૉન્ચરથી હુમલો થઈ રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મણિપુર, તા.૧૩ઃછેલ્લા ૧ વર્ષ ૪ મહિનાથી મણિપુર હિંસાની આગમાં સળગી રહ્યું છે. મણિપુરમાં હજુ પણ જનજીવન સામાન્ય નથી થયું. દરરોજ ક્યાંકને ક્યાંક હિંસાની આગ જોવા મળી રહી છે અને તેમાં ઘણાં નિર્દોષ લોકો હોમાઈ રહ્યાં છે.

જેમ-જેમ સમય વીતી રહ્યો છે, તેમ-તેમ સાથે હિંસાનું રૂપ પણ મોટું થઈ રહ્યું છે. કાલ સુધી જે લોકો હાથમાં દંડા લઈને તોડફોડ અને હિંસા કરતા હતાં તે લોકો હવે ડ્રોન અને રૉકેટ લૉન્ચરથી હુમલો કરી રહ્યાં છે. જોકે, સૌથી મોટો મોટો પ્રશ્ન એ છે કે, આ વિદ્રોહીઓ પાસે મોડર્ન વેપન આવે છે ક્યાંથી? હાઈટેક શસ્ત્ર ભંડાર તેમને આપી કોણ રહ્યું છે?

આકાંશી આતંક સાંભળીને તમને નવાઈ લાગી રહી હશે, પરંતુ મણિપુર છેલ્લા ઘણાં દિવસોથી આ સહન કરી રહ્યું છે. ઈમ્ફાલ વેસ્ટમાં આવેલું કદમબન છેલ્લા આ ડ્રોન હુમલા સહન કરી રહ્યું છે. ૨ સપ્ટેમ્બરે અહીં પહેલો ડ્રોન બોમ્બ એટેક થયો હતો.

સૌથી વધારે જોખમ KPI વિસ્તારમાં છે. આ વિસ્તારમાં એક બાજુ નાગા વસ્તી રહે છે તો બીજી બાજુ કુકી વસ્તી અને ઉપરથી એટેક થઈ રહ્યાં છે. આ જ વિસ્તારમાં કાંગપોપકી વિસ્તાર છે જ્યાં સિગાદમ ડેમ પણ છે. જેની બાજુમાં એલાઈડ પર્વત છે અને તેની ટોચથી ડ્રોન ઓપરેટ કરવામાં આવે છે. ડ્રોનને ઓપરેટ કરીને કદમબનને ટાર્ગેટ કરવામાં આવે છે. આ પર્વતની ઉપર આતંકવાદનો ખોફનાક કિલ્લો જોવા મળી રહ્યો છે.

ડ્રોન હુમલા સિવાય પણ વિદ્રોહીઓ પાસે ઘણાં ખતરનાક હથિયાર હાજર છે. ન્૯૭૧ ૫૧ દ્ઘદ્ઘ ૈંર્ષ્ઠિર દ્વિક્રિ જેવા હથિયાર પણ આ હુમલાખોરો પાસે જોવા મળી રહ્યાં છે, જે એક હાઈ એક્સપોલિબ બોમ્બ છે. હુમલાખોરોએ જણાવ્યું કે, તેઓને શિલોંગમાં નેપામાં જઈને પોલીસ ટ્રેનિંગ એકેડમીમાં ટ્રેનિંગ પણ લીધી છે. છ૧-૫૧ મોર્ટાર સિવાય તેમની પાસે છદ્ભ-૪૭, ઈંસાસ રાઈફલ, ઈસાપોર ફેક્ટ્રીમાં બનેલી ૭.૬૪ મિલિમીટરની સેલ્ફ લોડિંગ રાઈફલ્સ અને સ્ટેન કાર્બાઈન જેવા હથિયાર પણ છે. ઘણાં રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, મણિપુરને હથિયાર ચીન અને મ્યાનમાર જેવા દેશો સપ્લાઈ કરી રહ્યાં છે.

ડ્રોનથી થતાં વિસ્ફોટક હુમલાથી બચવા માટે લોકો બંકર બનાવી રહ્યાં છે. સ્થાનિક લોકોએ આવા એક નહીં પરંતુ અલગ-અલગ વિસ્તારમાં ઘણાં બંકરો બનાવ્યા છે. રોટેશન વાઈઝ લોકો ૨૪ કલાક ડ્યુટી કરી છે. લોકોનું કહેવું છે કે, ક્યારે એટેક થશે તેનો કોઈ ભરોસો નથી. હુમલાનું જોખમ દરરોજ ૨૪ કલાક રહે છે. બક્રરમાં એક માણસ ૩-૩ કલાક ડ્યુટી કરે છે.

# CBI કેસમાં સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને આપ્યા જામીન

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ઃ સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને મોટી રાહત આપી છે. CBI કેસમાં સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા છે. ED કેસમાં તેને પહેલા જ જામીન મળી ચૂક્યા છે. જોકે, કેજરીવાલને કેટલીક શરતો સાથે જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જામીન દરમિયાન તેમની ઓફિસમાં જઈ શકશે નહીં. આ ઉપરાંત, તમે કોઈપણ પ્રકારની ફાઈલો પર સહી કરી શકશો નહીં. સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને ૧૦ લાખ રૂપિયાના બોન્ડ અને બે જામીન પર જામીન આપ્યા છે. પત્ની સુનિતા કેજરીવાલ અને પંજાબના સીએમ ભગવંત માન તિહાર જેલ પહોંચ્યાં હતા અને જેલના ગેટ બહાર તેમણે બન્નેએ કેજરીવાલનું સ્વાગત કર્યું હતું. કેજરીવાલ ચાંદગી રામ અખાડાથી રોડ શો કરીને પોતાના ઘેર ગયાં હતા. આ દરમિયાન કાર્યકરો અને લોકોની ભારે ભીડ જોવા મળી હતી. કેજરીવાલની એક ઝલક જોવા માટે લોકો ખૂબ આતુર જોવા મળ્યાં હતા.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે (૧૩ સપ્ટેમ્બર) એક્સાઈઝ પોલિસી કૌભાંડ કેસમાં કેજરીવાલની બે અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો. કેજરીવાલે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસમાં તેમની ધરપકડ અને જામીન નકારવાને પડકારતી બે અલગ-અલગ અરજીઓ દાખલ કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે બંને અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો હતો. બેંચમાં જસ્ટિસ ઉજ્જવલ ભુઈયા પણ સામેલ છે.

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ સૂર્યકાન્તે કહ્યું કે, દલીલોના આધારે અમે ૩ પ્રશ્નો તૈયાર કર્યા છે. શું ધરપકડ ગેરકાયદેસર હતી, શું અપીલકર્તાને નિયમિત જામીન આપવા જોઈએ, શું ચાર્જશીટ દાખલ કરવી એ_ઝ પર ચાર્જ લગાવવા સંજોગોમાં પૂરતો ફેરફાર છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પહેલાથી જ કસ્ટડીમાં રહેલા વ્યક્તિની ધરપકડ કરવામાં કોઈ અવરોધ નથી. અમે નોંધ્યું છે કે, સીબીઆઈએ કારણો નોંધ્યા છે કે, તેણે શા માટે આ જરૂરી માન્યું, કલમ 41A(iii) નું કોઈ ઉલ્લંઘન નથી.

અરવિંદ કેજરીવાલને જામીન મળી ગયા છે. સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળ્યા બાદ તે આજે જ થોડા સમય પછી તિહાર જેલમાંથી બહાર આવશે. તિહાર જેલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અરવિંદ કેજરીવાલના રીલીઝ ઓર્ડરના લગભગ એક કલાકની અંદર અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવી જશે. તિહાર જેલમાં ફિઝીકલ અને મેઈલ દ્વારા રીલીઝ ઓર્ડર આવે છે. અરવિંદ કેજરીવાલ હાલમાં જેલ નંબર ૨ ના વોર્ડમાં કેદ છે.

# હવે પોર્ટ બ્લેરને શ્રી વિજયપુરમ તરીકે ઓળખવામાં આવશે:અમિત શાહે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ઃ કેન્દ્રની નરેન્દ્ર મોદીની આગેવાની વાળી એનડીએ સરકારે, પોર્ટ બ્લેરનું નામ બદલીને ‘શ્રી વિજયપુરમ’ કરી દીધું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ અંગે સત્તાવાર જાણકારી આપી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું છે કે, અમે પોર્ટ બ્લેરનું નામ બદલીને શ્રી વિજય પુરમ કરવાનો નિર્ણય લીધો છે.

આ જ પોસ્ટમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું કે શ્રી વિજય પુરમ નામ આપણા આઝાદી માટેના સંઘર્ષ અને તેમાં આંદામાન અને નિકોબારના યોગદાનને દર્શાવે છે. આપણા દેશની સ્વતંત્રતા અને ઈતિહાસમાં આ ટાપુનું આગવું સ્થાન છે. ચોલા સામ્રાજ્યમાં નૌકાદળની ભૂમિકા ભજવનાર આ ટાપુ આજે દેશની સુરક્ષા અને વિકાસને વેગ આપવા માટે તૈયાર છે.

ગૃહમંત્રી અમિત શાહે વધુમાં કહ્યું કે, આ ટાપુ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ દ્વારા ત્રિરંગો લહેરાવવામાંથી લઈને વીર સાવરકર અને અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા ભારત માતાની આઝાદીની લડાઈ સુધીનું સ્થળ પણ છે. આ પહેલા પણ દેશમાં ઘણી જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે. મોદી સરકારના બીજા કાર્યકાળ દરમિયાન રાજપથનું નામ બદલીને કર્તવ્યપથ કરવામાં આવ્યું હતું. આ સિવાય બીજેપી સરકારોએ મોટી હસ્તીઓ અને વારસાને પ્રતિબિંબિત કરવા માટે અન્ય ઘણી યુનિવર્સિટીઓ અને રસ્તાઓના નામ પણ બદલ્યા છે. આમાં પહેલાનું અલ્હાબાદ હવે પ્રયાગરાજ તરીકે ઓળખાય છે. અન્ય શહેરો જોઈએ તો, ફૈઝાબાદને હવે અયોધ્યા, ગુડગાંવને ગુરુગ્રામ, મુગલસરાય જંકશનને પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંકશન નામાભિધાન કરવામાં આવ્યું છે.

# પીએમ મોદીનો ૩ દિવસનો યુએસ પ્રવાસ ખાસ રહેશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમેરિકન પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને આડે વધુ સમય બાકી નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ઃવડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમેરિકન પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને આડે વધુ સમય બાકી નથી અને ત્યાં ચૂંટણી પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતમાં ત્રણ દિવસ માટે અમેરિકાના પ્રવાસે જવાના છે. સ્ મોદી ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર સુધી અમેરિકાના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન તેઓ ક્વોડ લીડર્સ સમિટ સિવાય ઘણી મોટી ઈવેન્ટ્સમાં ભાગ લેશે. પીએમ મોદીનો યુએસ પ્રવાસ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. તેઓ ૨૧ સપ્ટેમ્બરે વિલ્મિંગ્ટન, ડેલવેરમાં ચોથા ક્વોડ લીડર્સ સમિટમાં ભાગ લેશે. આ પછી, ૨૨ સપ્ટેમ્બરે, તેઓ ન્યુ જર્સીમાં ભારતીય સમુદાય સાથે સંબંધિત એક કાર્યક્રમમાં ભાગ લેશે. પીએમ મોદી તેમના પ્રવાસના અંતિમ દિવસે ૨૩ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રની ‘સમિટ ઓફ ધ ફ્યુચર’માં પણ ભાગ લેશે.ક્વાડ સંસ્થાની બેઠક ૨૧ સપ્ટેમ્બરે અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનના હોમટાઉન ડેલાવેરમાં યોજાશે. જાન્યુઆરી ૨૦૨૪માં ભારતમાં પ્રથમ ક્વાડ મીટિંગ યોજાવાની હતી. પરંતુ કેટલાક કારણોસર આ સમિટ સપ્ટેમ્બર સુધી સ્થગિત કરવામાં આવી હતી. ભારત ૨૦૨૫માં ક્વાડ સંસ્થાની યજમાની કરશે.ક્વાડ સમિટ એ ચાર દેશોનું સંગઠન છે, જેમાં ભારત સિવાય અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનનો સમાવેશ થાય છે. તેની રચના ૨૦૦૭માં થઈ હતી. પરંતુ તે ૨૦૧૭ માં ફરીથી સક્રિય કરવામાં આવ્યું હતું. આ સંગઠનનો ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનના વધતા વર્ચસ્વને રોકવાનો છે.તમને જણાવી દઈએ કે પીએમ મોદીનો અમેરિકન પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વધુ સમય બાકી નથી અને ત્યાં ચૂંટણી પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે.

### CBIને નાર્કો ટેસ્ટની મળી મંજૂરી

# કોલકાતાનો નરાધમ સંજય રાય કરશે રેપ-મર્ડર કેસના ખુલાસા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ઃ હવે સીબીઆઈ(CBI) આરજી કર હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યા કેસમાં આરોપી સંજય રાયનો નાર્કો ટેસ્ટ કરશે. કોર્ટે આ મામલે સીબીઆઈને મંજૂરી આપી દીધી છે. મળતી માહિતી મુજબ, સીબીઆઈએ આ સંબંધમાં જરૂરી પરવાનગી માટે સિયાલદહ કોર્ટમાં અરજી કરી હતી.

આજે કોર્ટે સંજય રાયનો નાર્કો ટેસ્ટ કરાવવાની મંજૂરી આપી દીધી છે. આ ટેસ્ટ દ્વારા સીબીઆઈ એ જોવા માંગે છે કે નાર્કો અને પોલીગ્રાફમાં આરોપીએ જે કહ્યું તેમાં કોઈ મેળ છે કે કેમ. અધિકારીઓ આ ઘટનામાં સંજયની સંડોવણી વિશે ખાતરી કરવા માંગે છે. એઈમ્સ અને નિષ્ણાતોનો અભિપ્રાય મેળવ્યા બાદ જ તેનું વિશ્લેષણ કરવામાં આવશે. નાર્કો ટેસ્ટમાં વ્યક્તિને કેટલીક દવાઓ આપવામાં આવે છે, જેના પછી તે વ્યક્તિ આંશિક રીતે બેભાન અવસ્થામાં જાય છે. આ પછી, વ્યક્તિ પાસેથી છુપાયેલી માહિતી બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રક્રિયા તે લોકો પર અજમાવવામાં આવે છે જેઓ નિયમિત પૂછપરછ દરમિયાન સહકાર આપવા તૈયાર નથી હોતા. જટિલ કેસોને ઉકેલવા અને મહત્વપૂર્ણ કડીઓને જોડવા માટે નારકોએનાલિસિસ ટેસ્ટ કરવામાં આવે છે.આ પહેલા સીબીઆઈના અધિકારીઓએ સંજય રોયના દાંતના નિશાનના સેમ્પલ લીધા હતા. આ દરમિયાન અધિકારીઓએ કહ્યું હતું કે મહિલાના શરીર પર કરડવાના નિશાન જોવા મળ્યા હતા અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આ વાતનો ઉલ્લેખ છે. અમે તેમને આરોપીના દાંતના નિશાન સાથે મેચ કરવા માંગીએ છીએ.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે (૧૨ સપ્ટેમ્બર) કોલકાતા બળાત્કાર અને હત્યા કેસ પર રાજીનામું આપવાની પહેલ કરી છે. સીએમ મમતા બેનર્જીએ કહ્યું કે, જો તેઓ મારી ખુરશી ઈચ્છે તો હું રાજીનામું આપવા તૈયાર છું. મને સત્તાની ભૂખ નથી. મમતા બેનર્જીએ એમ પણ કહ્યું કે, પશ્ચિમ બંગાળના લોકો રાહ જોઈ રહ્યા હતા કે, કમસે કમ આજે ડોક્ટરની હડતાલ સમાપ્ત થઈ જશે. તેમએ કહ્યું કે, હું તેમની માફી માંગુ છું કે અમે ડોકટરોને ફરજ પર પાછા લાવી શક્યા નથી.

# નૈનીતાલમાં ક્લોરિન ગેસ લીક થવાથી ગભરાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નૈનીતાલ, તા.૧૩ઃ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્લોરિન એક ઝેરી ગેસ છે જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ, ઉલ્ટી અને ઉબકા આવે છે. નૈનીતાલ જિલ્લા મેજિસ્ટ્રેટ વંદના સિંહે જણાવ્યું હતું કે ૫૦ કિલોના ક્લોરિન ગેસ સિલિન્ડરમાંથી લીકેજને કારણે નજીકના ૨૫-૩૦ ઘરોમાં રહેતા ૧૦૦ લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. ઉત્તરાખંડના નૈનીતાલમાં ગુરુવારે સુખતાલ પંપ હાઉસ પાસે સિલિન્ડરમાંથી ક્લોરિન ગેસ લીક થતાં ત્રણ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ આ માહિતી આપી છે. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (જીડ્ઢઇહ્લ), નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (દ્ગડ્ઢઇહ્લ), પોલીસ, વહીવટીતંત્ર અને ડૉક્ટરોની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને લોકોને તેમના ઘરોમાંથી બહાર કાઢવાનું શરૂ કર્યું. અધિકારીઓએ જણાવ્યું કે વોટર ઈન્સ્ટિટ્યૂટમાં રાખવામાં આવેલા સિલિન્ડરમાંથી ક્લોરિન ગેસ લીક થયો હતો.અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્લોરિન એક ઝેરી ગેસ છે જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ, ઉલ્ટી અને ઉબકા આવે છે. નૈનીતાલ જિલ્લા મેજિસ્ટ્રેટ વંદના સિંહે જણાવ્યું હતું કે ૫૦ કિલો ક્લોરિન ગેસ સિલિન્ડર લીક થવાને કારણે નજીકના ૨૫-૩૦ ઘરોમાં રહેતા ૧૦૦ લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ગેસ લીકેજને કારણે ત્રણ લોકોને ઉલ્ટીની ફરિયાદ સાથે બીડી પાંડે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.અસરગ્રસ્ત રહેવાસીઓએ જણાવ્યું હતું કે લોકો બપોરથી દુર્ગંધની ફરિયાદ કરી રહ્યા હતા અને સાંજ સુધીમાં તે અસહ્ય બની ગઈ હતી, જેના પગલે અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. જલ સંસ્થાનના એક અધિકારીએ જણાવ્યું કે ક્લોરિન ગેસ સિલિન્ડર રાત્રે ૮ વાગ્યે સુખતલ તળાવની નીચે દટાઈ ગયું હતું, જેના કારણે સ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ છે.

### દેખાવકારોને રોકવા માટે વોટર કેનનનો ઉપયોગ

# મંડી મસ્જિદ પર ભારે હંગામો

**સીએમએ તમામ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૩ઃ શિમલામાં પ્રદર્શન બાદ હવે મંડીમાં પણ હિંદુ સંગઠનો રસ્તા પર ઉતરી આવ્યા છે. દેખાવકારોને રોકવા માટે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. આ મામલે પ્રશાસને આદેશ આપ્યો છે કે કોર્ટના નિર્ણય સુધી મસ્જિદ સીલ રહેશે. હિમાચલ પ્રદેશના સીએમ સુખવિંદર સિંહ સુખુએ પણ સર્વપક્ષીય બેઠક યોજી છે. સીએમએ પ્રેસ કોન્ફરન્સ કરીને તમામ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે શિમલા વિવાદનો પણ કાનૂની ઉકેલ શોધી કાઢવામાં આવશે. આના કારણે પ્રવાસનને પણ ઘણી અસર થઈ છે. તેમણે કહ્યું કે જો ક્યાંય ગેરકાયદે બાંધકામ થશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કમિટી બનાવવાની વાત પણ કરી છે. ઉલ્લેખનીય છે કે મંડીના જેલ રોડ પર બનેલી મસ્જિદની દિવાલ PWD અને મસ્જિદના લોકોએ તોડી પાડી હતી. મસ્જિદની દિવાલ અને રૂમને હથોડી મારી દેવામાં આવી હતી અને વિવાદિત મસ્જિદનો ગેરકાયદેસર ભાગ પોલીસની હાજરીમાં તોડી પાડવામાં આવ્યો હતો. આરોપ છે કે મસ્જિદની દિવાલ PWDની જમીન પર બનાવવામાં આવી હતી અને વિસ્તારના લોકો તેનો વિરોધ કરી રહ્યા હતા. આ મસ્જિદનો કેસ મંડી મ્યુનિસિપલ કમિશનરની કોર્ટમાં ચાલી રહ્યો છે. જો કે, મ્યુનિસિપલ કોર્પોરેશન કોર્ટના નિર્ણય પહેલા જ મસ્જિદમાં દિવાલ તોડી પાડવામાં આવતા મસ્જિદમાં ક્યાંક ગેરકાયદે બાંધકામ થયું હોવાનું દર્શાવે છે.

આ પહેલા હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં આવેલી સંજૌલી મસ્જિદને લઈને ઘણો હોબાળો થયો હતો. દરમિયાન, સ્થાનિક મુસ્લિમ કલ્યાણ સમિતિએ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરને અનધિકૃત ભાગને સીલ કરવા વિનંતી કરી હતી. એટલું જ નહીં, મુસ્લિમ કલ્યાણ સમિતિએ કોર્ટના આદેશ મુજબ મસ્જિદના ગેરકાયદે ભાગને તોડી પાડવાની ઓફર પણ કરી હતી. કમિટીમાં મસ્જિદના ઈમામ અને વક્ફ બોર્ડ અને મસ્જિદ મેનેજમેન્ટ કમિટીના સભ્યોનો સમાવેશ થાય છે.

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## વલસાડની હોટલના રસોયાએ આત્મહત્યા કરતા ચકચાર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૩:** વલસાડની શ્રોપચાલમાં આવેલી મામાજી ભોજનાલયમાં રસોઈયા કમ વેટર તરીકે ફરજ બજવતા ૨૨ વર્ષીય યુવાને માલિક પાસેથી મોબાઈલ લીધા બાદ ગઈકાલે રાત્રે હોટલમાં પંખા સાથે તો નાયલોની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલી હાલતમાં લાશ જોવા મળતા હોટલના કર્મચારીઓ ચોકી ઉઠ્યા હતા જે અંગે વલસાડ સીટી પોલીસને જાણ કરતા પોલીસની ટીમને દોડી ગઈ હતી.

વલસાડ શહેરના કોસંબા રોડ પર આવેલી શ્રોફ ચાલમાં મામાજી ભોજનાલય નામની હોટલ આવેલી છે. હોટલમાં રસોઈયા અને વેઈટર તરીકે રાકેશ નરપત પરમાર ઉંમર વર્ષ ૨૨ રહે. નીબલા રાજસ્થાન છેલ્લા પાંચ વર્ષથી ભોજનાલયમાં ફરજ બજાવે છે. ગઈકાલે રાત્રે હોટલ માલિક સોનારામ પુનાજી દેવર્ષિ પાસેથી મોબાઈલ લીધો હતો જેથી હોટલ માલિક અને અન્ય કર્મચારી હોટલમાં જઈ ઊંઘી ગયા હતા. જ્યારે રાકેશ પરમાર નીચે સૂઈ ગયો હતો. વહેલી સવારે હોટલ માલિક નીચે આવી જોયું તો રાકેશ પરમારે હોટલના પંખા સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ જોવા મળતા હોટલના કર્મચારીઓ ચોકી ઉઠ્યા હતા. ઘટનાની જાણ અંગે તાત્કાલિક વલસાડ સીટી પોલીસની ટીમને કરતા આ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને લાશનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવી હતી. વલસાડ સીટી પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## વાપીમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ સંવાદ બેઠક યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ, તા. ૧૩:** વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે અને જિલ્લા કો-ઓર્ડિનેટર પ્રીતિબેન વૈષ્ણવની હાજરીમાં યોગ સંવાદ બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં નવનિયુક્ત ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે અને જિલ્લા કો-ઓર્ડિનેટર પ્રીતિબેન વૈષ્ણવનું સિનિયર યોગ કોચ શીતલબેન ત્રિગોત્રા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અન્ય યોગ કોચ માયાબેન ગોળગે અને યોગ ટ્રેનર સુનીતાબેન પટેલ અને ઉપસ્થિત ટ્રેનરો દ્વારા પણ બંને નવનિયુક્ત કો-ઓર્ડીનેટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. ધરમપુર ખાતે યોજાયેલી યોગ શિબિરમાં ભાગ લેનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં નશા મુક્તિ અભિયાન અને હૃદય રોગના કાર્યક્રમ અંગે જિલ્લા કો- ઓર્ડિનેટર પ્રીતિબેન વૈષ્ણવ દ્વારા જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે દ્વારા ટ્રેનર બનવાના વિષય અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મહિલા પતંજલિ યોગ સમિતિના રાજ્ય કાર્યકારણી સદસ્ય શીલાબેન વશી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના મેન્ટર કમલેશ પત્રેકર, યોગ શિક્ષક યોગેશ વશી, યોગકોચ જાગૃતિ દેસાઈ, યોગકોચ મનિષા ઠાકોર, યોગકોચ શીતલ ત્રિગોત્રા અને યોગકોચ માયા ઘોડગે દ્વારા સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગ ટ્રેનર સુનિતાબેને જહેમત ઉઠાવી હતી.

## મજીગામથી દારૂ ભરેલ કાર સાથે બે ઝડપાયા: બે વોન્ટેડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૧૩:** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર મજીગામ ખાતે નવસારી એલસીબી ની ટીમે વોચ ગોઠવી એક આઈ ટ્વેન્ટી કાર માંથી રૂપિયા ૨. ૬૭. ૫૦૦ ના દારૂ સાથે બે શખ્સોને ઝડપી પાડી બે નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫. ૫૦૦ તથા પાંચ લાખની ગાડી મળી કુલ્લે રૂપિયા૭. ૭૩. ૦૦૦ નો મુદામાલ કબજે કરી દારૂનો જથ્થો ભરાવી આપનાર અને મંગાવનાર બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ મજીગામના ઓવરબ્રિજના ઉત્તર છેડે નવસારી એલસીબી ની ટીમે વહેલી સવારે વોચ રાખી એક આઈ૨૦ કાર નંબર જીજે ૧૫ સીએચ ૫૪૩૯ જે પુરપાટ ઝડપે દોડી રહી હતી દરમિયાન પોલીસની નાકાબંધી જોતા કારના ચાલકે કારને ડિવાઈડર ઉપર ચઢાવી દઈ ભાગવા જતા બે શખ્સોને પકડી લીધા હતા જ્યારે કારની તલાસી લેતા કારમાંથી વિસ્કીની બોટલ નંગ ૩૯૭ જેની અંદાજિત કિંમત રૂપિયા ૨.૬૭. ૫૦૦ તથા ૨ નંગ મોબાઈલ જેની કિંમત રૂપિયા ૫.૫૦૦ તેમજ ગાડી ની કિંમત રૂપિયા પાંચ લાખ મળી કુલ રૂ. ૭.૭૩.૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કારમાં સવાર અંકિત હસમુખ પટ્રેકર રહે. ખેરલાવ ગામ વાણીયાવાડ ફળિયા ગ્રામ પંચાયત પાસે તા. પારડી, વિકેશ ઉર્ફે વિકી રમેશ ધોડિયા પટેલ રહે. ખડકી ગામ ભંડારવાડ આશ્રમ ફળીયા શિવ શક્તિ ક્વોરી પાસે તા. પારડી જી. વલસાડ જેને પૂછપરછ કરતા દારૂ ભરેલી ગાડી મયંક જયંતિ પટેલ રહે દાભેલ ચેકપોસ્ટ નજીક નાની દમણ મૂળ રહે. રોહીણા ગામ આશ્રમ ફળીયા તા. પારડી જી. વલસાડ જેણે કચીગામ પુલ આંબાવાડી પાસે બોલાવી આપી હતી જે ગાડીનો નંબર પણ ખોટો લગાવી આપ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો ભરાવનાર મયંક જયંતિ પટેલ અને દારૂનો જથ્થો મંગાવનાર સોયેબ ઈબ્રાહીમ રાવત રહે. નૂરનગર બારડોલી તા. બારડોલી જી.સુરત આ બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## દેવસરના નવનાથ ધામના ગૌરી ગણેશને ભાવીભીની વિદાય

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા,તા.૧૩:** બીલીમોરા નજીક આવેલા દેવસર નવનાથ ધામમાં છોટેદાદાના સાનિધ્યમાં સોમવારે ભવ્યાતિભવ્ય ગણેશ વિસર્જન યાત્રા નીકળી હતી. દેવસર નવનાથ ધામમાં છ દાયકાથી પારંપારીક ગૌરી ગણેશની સ્થાપના કરવામાં આવે છે. નવનાથ ધામના ગાદીપતિ છોટેદાદા દ્વારા પાંચ દિવસ સુધી શ્રી ગૌરી ગણેશની ભાવપૂર્વક પૂજા, અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. જેનો લાભ સેંકડો ભક્તો એ લીધો હતો. નવનાથ ધામની વર્ષોની પરંપરા અનુસાર થતું વિસર્જન સમગ્ર નાથ સંપ્રદાય અને ભક્તો માટે અનેરું માહાત્મ્ય છે. ભારતીય સંસ્કૃતિનું પારંપરિક ઢોલ-તાસા શિવગર્જના વાદ્યપથક એ ભારે



આકર્ષણ જમાવ્યું હતું. ઢોલ-તાસાની સાથે તુર અને થાળી, ડીજેના તાલે ગણપત્તિ બાપ્પા મોરિયાના નાદ સાથે છોટેદાદાના સાનિધ્યમાં ભવ્ય વિસર્જન યાત્રા નીકળી હતી. જેમાં હજારો ની સંખ્યામાં સંખ્યામાં ગણેશભક્તો જોડાયા હતાં.

વિસર્જનના પ્રસંગે સાંસદ સી આર પાટીલના સુપુત્ર અને યુથ ફોર ગુજરાતના અધ્યક્ષ જીગ્નેશ પાટીલ,પૂર્વ ઉપાધ્યક્ષ સુરત શહેર છોટુભાઈ પાટીલ નવનાથ ધામ માં ઉપસ્થિત રહી પૂજ્ય શ્રી છોટેદાદાના આશીર્વાદ લીધા હતા.

વિસર્જન યાત્રા દરમિયાન ગણદેવી વિધાનસભાના ધારાસભ્ય નરેશભાઈ પટેલ પણ યાત્રા માં જોડાયા હતા અને પૂજ્ય શ્રી છોટેદાદા ના આશીર્વાદ લીધા હતા. ફટાકડા અને આતશબાજીની અદભુત રમઝટ જામી હતી. આ પ્રસંગે નવનાથ ધામમાં સવાર અને સાંજ ભંડારાનો ભક્તોએ લાભ લીધો હતો. યાત્રા અંબિકા નદી બંદર ઓવારે પહોંચી હતી. જ્યાં પૂંજન, આરતી, બાદ ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તુ જલ્દી આ... પુઢચ્યાં વર્ષી લવકર યા, ગણપતિ બાપા મોરિયા,ના નાદ સાથે દુંદાળા દેવને અશ્રુભીની વિદાય અપાઈ હતી.

## વાપી રેલ્વે સ્ટેશને લૂંટ અને ચોરીના આરોપીને કોર્ટે ભાગેડુ જાહેર કર્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૧૩:** વાપી રેલવે સ્ટેશને લૂંટ અને ચોરી કરવાના ગુનાનો આરોપી વાસીમ ખાન વારંવાર કોર્ટમાં હાજર ન રહેતા તેમજ ઘર પકડથી બચવા માટે હાજર ન રહેતા કોર્ટે ભાગેડુ જાહેર કર્યો છે.

વલસાડ રેલવે પોલીસ વિભાગના જણાવ્યા મુજબ વાપી રેલવે સ્ટેશનને વસીમ ખાન તાહીર ખાન રહે મરીયમ ચાલ ઈમરાન નગર વાપી મૂળ રહે યુપીના દ્વારા લૂંટ અને ચોરી કરવાના ગુનામાં ઝડપાયા બાદ વાપી કોર્ટમાં આરોપી વસીમખાન ઉપસ્થિત નહીં રહેતા તેમજ ઘર પકડથી બચવા માટે વાગી જતા રેલવે પોલીસ દ્વારા તેમના વાપી કંચનનગર અને યુપીના નિવાસ્થાને તપાસ કરવા છતાં નહીં મળી આવતા વાપી કોર્ટે આરોપી વસીમ ખાન તાહિરખાનને ભાગેડુ જાહેર કર્યો છે.

## આમલીની કંપનીમાં હાથ મશીનમાં આવી જતા કામદાર ઘાયલ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ,તા.૧૩:** સેલવાસના આમલી ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમા આવેલ વિનાયક પ્લાસ્ટીક કંપનીમા પ્લાસ્ટીકના દાણા બને છે. આ કંપનીમા લલન કુમાર ઉ.વ.૨૬ રહેવાસી સેલવાસ જે મશીન ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. જે મશીન પર કામ કરી રહ્યો હતો તે સમયે એનો હાથ મશીનમા આવી જતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ઘટના જોતા એની સાથે કામ કરતા બીજા કામદારો દોડી આવ્યા હતા અને મશીન બંધ કરી કંપની સંચાલકને જાણ કરી હતી. લલનના હાથમા ગંભીર ઈજા થઈ હોવાને કારણે તાત્કાલિક સેલવાસની પ્રાઈવેટ ક્રિપ્રા હોસ્પીટલમા સારવાર અર્થે દાખલ કરવામા આવ્યો હતો.

## રીંગણવાડામાં ઉભેલી ટ્રકમાં બાઈક ઘુસી જતા બે ગંભીર



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ,તા.૧૩:** દમણ-વાપી મુખ્ય માર્ગ પર રીંગણવાડા જંકશન પાસે રોડની સાઈડમાં ઉભેલી ટ્રકને એક બાઈકસવારે પૂરપાટ ઝડપે ટક્કર મારી હતી. આ ઘટનામાં એક બાઈક સવારની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જ્યારે બીજાને સામાન્ય ઈજાઓ પહોંચી છે. બાઈકને ભારે નુકસાન થવા પામ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ડાભેલમાં રમણભાઈની ચાલીમાં રહેતા વિકાસ મહતો અને તેનો મિત્ર સુભાષ સાંજના સમયે બાઈક નં.એમએચ-૪૮-એવી-૦૩૦૨ પર દમણ શહેર તરફ ઝડપથી જઈ રહ્યા હતા. ત્યારે રીંગણવાડા જંકશન પાસે એક ટ્રક નંબર એમએચ-૦૪-જીએફ-૪૬૨૭ રોડ પર પાર્ક કરેલ હતી. અને બાઈક ઝડપથી તેમાં ઘુસી ગયું હતું. બાઈક સવાર વિકાસ મહતોને માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થઇ હતી. જ્યારે સુભાષને સામાન્ય ઈજાઓ થઈ છે. ઘટના સ્થળે હાજર નાગરિકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા મોટી દમણ સીએચસીમાં સારવાર અર્થે લઈ ગયા હતા. મેડિકલ રિપોર્ટ બાદ પોલીસ કાર્યવાહી કરશે.

## વઘઈમાં ટ્રક અને ટેમ્પો પલ્ટી મારી જતા અકસ્માત





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા,તા.૧૩:** મહારાષ્ટ્રનાં નાસિક તરફથી કોબીજ શાકભાજીનો જથ્થો ભરી નડિયાદ તરફ જઈ રહેલ ટ્રક.ન.એમ.એચ.૧૮.બી.જી.૮૫૦૭ જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ ટ્રક માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રક સહીત કોબીજ શાકભાજીનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ.જ્યારે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે. જ્યારે બીજા બનાવમાં સાપુતારાથી વઘઈને જોડતા બાજ નજીક માલસામાનનો જથ્થો ભરેલ આઈસર ટેમ્પો પલ્ટી મારી જતા ઘટના સ્થળે અકસ્માત સર્જાયો હતો. આજરોજ માલસામાનનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો ન.જી.જે.૦૩. બી.વાય.૮૧૨૦ જે પણ સાપુતારાથી વઘઈને જોડતા આંતરરાજય ધોરીમાર્ગનાં બાજ નજીક ચાલક દ્વારા સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા માર્ગની સાઈડમાં આવેલ ખાડામાં ખાબકી પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટેમ્પો સહીત માલસામાનનાં જથ્થાને જંગી નુકસાન પોહચ્યુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## રાજ્યના ગૃહમંત્રીએ વલસાડ અને નવસારી જિલ્લાના ગણપતિદાદાના દર્શન કર્યા





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**

**બીલીમોરા, ચીખલી, વલસાડ,તા.૧૩:** ગુજરાત રાજ્ય નાં ગૃહમંત્રી હર્ષ સંઘવી એ શુક્રવાર બપોરે બીલીમોરા નજીક દેવસર નાં રાજા, મન્નત નાં રાજા, દેવસર નાં ગણરાજ તેમજ દેવસર શીખકેમ્પ ગુરુદ્વારા નાં દર્શન કર્યા હતા. જ્યાં યુવાઓ ને ડ્રગ્સ નાં વ્યસન થી દુર રહેવા અપીલ કરી હતી. જે કોઈ કાયદામાં રહેશે એ સૌ ફાયદામાં રહેશે નો સંદેશો વહેતો કર્યો હતો. તેવી જ રીતે ચીખલીના મજીગામ અને વલસાડના ધરમપુર અને વલસાડ શહેરના સ્થાપિત ગણપતિદાદાના દર્શન કરી આરતીનો લાભ લીધો હતો.

રાજય નાં ગૃહ મંત્રી એ સાર્વજનિક મંડળો માં બિરાજમાન ગણપતિ દાદા નાં દર્શન કરી આશીર્વાદ લીધા હતા. અને ગણેશ મંડળો ની સામાજિક, રાષ્ટ્રીય ચેતના જગાવતી અવનવી થીમ, અદભુત આયોજનો ને બિરદાવ્યા હતા. આ -સંગે ભક્તગણ ને સંબોધન કરતા જણાવ્યું હતું કે ગણપતિ નો તહેવાર સાર્વજનિક તહેવાર છે. સૌ સમાજ ના લોકો ભેગા થતા હોય છે. ગણપતિ ઉત્સવ માં પૂજા અર્ચના ની સાથે સાથે લાખ્ખો લોકો ને રોજગારી -ાપ્ત થાય છે. દિવાળી નાં તહેવાર જેવી ખુશી હોય છે. ગુજરાત શાંતિ-િય રાજ્ય છે. દેશભરનાં યુવાનો પરીવાર માટે સ્વપ્ન સાકાર કરવા રોજગારી આપવાનું કેન્દ્ર બન્યુ છે. યુવાનો ને ડ્રગ્સ અને વ્યસનો નાં દુષણ થી દુર રહેવા તેમજ ડ્રગ્સ નાં દૈત્યને નાથવા મહિલાઓ ને યોગદાન આપવા અપીલ કરી હતી. જે કોઈ કાયદામાં રહેશે એ સૌ ફાયદામાં રહેશે નો સંદેશો વહેતો કર્યો હતો. આ -સંગે વલસાડ સાંસદ ધવલ પટેલ, ગણદેવી ધારાસભ્ય નરેશ પટેલ, ભૂરાભાઈ શાહ, શાંતિલાલ પટેલ, અમિતા પટેલ, -શાંત શાહ, નીતા દેસાઈ, પરીમલ પટેલ, ડીએસપી સુશીલ અગ્રવાલ, ડીવાયએસપી એન પી ગોહિલ, મામલતદાર જગદીશ ચૌધરી, સનમ પટેલ, વિજય પટેલ, મનીષ નાયક, સનમ પટેલ સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યા માં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

તેવી જ રીતે વલસાડ તથા ધરમપુરના વિવિધ ગણેશ પંડાલો માં વિરાજ ના ગણપતિ બાપા ના દર્શન કરવા માટે વલસાડ શહેરના રામવાડી માં બનાવવામાં આવેલા કેદારનાથ ના દર્શન ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કર્યા હતા. આ -સંગે નગરપાલિકા માજી -મુખ સોનલબેન સોલંકી ગૃહ મંત્રી હર્ષ સંઘવીને રક્ષા કવચ સાથે બાંધી હતી.

## સરીગામની લક્ષ્મી વિદ્યાપીઠની શિક્ષિકાઓને દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પુરસ્કાર મેળવ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ ,તા.૧૩:** ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે આવેલ શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળાની શિક્ષિકાઓ શ્રીમતી સ્નેહા દાદુ અને શ્રીમતી શુભાંગીની શેટ્ટીગરે ગત તારીખ ૨૪, ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ નવી દિલ્હી ખાતે ગ્લોબલ એજ્યુકેશન ફ્યુચર્સ એન્ડ ધ વિવિંગ લેબ (નેધરલેન્ડ) દ્વારા આયોજીત *STTAR GLOBAL EDUCATION* પરિષદમાં ભાગ લઈ પુરસ્કાર મેળવ્યો હતો.




શ્રીમતી સ્નેહા દાદુને શૈક્ષણિક પ્રથાઓમાં SEL ને એકીકૃત કરવામાં તેમની અભૂતપૂર્વ ભૂમિકા બદલ ''સામાજિક અને ભાવનાત્મક શિક્ષણમાં પરિવર્તનશીલ યોગદાન''ની શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવ્યો હતો અને શ્રીમતી. શુભાંગીની શેટ્ટીગરને નોન-STEM ટીચિંગમાં ટેકનોલોજીનો વિશિષ્ટ ઉપયોગની શ્રેણીમાં રનર-અપ તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. આમ,બન્ને શિક્ષિકાઓના ઉત્સાહ, ધગશ, અથાગ પરિશ્રમ થકી પુરસ્કાર લાવવા બદલ શાળા પરિસરમાં ખુશીની લાગણી પ્રસરી હતી.

શ્રીમતી સ્નેહા દાદુ અને શ્રીમતી સુભાંગિની શેટ્ટીગરે પુરસ્કાર મેળવવા બદલ શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા, ટ્રસ્ટી કુ. કિંજલ ગજેરા તથા શાળાના આચાર્ય પ્રવીણભાઈ પવાર અને લક્ષ્મી શાળા પરિવાર તરફથી સ્નેહભર્યા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ગણેશોત્સવ અને ઈદ-એ-મિલાદને પગલે

## વલસાડ જિલ્લામાં ૨૮ સપ્ટેમ્બર સુધી સભા-સરઘસ ઉપર પ્રતિબંધ

**(દમણગંગા ટાઈમ્સ)**

વલસાડ,તા.૧૩: હાલમાં ગણેશ ઉત્સવ અને આગામી દિવસમાં ઈદ-એ-મિલાદના તહેવારની ઉજવણી થનાર હોય વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. જે અંગે ઈન્ચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ઉમેશ.પી.શાહએ ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ-૩૭(૩) પ્રમાણે મળેલી સત્તાની રૂએ વલસાડ જિલ્લામાં તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી અનઅધિકૃત રીતે/ ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવુ નહી કે દેખાવ નહી કરવા જણાવ્યું છે.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસટી બસ-રેલવેમાં મુસાફરી કરવા માંગતા લોકોને, સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિને તથા સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનોને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ - ૨૨૩ અનુસાર શિક્ષાને પાત્ર થશે. જે માટે વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીના તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

## દમણના ત્રણ બારમાંથી ચાલતી નશાકારક હુક્કા પ્રવૃત્તિ ઝડપાઈ

**દમણ,તા.૧૩:** સંઘપ્રદેશ દમણ પોલીસ દ્વારા નશાકારક પર્દાથના સેવનથી લોકોને બચાવવાની પહેલ અંતર્ગત આજે દમણ જિલ્લામાં આવેલ ત્રણ બાર એન્ડ રેસ્ટોરન્સમાં છાપો મારતા ૧૪ હુક્કા પાઈપ અને ફેવર બોક્ષ મળી આવતા દમણમાં ગેરકાયદે હુક્કા બાર ચલાવનારાઓમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે દમણ પોલીસે ફુડ ઈન્સ્પેક્ટરની ટીમને સાથે રાખી દમણ જિલ્લામાં આવેલ બાર એન્ડ રેસ્ટોરન્સ તેમજ હોટલોમાં ગેરકાયદે ચાલતા હુક્કા બાર અંગેની તપાસ હાથ ધરી હતી જે અંતર્ગત તેઓને ડાભેલના તેજલ બાર, નાની દમણના કારમોસ બાર, કેસી બારમાંથી નશાકારક પર્દાથ અને તેનું સેવન કરવાની સામગ્રી મળી આવી હતી જેમાં ૧૪ નંગ હુક્કા, ૧૧ બોક્ષ હુક્કા ફેર, ૧૮ નંગ હુક્કા પાઈપ કબજે કરી કાર્યવાહી હાથ ધરાઈ છે. જો કે પોલીસે બાર એન્ડ રેસ્ટોરન્સ અને દુકાનદારને કોઈપણ જાતની પરમીશન વગર હુક્કા બાર ચલાવનાર સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવી આપવામાં આવી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**